રાજકોટ મહાનગરપાલિકા

અંદાજપત્ર

વર્ષ : ૨૦૧૬-૧૭

રાજકોટ મહાનગરપાલિકા

અંદાજપત્ર ૨૦૧૬–૨૦૧૭

અનુક્રમણિકા

નં.	વિગત	ભાગ	પાના નં.
૧.	મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની નોંધ		૦૧ થી ૨૫
૨.	મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની દરખાસ્ત		૨૬ થી ૩૬
૩.	સ્થાયી સમિતિના ચેરમેનશ્રીની નોંધ		૩૭ થી ૪૩
૪.	સ્થાયી સમિતિનાં ઠરાવ		૪૪ થી ૫૫
૩.	કોર્પોરેશન ફંડ એકત્રીત અંદાજપત્ર		૦૧ થી ૦૧
૪.	**મહેસુલી અંદાજપત્ર**	ભાગ–૧	
	–મહેસુલી આવક અંદાજપત્ર	૧–અ	૦૨ થી ૦૮
	–મહેસુલી ખર્ચ અંદાજપત્ર	૧–બ	૦૯ થી ૩૨
૫.	**મુડી અંદાજપત્ર**	ભાગ–૨	
	–મુડી આવક અંદાજપત્ર	૧–અ	૩૩ થી ૩૫
	–મુડી ખર્ચ અંદાજપત્ર	૧–બ	૩૬ થી ૪૪
૬.	**અનામત અંદાજપત્ર**	ભાગ–૩	
	–એસ્ટાબ્લીશમેન્ટ શેડયુલ		૪૫ થી ૪૭
	–અસાધારણ દેવું અંદાજપત્ર		૪૮ થી ૪૮
	–પેન્શન ફંડ અંદાજપત્ર		૪૯ થી ૪૯

પ્રાસ્તાવિક.

To transform Rajkot into a Sustainable, Modern, Affordable, Resilient and Technology-Driven (SMART) city where all its citizens get an enabling environment to fulfil their dreams and aspirations by provision of quality infrastructure and efficient service delivery; a city where citizens actively collaborate with government to improve their lives and the future of the city.

"રાજકોટ શહેરને સસ્ટેનેબલ, મોડર્ન, એફોર્ડેબલ, રેઝિલિયન્ટ અને ટેકનોલોજી ડ્રિવન (SMART) સિટી બનાવવા કે જ્યાં શહેરોનાં સૌ નાગરિકોને સુચારૂ વાતાવરણથી તેમનાં પોતાનાં સપનાઓ તથા આકાંક્ષાઓ સાકાર થાય તે માટે ગુણવત્તા યુક્ત માળખાકીય સુવિધા અને કાર્યક્ષમ સેવાપૂર્તિ મળી શકે, એવુ શહેર કે જ્યાં શહેરનાં નાગરિકો સરકાર સાથે મળીને સક્રિય ભાગીદારીથી તેઓનાં જીવનધોરણમાં તથા શહેરનાં ભાવિમાં સુધારો લાવી શકશે."

આપણે સૌ એ હકિક્તથી વાકેફ છીએ કે, રાજકોટ શહેરને "સ્માર્ટ સિટી" બનાવવાની દિશામાં રાજકોટ મહાનગરપાલિકાએ પોતાનું પ્રથમ ડગલું તો આજથી દોઢેક વરસ પૂર્વે જ માંડી દીધુ હતું. ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ મહાનગરપાલિકાએ "સ્માર્ટ સિટી પ્રોજેક્ટ" લોન્ચ કરી મુખ્ય ૧૦ લક્ષ્યાંકો/હેતુઓ નિર્ધારીત કર્યા હતાં. શહેરમાં મુખ્યત્વે પાયાની મૂળભૂત સુવિધાઓ, માળખાને સુદ્રઢ બનાવવાની દિશામાં આ ૧૦ હેતુઓ પર શ્રેણીબધ્ધ કાર્યો શરૂ થતા જ નાગરિકોને ધીરે ધીરે તેના પ્રાથમિક પરિણામો દેખાવાનું શરૂ થયું હતું.

દરમ્યાન કેન્દ્ર સરકારશ્રીએ તા.૦૨-૧૦-૨૦૧૪ થી ભારતમાં "સ્વચ્છ ભારત અભિયાન" લોન્ચ કરી સૌ દેશવાસીઓને "ખૂબસૂરત રાષ્ટ્ર" ની કલ્પનાને સાકાર કરવા એક નવી જ દિશા બતાવી, આ ઉપરાંત તા.૨૫-૦૬-૨૦૧૫ ના રોજ કેન્દ્ર સરકારશ્રીએ "સ્માર્ટ સિટી પ્રોજેક્ટ" લોન્ચ કરી શહેરોની કાયાકલ્પ કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું.

અહીં નોંધપાત્ર વાત એ છે કે, રાજકોટવાસીઓએ તો એક-દોઢ વરસ અગાઉથી જ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટેની તૈયારી શરૂ કરી દીધી હતી, જેની ફળશ્રૃતિ રૂપે જુદા જુદા ક્ષેત્રોમાં નોંધપાત્ર સુધારાઓ જોવા મળવા લાગ્યા. જેનું ઓવરઓલ પરિણામ એ આવ્યું કે, કેન્દ્રના "સ્માર્ટ સિટી પ્રોજેક્ટ" માટેનો સુદ્રઢ પાયો બનાવી લેવામાં રાજકોટ શહેર અગ્રેસર રહ્યું.

ભારત સરકારશ્રીનાં શહેરી વિકાસ મંત્રાલય દ્વારા તા.૨૫/૦૬/૨૦૧૫નાં રોજ સમગ્ર ભારતનાં ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવેલ. જે પરત્વે ગુજરાત રાજ્યમાં કુલ-૬ શહેરોને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાનું આયોજન થયેલ છે.

સ્માર્ટ સિટી મિશનની માર્ગદર્શિકાનાં માપદંડો મુજબ રાજકોટ શહેરને ૧૦૦માંથી ૯૨.૫ ગુણ પ્રાપ્ત થતા રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકોટ શહેરની ગુજરાત રાજ્યનાં કૂલ ૬ શહેરો પૈકી રાજકોટ શહેરની સ્માર્ટ સિટી તરીકે વિકસાવવા પસંદગી થયેલ છે. પસંદગી પામેલ શહેરોને કેન્દ્ર સરકારશ્રી તરફથી દર વર્ષે સ્માર્ટ

સિટી મિશનની માર્ગદર્શિકા મુજબ ₹ ૧૦૦ કરોડનું અનુદાન મળવાપાત્ર છે તેમજ તેટલી જ રકમ રાજ્ય સરકારશ્રી/સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાએ ફાળો આપવાનો રહેશે. પસંદગી પામેલ શહેરોએ સ્માર્ટ સિટી યોજનાનાં અમલીકરણ માટે સ્પેશીયલ પર્પઝ વ્હિકલ (SPV) બનાવવાનું પણ થાય છે.

સ્માર્ટ સિટીની માર્ગદર્શિકા મુજબ દરેક શહેરની પસંદગી બે તબક્કામાં થનાર છે. જેમાં પ્રથમ તબક્કામાં ગુજરાત રાજ્યનાં શહેરોએ સ્માર્ટ સિટીની માર્ગદર્શિકા મુજબ Annexure 3:થી માંગવામાં આવેલ માપદંડોનાં આધારે મેળવેલ ગુણ મુજબ અનુક્રમે પ્રથમ ૬ શહેરોને રાજ્ય સરકારશ્રી દ્વારા સ્માર્ટ સિટી તરીકે પસંદગી કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા પસંદગી કરાયેલા ૬ શહેરોને બીજા તબક્કામાં રાષ્ટ્રીય લેવલે નોમિનેટ કરવામાં આવેલ હતા. પ્રથમ તબક્કામાં ULB તરફથી રજુ થનાર સ્માર્ટ સિટી મિશનની માર્ગદર્શિકા મુજબ ફોર્મ નં-૨: સ્કોર કાર્ડનાં પાર્ટ-૫ મુજબ **રાજકોટ શહેરને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની ચુંટાયેલી પાંખ દ્વારા ઠરાવ કરવામાં આવેલ.** જે ઠરાવ રાજ્ય સરકારશ્રીને મોકલવામાં આવેલ છે. સ્માર્ટ સિટી મિશનની માર્ગદર્શિકા મુજબ બીજા તબક્કામાં રાષ્ટ્રીય લેવલે સ્માર્ટ સિટી ચેલેન્જ સ્ટેજ-૨ રાઉન્ડમાં પસંદગી થવા માટે સ્માર્ટ સિટી પ્રપોઝલ તા.૧૪/૧૨/૨૦૧૫નાં રોજ રાજ્ય સરકારશ્રીની હાઇપાવર્ડ સ્ટીયરીંગ કમિટી દ્વારા મંજૂરી મળતા તા.૧૫/૧૨/૨૦૧૫નાં રોજ ભારત સરકારશ્રીનાં શહેરી વિકાસ મંત્રાલય-નવી દિલ્હી ખાતે રજુ કરવામાં આવેલ છે.

નાણાંકીય આયોજન

બજેટ તૈયાર કરતા એવું સમજાય છે કે, રાજકોટ શહેરની પાણીની જરૂરીયાત સંતોષવા નર્મદાનું પાણી મેળવવા માટે રાજ્ય સરકારશ્રીને ચુકવવામાં આવતો ચાર્જ તથા જનરલ રેવન્યુ ખર્ચ વધારે થાય છે. જેને પરિણામે બજેટમાં અંદાજીત ₹૯૦ કરોડની ખાધ (ડેફીસીટ) આવે છે. ખાધને પહોંચી વળવુ ખૂબ જ જરૂરી છે અને ખાધ પૂર્તિ માટે નીચે મુજબનાં પગલાઓ આવશ્યક જણાય છે.

૧. હાલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વસતા દરેક કુટુંબને સમાન ધોરણે નિયત માત્રામાં પાણીનો જથ્થો ઉપલબ્ધ થાય તે માટે "સ્કાડા" સીસ્ટમની અમલવારી કરવા મક્કમગતિએ આગળ વધી રહ્યુ છે. ઉપરાંત, જળાશયોના ક્ષમતા વર્ધનની કામગીરી હાથ ધરી છે, જે પ્રગતિમાં છે. જોકે એ પણ યાદ રાખવુ જરૂરી છે કે, રાજકોટ મહાનગરપાલિકાની પાણીની જરૂરીયાત સામે તેની ઘટ રહે છે. જેને લઇ ઉનાળાની સિઝન દરમિયાન સરકારશ્રી પાસેથી નર્મદાનું પાણી વિશેષ પ્રમાણમાં ઉપાડવાનું થાય છે. મ.ન.પા.દ્વારા પુરા પાડવામાં આવતા પાણીનો ચાર્જ વધારવો આવશ્યક બનેલ છે. જે ધ્યાને લઇ ચાલુ સાલે હાલ પાણી ચાર્જ (કેટેગરી વાઇઝ) વધારવા દરખાસ્ત કરેલ છે.

૨. ઉપરોક્ત બાબતે સરકારશ્રીને રજુઆત કરવામાં આવેલ છે કે, પાણી અછત દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા ૧૬૦ એમ.એલ.ડી. થી વધુ પાણી ઉપાડે તો તેનો ચાર્જ સરકારશ્રી માફ કરે. જે સરકારશ્રીમાંથી મંજુર થશે તેવી પૂર્ણ આશા છે. જેને લઇ અંદાજીત ₹૪૫ કરોડના બદલે ₹૩૫ કરોડનો ખર્ચ થવાનો પ્રાથમિક અંદાજ છે.

૩. હાલના અને ભાવિ સંજોગોને નજર સમક્ષ રાખતા રાજકોટ મહાનગરપાલિકાનો રેવન્યુ ખર્ચ ઘટાડવો આવશ્યક બની જાય છે. આગામી સાલે અલગ અલગ શાખાનાં રેવન્યુ ખર્ચને ગંભીરતાપૂર્વક તપાસી તેમના પ્રાથમિક અંદાજો કરતા લગભગ ₹૧૫ કરોડનો કાપ મૂકવામાં આવેલ છે.

૪. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણી વિતરણ માટે અમલી "સ્કાડા" સીસ્ટમની અમલવારી તથા વખતો વખતની પાણી ચોરી અટકાવવા માટે ખાસ ચેકિંગ ઝુંબેશ દરમિયાન એવુ ધ્યાને આવેલ છે કે, હાલ બીન નોંધાયેલા કનેક્શનો મોટી માત્રમાં પકડાય છે.ભૂતિયા નળ કનેક્શન ધારકો પાસે પુરતા પ્રમાણમાં ડોક્યુમેન્ટ ન હોવાનું તપાસ દરમિયાન જોવાયુ છે. જેના નિરાકરણ માટે ભૂતિયા નળ કનેક્શન તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીમાં રેગ્યુલરાઇઝ કરવા દરખાસ્ત છે. આ મુદત પૂર્ણ થયે ધ્યાને આવતા બીન અધિકૃત નળ કનેક્શન ધારકોને આકરા પગલા રૂપે ₹૧૦,૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવા કરવા માટે પ્રસ્તાવ છે.

ઉપરાંત, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્તમાન નિર્વાચિત નગર સેવકોને તેમના વોર્ડમાં વિકાસનાં કામો સુચવવા માટે ₹૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, તેમાં ઘટાડો કરી ₹૫ લાખ કરવા તથા વોર્ડમાં સાઇન બોર્ડ તથા બાંકડાઓની સુવિધા માટે ઉપરોક્ત ગ્રાન્ટની ૧૦%થી વધારે રકમ વાપરી શકાય નહી, તેવો પ્રસ્તાવ મુકાયેલ છે. બચત થતી આ રકમ અન્ય લોક ઉપયોગી કાર્ય માટે વાપરી શકાય તેવો ઉમદા આશય આ પ્રસ્તાવ પાછળ રહ્યો છે.

(રકમ ₹ લાખમાં)				કમિશનરશ્રીએ સૂચવેલ	
વિગત	૨૦૧૨-૧૩ ખરેખર	૨૦૧૩-૧૪ ખરેખર	૨૦૧૪-૧૫ ખરેખર	૨૦૧૫-૧૬ રીવાઇઝ	૨૦૧૬-૧૭ અંદાજ
રેવન્યુ બજેટ	૩૧૦૫૬.૮૩	૩૬૧૪૯.૧૩	૩૬૯૧૪.૬૯	૪૭૭૬૪.૯૪	૫૧૧૬૦.૬૯
કેપિટલ બજેટ	૨૨૮૭૦.૬૪	૩૧૮૫૧.૨૯	૪૭૭૪૯.૦૯	૬૩૩૩૬.૩૩	૧૪૬૨૩૬.૩૮
અનામત બજેટ	૧૫૧૦.૨૫	૧૯૦૬.૨૩	૫૨૯૯.૮૫	૩૩૫.૦૦	૪૪૦.૦૦
કુલ	૫૫૪૩૮.૦૨	૬૯૯૦૬.૬૫	૮૯૯૬૩.૬૩	૧૧૪૪૩૬.૨૭	૨૦૧૮૩૭.૦૭

કર પ્રસ્તાવ

રાજકોટ શહેરે છેલ્લા દોઢ દાયકામાં વિકાસની દિશામાં ઉત્તોરોત્તર હરણફાળ ભરી છે. સ્વાભાવિક રીતે જ, જાહેર માલ મિલ્કતો અને અન્ય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત અમલમાં મૂકાયેલ વિવિધ પ્રોજેક્ટ અને યોજનાઓ હેઠળ ઉપલબ્ધ બનેલી ઉપરોક્ત સુવિધાઓ લાંબા સમય સુધી જાહેર લોક હિતાર્થે કાર્યરત રહે તે માટે તેની યોગ્ય જાળવણી પણ એટલી જ જરૂરી છે. જે તે પ્રોજેક્ટ માટે સરકારશ્રી પાસેથી મળેલી ગ્રાન્ટમાં રાજકોટ મહાનગરપાલિકાએ પોતાનો આર્થિક હિસ્સો ઉમેર્યા બાદ સાકાર થયેલ પ્રોજેક્ટની જાળવણી કરવાનો ખર્ચ પણ ભોગવવો પડી રહ્યો છે. માત્ર એટલું જ નહીં પરંતુ, આ ખર્ચમાં દર વર્ષે વધારો પણ થતો જાય છે.

આ ઉપરાંત, મહાપાલિકાએ ભોગવવાના થતા અન્ય આવશ્યક ખર્ચાઓમાં પણ પ્રતિ વર્ષ વધારો થતો હોય છે; જેના પરિણામે મહાનગરપાલિકાની તિજોરી ઉપર અસહ્ય આર્થિક ભારણ સર્જાયેલુ જ છે. જેને પહોંચી વળવા જે તે કર અને દરમાં યોગ્ય વધારો કરવા અને એક નવો દર ઉમેરવા તંત્ર ના-છુટકે મજબૂર

બન્યુ છે. સ્માર્ટ સિટીની માર્ગદર્શિકા મુજબ ગ્રાન્ટ મેળવવા માટે મહાપાલિકાએ જે તે સેવા પુરી પાડવા માટે દર વસુલવાનું રહે છે.

આ પગલાંઓ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાએ રાજ્ય સરકારશ્રી પાસેથી જકાત નાબૂદીના બદલામાં મળતી ગ્રાન્ટમાં વખતો વખત યોગ્ય પ્રમાણમાં વધારો કરવા રજૂઆત કરી છે.

કર અને દરમાં સૂચવવામાં આવેલા ફેરફારોની વિગત નીચે મુજબ છે.

૧. પાણી દર :

રાજકોટ શહેરના જળાશયોમાં પર્યાપ્ત માત્રામાં જળ રાશી ઉપલબ્ધ ન હોય ત્યારે પીવાનાં પાણીની જરૂરીયાતને પહોંચી વળવા સામે તેની ઘટ રહે છે. એવી જ રીતે ઉનાળાની સિઝન દરમિયાન સરકારશ્રી પાસેથી નર્મદાનું પાણી વિશેષ પ્રમાણમાં ઉપાડવાનું થાય છે. અહીં એ ખાસ ધ્યાન પર મૂકવું રહ્યુ કે,

વૈશ્વિક સ્તર પર પાણીની સેવા બદલ ચાર્જ વસુલ કરવમાં આવે છે. જ્યારે અહીં આપણી પરંપરા જુદી છે. રાજકોટમાં હાલ પ્રત્યેક નળ કનેક્શન દીઠ મ.ન.પા. દ્વારા આશરે ₹૩,૦૦૦/- જેવો ખર્ચ કરવામાં આવે છે. આ દ્રષ્ટિએ જોઇએ તો તેની સામે આવક માત્ર આશરે ૨૫% જેવી જ છે. એટલે એ સમજી શકાય કે પૂરા પાડવામાં આવતા પાણી બદલ પ્રત્યેક નળ જોડાણ દિઠ આપવામાં આવતી ૭૫% જેવી ભારેખમ સબસિડીમાં આંશિક ઘટાડો કરવો અને ચાર્જની રિકવરી ૨૫%થી વધારી ૫૦% સુધી લઇ જવી આવશ્યક બનેલ છે.

આ બાબત ધ્યાને લઇ આગામી નાણાંકીય વર્ષમાં પાણી ચાર્જ (કેટેગરી વાઇઝ) વધારવા દરખાસ્ત કરેલ છે. જેમાં રહેણાંક હેતુ માટેનાં નળ જોડાણ માટે પ્રવર્તમાન પ્રતિ વર્ષ દર ₹૮૪૦/- ને બદલે ₹૧૬૮૦/- તથા બીન રહેણાંક નળ જોડાણ માટે હાલનાં ₹૧૬૮૦/- બદલે ₹૩૩૬૦/- વસુલવા પ્રસ્તાવ છે.

૨. વાહન વેરો

રાજકોટ શહેરમાં દર વર્ષે સરેરાશ આશરે ૫૫,૦૦૦ જેટલા મોટર કાર અને દ્વિચક્રી વાહનોનો ઉમેરો થઇ રહ્યો છે. આ વાહનો પર હાલ નજીવો વાર્ષિક વેરો વસુલવામાં આવે છે, તેમાં યાંત્રિક વાહનો માટે બેઝિક કિંમતનાં ૨% લેખે તથા સી.એન.જી. ઇંધણ વાળા વાહનો માટે ભરવાપાત્ર વાહન વેરાના ૫૦% જ (એટલે કે ૧%) લેખે વેરો વસૂલવા અને ઇલેક્ટ્રિક વાહનને સંપૂર્ણ વેરા મુક્તિ આપવા દરખાસ્ત છે.

૩. ખુલ્લા પ્લોટનો વેરો :

શહેરમાં અલગ અલગ સ્થળોએ રહેલા ખુલ્લા પ્લોટ ન્યુસન્સ પોઇંટમાં પરિવર્તિત થઇ જતા હોય છે. મહાપાલિકાએ આવકના હેતુથી નહીં પરંતુ, આવા પ્લોટમાં થતી ગંદકી અટકાવવાનાં આશયથી ખુલ્લા પ્લોટ પર પ્રતિ ચો.મી. દિઠ ₹૭/- લેખે વેરો વસુલવામાં આવે છે. જેમાં હવેથી ૫૦૦ ચો.મી. સુધીના પ્લોટમાં પ્રતિ ચો.મી. દિઠ ₹૧૪/- લેખે અને ૫૦૦ ચો.મી.થી વધુનો પ્લોટ હોય તો પ્રતિ ચો.મી. દિઠ ₹૨૧/- લેખે વસૂલવા દરખાસ્ત છે.

૪. થીએટર ટેક્સ

હાલ મહાપાલિકા દ્વારા પ્રત્યેક શૉ દિઠ ₹૫૦/- લેખે થીએટર ટેક્સ વસુલવામાં આવે છે. જે આગામી નાણાંકીય વર્ષથી એક શૉ દિઠ ₹૧૦૦/- કરવા પ્રસ્તાવ છે.

નવા કર પ્રસ્તાવ

૧. ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ

આંતરરાષ્ટ્રિય સ્તરે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન માટે ચાર્જ વસુલ કરવામાં આવતો જ હોય છે. અત્યાર સુધી રાજકોટ મહાનગરપાલિકા એવી પ્રણાલીને અનુસરતુ રહ્યુ છે જેમાં, સામાન્ય રીતે પહેલા ચાર્જ વસુલવામાં આવે અને પછી સેવા આપવામાં આવે છે. જોકે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનનાં કિસ્સામાં તંત્રએ સર્વ પ્રથમ સેવા આપવાનો અભિગમ અપનાવ્યો છે અને હવે ચાર્જ વસુલવામાં આવે. શહેરમાં ૧૦૦% ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન પ્રણાલી કાર્યરત કરેલી છે.

આ વ્યવસ્થા સુચારૂ રૂપે કાર્યરત રહે તે માટે તેનાં ખર્ચને પહોંચી વળવુ પણ એટલુ જ આવશ્યક ગણાય. સબબ, પ્રત્યેક રહેણાંક મકાન દિઠ રોજના ₹૧/- લેખે તથા બીન રહેણાંક મકાન દિઠ રોજના ₹૨/- લેખે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ વસુલ કરવાનો પ્રસ્તાવ રજુ છે.

વિઝન સ્ટેટમેન્ટને પરિપૂર્ણ કરવા નિર્ધારીત કરેલ લક્ષ્યાંકો

Sustainable Rajkot

આવો બનાવીએ રાજકોટને ભારતનું સ્વચ્છ શહેર નં.૧

સ્વચ્છ રાજકોટ

ભારતના માન. પ્રધાન મંત્રીશ્રીએ ૨-ઓકટોબર, ૨૦૧૪ ના રોજ "સ્વચ્છ ભારત અભિયાન" લોન્ચ કર્યું. જેમાં માત્ર શહેરો અને ગ્રામ્ય વિસ્તારોને માત્ર સફાઇ-સ્વચ્છતા પ્રત્યે સજાગ કરવાનો જ નહીં, પરંતુ તમામ નાગરિકોના આચાર-વિચારમાં આમૂલ પરિવર્તન લાવવાનો ઉમદા હેતુ રહેલો છે.

કેન્દ્ર સરકારશ્રી તરફથી આ મિશન હેઠળ શહેરોની સ્વચ્છતાની પરિસ્થિતિનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી તેને રેન્કિંગ આપવાનું નક્કી કરાયેલ છે મહત્તમ ૧૦૦૦ ગુણના આધાર પર કેન્દ્રની ટીમ દ્વારા સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. અહીં એ પણ યાદ કરાવવું રહ્યું કે, રાજકોટ શહેર ૧૦૦૦ માંથી આશરે ૩૦૦ ગુણ મેળવી શકે તેવી સ્થિતિ બીજી ઓક્ટોબર ૨૦૧૪નાં રોજ હતી. જોકે ત્યાર બાદ "સ્વચ્છ ભારત મિશન" તેમજ "ગતિશીલ ગુજરાત" લક્ષ્યાંકો પૈકી આજે રાજકોટ શહેર ૧૦૦૦ માંથી ૮૦૦થી વધુ ગુણ મેળવી શકે તેવી મજબુત સ્થિતિ પ્રાપ્ત કરી ચુક્યું છે.

અહીં એ ઉલ્લેખ પણ કરવો રહ્યો કે, શહેરમાં ઘનકચરાનું તેના સોર્સ સ્થાનેથી જ લોકો દ્વારા હજુ વર્ગિકરણ થતું ન હોવાથી તેનો યોગ્ય નિકાલ થતો નથી. તેનો યોગ્ય નિકાલ કરવા માટે તેનુ સોર્સ સ્થાનેથી જ વર્ગિકરણ કરવુ જરૂરી છે. જે કાર્ય તમામ નગરજનો અને મહાનગરપાલિકાએ સાથે મળીને જ કરવું પડશે તે દિવા જેવી સ્પષ્ટ વાત છે. રાજકોટ શહેરને કેન્દ્ર સરકારશ્રી દ્વારા સ્વચ્છતાની બાબતમાં ઉચ્ચત્તમ રેન્કિંગ પ્રાપ્ત થાય અને આપણે સૌ યશના હક્કદાર બનીએ એવી તંત્રને આશા છે.

"રાજકોટ શહેરને ભારતનું સ્વચ્છ શહેર નં.૧" બનાવવાનું છે. આ પડકાર કેટલો મોટો છે તે આપણે સૌ ખુબ સારી રીતે સમજીએ છીએ, અને તેમાં સફળતા પ્રાપ્ત કરવા શહેરમાં તમામ ૨૮૪ મિનિ ટીપર વાહન મારફત ૧૦૦ ટકા ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. તમામ મિનિ ટીપર વાહનમાં જી.પી.એસ. સીસ્ટમ ફીટ કરવામાં આવેલ છે. શહેરમાં કુલ ૧૩૩૦ બંધ કચરા પેટી હતી. હાલમાં કુલ ૩૦૨ બંધ કચરા પેટી છે. જે આગામી વર્ષમાં ઘટાડીને ૨૨૦ કરવામાં આવનાર છે. આ તમામ બંધ કચરા પેટીઓ કાઉ પ્રૂફ બનાવવામાં આવેલ છે.

ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન

શહેરમાં કે.એસ.ડીઝલ નજીક તેમજ ૧૫૦ફુટ રિંગ રોડ પર એમ કુલ-૨ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન કાર્યરત છે. આગામી વર્ષમાં કોઠારિયા ખાતે વધારાનું એક સેમિક્લોઝ્ડ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન ₹ ૧૧૦૦ લાખનાં ખર્ચે બનાવવામાં આવશે.

રાત્રી સફાઇ કામગીરી

રાત્રી દરમિયાન સફાઇમાં ૯ માર્ગો કોન્ટ્રાક્ટ તેમજ ૭ માર્ગો મહાનગરપાલિકાના સફાઇ કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે. શહેરનાં મુખ્ય માર્ગોના ડિવાઇડરોની સફાઇ કુલ ૭ ટ્રક માઉન્ટ સ્વિપિંગ મશિનો દ્વારા

કરવામાં આવે છે. આગામી વર્ષમાં વધારાનાં કુલ ૧૨ નંગ સ્વિપિંગ મશિન ₹૮૪૦ લાખનાં ખર્ચે ખરીદવામાં આવશે.

સ્વચ્છ વોર્ડ હરીફાઇ

સ્વચ્છ ભારત મિશનનો સંદેશ જન જન સુધી પહોંચે, જાહેર સ્વચ્છતાની બાબતમાં દરેક નાગરિકનાં વિચારોમાં રચનાત્મક પરિવર્તન આવે અને લોકો તથા તંત્રનાં સહીયારા પ્રયાસોથી આપણું રંગીલુ રાજકોટ એકદમ સ્વચ્છ અને રળિયામણું બનાવી રાખવાના આશય સાથે ઝોન દિઠ સ્વચ્છતા સ્પર્ધાની જોગવાઇ રજુ કરેલ છે. જેમાં **દરેક ઝોન દીઠ સૌથી સ્વચ્છ જાહેર થનારા પ્રથમ ત્રણ વોર્ડને અનુક્રમે ₹૧ કરોડ, ₹૫૦ લાખ અને ₹૨૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવેલ છે.**

સફાઇ કાર્ય પ્રણાલીનું સુદ્રઢીકરણ અને વિકેન્દ્રીકરણ

સ્વચ્છ વોર્ડ હરિફાઇની સાથે વધુ સારા પરિણામો મેળવવા દરેક વોર્ડને એક પ્લાનિંગ એકમ તરીકે ગણવામાં આવશે. આ એકમ પાસે પોતાના જ વિવિધ મશિનો જેવા કે, જે.સી.બી., ડમ્પર, સ્વિપિંગ મશિન, જેટિંગ મશિન, મોબાઇલ ટોઇલેટ વગેરેનો સમુહ હશે. જેની મદદથી પોતાના વોર્ડમાં સફાઇ કાર્ય સુવ્યવસ્થિત ઢબે હાથ ધરી શકાશે. આ સમગ્ર એકમ વોર્ડ કમિટિનાં વડપણ હેઠળ કાર્ય કરશે. આ સમગ્ર પ્રણાલી કાર્યરત થતાં સ્વચ્છ ભારત મિશનને પણ મહાપાલિકા ન્યાય આપી શકશે.

દેશનું પ્રથમ જાહેર શૌચ ક્રિયાથી મૂક્ત શહેર બનશે રાજકોટ

આપણે સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હાથ ધર્યો ત્યારે નક્કી કરાયેલા વિવિધ ૧૦ લક્ષ્યાંકો પૈકી એક એવા "જાહેર શૌચ ક્રિયાથી મૂક્ત શહેર" લક્ષ્યાંકની દિશામાં રાજકોટ શહેરે ગત સાલ ૨૦૧૫માં ખરેખર મોટી હરણફાળ ભરી હતી, તેવું લાગે છે. ગત તા. ૨ ઓકટોબરે મહાપાલિકા શહેરના કુલ ચાર વોર્ડને તો "જાહેર શૌચ ક્રિયાથી મૂક્ત વોર્ડ" તરીકે જાહેર કરી જ ચૂકયું છે. આ પરિણામો જોઇને તંત્ર ચોક્કસપણે એવો લક્ષ્યાંક નિર્ધારીત કરવા પ્રેરાયુ છે કે, "સને ૨૦૧૬માં જ રાજકોટને દેશનું સર્વપ્રથમ જાહેર શૌચ ક્રિયાથી મૂક્ત શહેર બનાવું."

જાહેર શૌચ ક્રિયાથી મૂક્ત શહેરના લક્ષ્યાંકની વાત કરીએ ત્યારે આપણે દેશના એવા શહેરોને તુલના માટે નજર સમક્ષ રાખીએ કે જેની વસતિ દસ લાખ કે તેથી વધુ હોય. આવા શહેરોનું કેન્દ્ર સરકારશ્રી તરફથી પણ સતત ડિટેઇલ્ડ મોનિટરિંગ થઇ રહ્યું છે. આ અંગે નવા વર્ષમાં બાકી અધુરૂ કાર્ય સફળતા પૂર્વક સંપન્ન કરી જ શકીશું, એવી આશા છે. સ્વચ્છતા બાબત લોકોની માનસિકતા, ટેવ કે કૂટેવ સાથે સંકળાયેલી છે. "સ્વચ્છ રાજકોટ" ની કલ્પના શહેરનાં નાગરિકોનો સ્વચ્છતા પ્રત્યેનો ખ્યાલ બદલાય, માનસિકતામાં અપેક્ષિત પરિવર્તન આવે અને ટેવો-કૂટેવો બદલાય તેવી જબરદસ્ત જનજાગૃતિ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને ખરા અર્થમાં સ્વચ્છ બનાવવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- કુલ ૧૧૭૧૬ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે.
- કુલ ૧૦૫ પે એન્ડ યુઝ ટોઇલેટ કાર્યરત છે.
- કુલ ૪૬ કોમ્યુનિટી ટોઇલેટ કાર્યરત છે. જેમાં લોકો પાસેથી કોઇપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી.

- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ ૨૦ જેટલા મોબાઇલ ટોઇલેટ ખરીદ કરવામાં આવેલ છે. સ્વચ્છતા જળવાય તે માટે પ્રસંગોપાત મોબાઇલ ટોઇલેટ ફરજિયાત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.
- કુલ ૧૦૦ જેટલા પ્રિફેબ્રિકેટેડ ટોઇલેટ ખરીદ કરવામાં આવેલ છે. પ્રિફેબ્રિકેટેડ ટોઇલેટ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રાખવામાં આવશે.

જાહેર શૌચ ક્રિયાથી મૂક્ત થનાર પ્રત્યેક વોર્ડ માટે ₹૫૦ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટની જોગવાઇ મુજબ આ હેતુ માટે કુલ ₹૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

સોલાર સિટી રાજકોટ

સોલાર સિટી તરીકે કેન્દ્ર સરકારશ્રીના પ્રોજેક્ટ હેઠળ પસંદગી પામેલા રાજકોટ શહેરમાં સૌર ઉર્જાનો મહત્તમ ઉપયોગ થાય, તે માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત સંસ્થાઓ સાથે મળી પ્રોજેક્ટનાં ભાગ રૂપે અગાઉ પૂર્વ ઝોન ઓફિસ ખાતે ૫૦ KW અને પશ્ચિમ ઝોન ઓફિસ ખાતે ૭૦ KWનાં ઓન ગ્રીડ રૂફ ટોપ સોલાર પાવર પ્લાન્ટ બેસાડવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭માં શહેરમાં અલગ અલગ સ્વિમિંગ પૂલો, મ્યુનિસિપલ બિલ્ડીંગો વિગેરે જગ્યાએ ૧૮ વોટ સોલાર L.E.D. સ્ટ્રીટ લાઇટ મુકવા માટે ₹૧૫.૦૦ લાખ તેમજ શહેરમાં સેન્ટ્રલ ઝોન ઓફિસ બિલ્ડીંગ ખાતે ₹૬૦.૦૦ લાખ નાં ખર્ચે ૭૫ KW તેમજ સેન્ટ્રલ ઝોન સિવિક સેન્ટર ખાતે ₹૨૦.૦૦ લાખનાં ખર્ચે ૨૫ KW તથા કૃષ્ણનગર સિવિક સેન્ટર ખાતે ₹૨૦.૦૦ લાખનાં ખર્ચે ૨૫ KW મળી કુલ ₹૧૧૫.૦૦ લાખનાં ખર્ચે ઓન ગ્રીડ રૂફ ટોપ સોલાર પાવર પ્લાન્ટ બેસાડવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાના ત્રણેય ઝોનમાં આવેલ સ્વિમિંગ પૂલોમાં રૂફ ટોપ સોલાર પાવર પ્લાન્ટ બેસાડવાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જે કામે ₹૪૦.૦૦ લાખનો ખર્ચ મળીને કુલ ખર્ચ ₹૧૫૫.૦૦ લાખનો થવાનો અંદાજ છે.

આ ઉપરાંત, મહાપાલિકાના પ્રદ્યુમ્ન પાર્ક પ્રાણી સંગ્રહાલયમાં પાણીનાં પમ્પિંગ માટે હાલ થતાં વિજળી વપરાશમાં બચત થઇ શકે તે માટે સોલાર પમ્પ ખરીદવામાં આવશે. આમ આગામી સમયમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સૌર ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરી કાર્બન એમિશનમાં ઘટાડો થાય તે હેતુ માટે કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઇકો મોબિલિટી

અશુધ્ધ પર્યાવરણ અને તેનાથી મળતા હાનિકારક પરિણામોએ ગંજાવર વૈશ્વિક સમસ્યા છે. આ પડકારનો સામનો કરવા માટે વિવિધ સ્તરેથી પ્રયાસો થઇ રહ્યા છે. અલબત આ કાર્યમાં લોક સહયોગ એ સૌથી મહત્વનું પરિબળ બની રહે છે. આપણે સૌ અત્યારથી જ પર્યાવરણની જાળવણી માટે સજાગ થઇશું અને તે માટેના પ્રયાસોમાં ભાગીદારી કરીશું, ત્યારે જ ભાવિ પેઢીને આપણે સ્વચ્છ, રળિયામણું અને સલામત પર્યાવરણ સુપરત કરી શકીશું. આ દ્રષ્ટિએ જોઇએ તો સૌથી મોટી જવાબદારી આપણે સૌએ જ નિભાવવાની થાય છે.

એવું જણાય છે કે, રાજકોટ શહેરની પ્રવર્તમાન સ્થિતિ હજુ એટલી બધી પણ ખરાબ નથી થઇ કે તેમાં સુધારાને કશો અવકાશ ના રહે. હાલની પરિસ્થિતિમાં અત્યારથી જ ક્રમશઃ સુધારો લાવવા માટે મહાપાલિકાએ Eco Mobility નો વિકલ્પ ગંભીરતાપૂર્વક અપનાવ્યો છે. આપણે એક એવી પરિવહન પ્રણાલી પ્રસ્થાપિત કરવા માટે આગળ ધપી રહ્યા છીએ કે જે સ્વચ્છ પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ થાય.

તાજેતરમાં જ ઇલેક્ટ્રિક બસ રાજમાર્ગો પર દોડતી કરવામાં આવી છે, જેના આપ સૌ સાક્ષી છો. પ્રદૂષણ રહીત શહેર માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી સમયમાં ઇલેક્ટ્રિક બસ તથા ઇલેક્ટ્રિક/સી.એન.જી. રીક્ષાઓ ચલાવવાના આયોજનના ભાગ રૂપે શહેરમાં પ્રાયોગિક ધોરણે ઇલેક્ટ્રિક બસ માટે ટ્રાયલ રન પણ ચાલુ છે. તેમજ શહેરના ગીચ વિસ્તારો કે જયાં હાલ સાંકડા રસ્તાઓને કારણે સિટી બસ સંચાલન શકય ન હોય તેવા વિસ્તારોમાં ઈ-રીક્ષા મારફત પ્રદૂષણ રહીત પરિવહન સેવા પુરી પાડવાનુ આયોજન કરવામાં આવેલ છે. આ ઉપરાંત આગામી વર્ષમાં સ્માર્ટ સિટી મિશન અન્વયે નીચે મુજબની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે.

- ઇલેક્ટ્રિક બસની ખરીદી માટે ₹૫ કરોડ બજેટ જોગવાઇ કરેલ છે.
- મ.ન.પા.ના અધિકારીઓ/કર્મચારીઓને અપાતા ટ્રાન્સપોર્ટ એલાઉન્સમાં ૫૦% કાપ મુકી તેના વિકલ્પે સિટી બસના પાસ અપવામાં આવશે જેનાથી કુલ ₹૯૦ લાખ જેવી રકમ બચશે. એવી જ રીતે ફિલ્ડ ડ્યુટી બજાવતા અધિકારી/કર્મચારીઓને અપાતુ વાહન ભથ્થુ હવેથી સંપૂર્ણ બંધ કરવા સુચવેલ છે. જેનાથી આશરે ₹૮૫ લાખની બચત થશે. વાહન ભથ્થાના બદલામાં ઇલેક્ટ્રિક સ્કૂટર વસાવવામાં આવશે.
- મ.ન.પા. દ્વારા સરકારી કામ માટે ઇલેક્ટ્રિક સ્કૂટર, ઇ-રીક્ષા અને CNG વાહનની ખરીદી માટે ₹૧ કરોડની જોગવાઇ કરેલ છે.
- આવનારા સમયમાં મ.ન.પા.ના સ્ટાફને બાઇસિકલ ખરીદી પર સબસિડી, ઇ-બાઇક ખરીદી માટે વ્યાજ મૂક્ત લોન અને હવેથી કાર લોન માત્ર CNG કાર માટે જ આપવામાં માટે આવશે.
- શહેરનાં વિવિધ વોર્ડમાં ટ્રાફિક પ્રશ્નો હળવો કરવા અને લોકો સાઇકલ વપરાશ તરફ પ્રેરિત થાય તે માટે જે તે વોર્ડમાં શક્યતા ચકાસી ડેડિકેટેડ સાઇકલ ટ્રેક બનાવવામાં આવશે.

Street Lights ને LED માં રૂપાંતરિત કરવી

શહેરમાં સ્ટ્રીટ લાઈટ સુવિધા આપવામાં રાજકોટ મહાનગરપાલિકા રાજ્યમાં મોખરે છે. હાલ રાજકોટ શહેરમાં સોડિયમ લાઇટ, ટ્યુબ લાઇટ તેમજ LED લાઇટો મળી કુલ ૫૨,૦૦૦ જેટલી સ્ટ્રીટ લાઇટની સુવિધા આપવામાં આવે છે. હાલ P.G.V.C.L. ના જે થાંભલા ટ્રાફિકને નડતરરૂપ હતાં તે કોઇ પણ ખર્ચ વગર ૭૦૦ થાંભલા દૂર કરાવી શક્યા છીએ.

આ વર્ષમાં રૈયા રોડ પર તથા ૧૫૦ ફુટ રિંગ રોડ પર નાના મવા સર્કલથી નાના મવા ગામ થઇને કાલાવાડ રોડ સુધીના રોડ પર સેન્ટ્રલ LED લાઇટિંગ પ્રોજેકટમાં એસ્ટ્રોનોમિકલ ટાઇમર મુકવામાં આવેલ છે. રાજકોટ શહેરની તમામ ૫૨,૦૦૦ જેટલી હયાત સ્ટ્રીટ લાઇટો ઉપરાંત રાજકોટ શહેરમાં નવા ભળેલ વિસ્તારો વાવડી તથા કોઠારિયામાં હયાત સ્ટ્રીટ લાઇટોની જગ્યાએ LED લાઇટો ESCO આધારિત પ્રોજેક્ટ કાર્યાન્વિત થયે રોશની વિભાગના સ્ટ્રીટલાઇટના એનર્જી બિલમાં વાર્ષિક ₹૨૪૦ લાખનો ઘટાડો થવા સંભવ છે.

- હાલનો કુલ વિજ વપરાશ ખર્ચ (અંદાજીત) ₹૬૦૦ લાખ.
- ESCO પ્રોજેકટ કાર્યાન્વિત થયે ૪૦ ટકા એનર્જી સેવિંગ ગણતા થનાર વાર્ષિક બચત (અંદાજીત) ₹૨૪૦ લાખ.

Modern Rajkot

કોઇપણ આધુનિક શહેર વિવિધ ખાસિયતો અને લાક્ષણિકતાઓ ધરાવતુ હોય છે. જેમાં શહેરને માત્ર ભૌતિક સુખ સુવિધાઓથી જ મૂલવવામાં આવતુ નથી હોતુ પરંતુ, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિકાસની દ્રષ્ટિએ પણ નિહાળવામાં આવે છે. રાજકોટને આધુનિક શહેર બનાવવાની પરિકલ્પનાને સાકાર કરવા આપણે આગળ ધપી રહ્યા છીએ ત્યારે, શહેરીજનો ખેલકૂદ સહિતની રચનાત્મક પ્રવૃત્તિઓ થકી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થતા અને સુસજ્જતા ધરાવતા હોય તે ખૂબ જ ઇચ્છનિય છે.

રાજકોટ સ્પોર્ટ્સ પ્રમોશન ફાઉન્ડેશન અંગેના SPV ની રચના

રાજકોટ મહાનગરપાલિકા તથા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત પ્રયાસથી ઉપરોક્ત SPVની રચના કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાનો ૫૦% ઇક્વિટી ફાળો ₹૧૦ કરોડ રહેશે. આ માટે જરૂરી જોગવાઇ કરવામાં આવશે.

રમશે રાજકોટ - એક નવી પહેલ

રાજકોટ મહાનરગપાલિકાના એવા સ્તુત્ય પ્રયાસો રહે છે કે, આપણું શહેર વિવિધ ક્ષેત્રોમાં પોતાની એક નવી આગાવી ઓળખ ઉભી કરી શકે. આવા જ પ્રયાસો અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાએ એક નવી ખડતલ પહેલ કરવાનો નિર્ણય કર્યો છે. જેની મૂળભૂત થીમ છે "રમશે રાજકોટ".

દરેક ઝોનમાં ખેલ સંકુલ અને દરેક વોર્ડમાં Mini Sports-plex

રાજકોટ મહાનગરપાલિકા ઇચ્છે છે કે, શહેરમાં ખેલકૂદ પ્રવૃતિનો વ્યાપ છેવાડાના વિસ્તાર સુધી પ્રસરે આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનમાં ખેલ સંકુલનું નિર્માણ કરવામાં આવશે, ઉપરાંત તમામ વોર્ડમાં એક-એક મિનિ ખેલ સંકુલ બનાવવામાં આવશે. જેમા પારંપરિક ખેલ જેવાકે, ખોખો, કબડ્ડી, દોડ, ઉપરાંત શકય હોય ત્યાં ક્રિકેટ અને અન્ય રમતો રમવાની સુવિધા ઉભી કરવામાં આવશે.

રાજકોટ રમતોત્સવ

"રમશે રાજકોટ" ની આ પહેલ થકી રાજકોટ શહેરને ખેલકૂદની પ્રવૃત્તિમાં અત્યંત સક્રિય બનાવવા અને તેના માધ્યમથી શહેરીજનોમાં સ્વાસ્થ્ય, શિસ્તબધ્ધતા અને ખેલદિલીની ભાવના પ્રબળ બનાવવા "રાજકોટ રમતોત્સવ" નું આયોજન કરવા તંત્ર આગળ ધપશે.

હાફ મેરેથોન

"રમશે રાજકોટ" ની નવી પહેલ પર વાત કરતા પૂર્વે એ ઉલ્લેખ કરીએ કે, ગત સપ્તાહમાં "રાજકોટ હાફ મેરેથોન" નું અભૂતપૂર્વ આયોજન કરી આપણા શહેરે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પોતાનું નામ જરૂર ગજાવ્યું છે. આ સફળ આયોજનનું સંપૂર્ણ શ્રેય રાજકોટના નાગરિકોને જાય છે. આવતા વર્ષે રાજકોટ મહાનગરપાલિકા "હાફ મેરેથોન" ના આયોજન થકી આશરે ₹૨ થી ૩ કરોડની નવી આવક થવાનો અંદાજ છે.

મેટ્રો રેલ માટે પ્રિફિઝિબિલિટી અભ્યાસ

રાજકોટ શહેર એક ખરેખર મોટા પ્રોજેકટની દિશામાં એક નાનકડું પણ ખુબ જ મક્કમ ડગલું માંડવા આગળ ધપી રહયું છે. એ જણાવતા અત્યંત હર્ષ થાય છે કે, રાજકોટ મહાનગરપાલિકાએ શહેરમાં મેટ્રો રેલ (MRT/LRT)ની સુવિધા આપવા માટે શકયતા ચકાસણી કરવા દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશન (D.M.R.C.) સાથે સંપર્ક કર્યો છે. ડી.એમ.આર.સી. દ્વારા પ્રિફિઝિબિલિટી અભ્યાસ કરી આપવાનો પ્રસ્તાવ રાજકોટ મહાનગરપાલિકાને મોકલી આપવામાં આવ્યો છે. ₹૫ લાખના ખર્ચે થનારા આ અભ્યાસના જે તારણો પ્રાપ્ત થશે તેના પરથી રાજકોટ મહાનગરપાલિકા પોતાની આગળની નીતિને અંતિમ સ્વરૂપ આપશે.

રાજકોટ શહેરમાં ૨૪ કલાક પાણી વિતરણ

કેન્દ્ર સરકારશ્રીના સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ શહેરમાં દરરોજ ચોવીસે કલાક પાણી વિતરણ કરવાનું રહે છે. રાજકોટ મહાનગરપાલિકાએ ધીમા પરંતુ મક્કમ ડગલાં આ દિશામાં માંડ્યા છે. અગાઉ અન્યત્ર થયેલા અભ્યાસ પરથી એટલું ફલિત થઇ શકયું છે કે ૨૪X૭ પાણી વિતરણ પ્રોજેક્ટનો અમલ શરૂ થયાના પ્રારંભિક સમયગાળામાં પાણીનો વપરાશ થોડો વધે છે. પરંતુ ત્યારબાદ લોકો નિશ્ચિત બનતા જળ વપરાશની માત્રા ઘટી જતી હોય છે. ચંદ્રેશનગર અને તેની આજુ બાજુના (જુના વોર્ડ નં.૧૩ (પાર્ટ) તથા ૧૪ આંશિક) ન્યારી ઝોન હેઠળના વિસ્તારોને આવરી લેવામાં આવેલ છે. આ પાઈલોટ પ્રોજેક્ટ હેઠળ આ વિસ્તારમાં ચંદ્રેશનગર ઈ.એસ.આર. થી પાણી વિતરણ થાય તે રીતે નવું ડી.આઈ. પાઈપલાઈનનું નેટવર્ક તૈયાર કરવામાં આવેલ છે. તેમજ આ વિસ્તારોમાં તમામ શેરીઓમાં ૧૦૦મી.મી. ડાયામીટર પાઈપલાઈનનું ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ પર લેવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ માટે આગામી વર્ષમાં ₹૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

વીરાંગના એક્સપ્રેસ

વયસ્કો, બાળકો અને મહિલાઓ માટે સલામત શહેરની કલ્પનાને વ્યાપક અર્થમાં નિહાળવાની આવશ્યકતા છે. આ બાબતને વિવિધ રીતે મૂલવવી જોઇએ. અહીં રાજકોટ મહાનગરપાલિકા મહિલાઓના માધ્યમથી એક એવી વ્યવસ્થાનું સર્જન કરવા ઇચ્છે છે, જેમાં મહિલાઓ પોતાના માટે અને તેના પરિવારજનો માટે તો આર્થિક અને સામાજિક સલામતી તો પ્રાપ્ત કરી જ શકે છે, સાથો સાથ મહિલાઓ, વયસ્કો અને બાળકો માટે પણ સુરક્ષિત માહોલ રચી શકાશે. આ કલ્પના મૂર્તિમંત થવાથી શહેરના સ્વચ્છ પર્યાવરણની જાળવણી કરવામાં પણ મદદ મળશે. આ યોજના સાકાર કરવા રાજકોટ મહાનગરપાલિકા એક મહત્વપૂર્ણ યોજનાને અમલમાં મુકવા જઇ રહી છે,

આ એક એવી યોજના છે જે મહિલાઓ દ્વારા, મહિલાઓ માટે સેવા આપવા તૈયાર કરાયેલ છે. રાજકોટ મહાનગરપાલિકા શહેરની મહિલાઓને ઇલેક્ટ્રિક કાર, ઇલેક્ટ્રિક રીક્ષા, હાઇબ્રીડ કાર અને CNG ટેક્સી ખરીદવા સબસિડી કે લોનની સુવિધા ઉપલબ્ધ બનાવશે. આ યોજના થકી પરિવહન માટે એક નવતર અને સલામત પ્રણાલીનો વિશ્વાસપાત્ર વિકલ્પ શહેરીજનોને પ્રાપ્ત થશે. ઉપરાંત સ્વચ્છ પર્યાવરણની જાળવણીની દિશામાં પણ આ એક મહત્વપૂર્ણ કદમ બની રહેશે. તો વળી, અર્થોપાર્જન થકી મહિલા સશક્તિકરણની દિશામાં પણ નક્કર કામગીરી થઇ શકશે. આ પ્રોજેક્ટ માટે ₹૧૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

કન્વેન્શન સેન્ટર

રાજકોટમાં એક આધુનિક કન્વેન્શન સેન્ટર હોવું જોઇએ તેવી માંગ ઘણા લાંબા સમયથી થઇ રહી છે. રાજકોટ મહાનગરપાલિકા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અનુસંધાને પણ આ પ્રોજેક્ટ હાથ ધરવા માંગે છે. અત્યંત મહત્વપૂર્ણ અને મહત્વકાંક્ષી એવા આ મેગા પ્રોજેક્ટ માટે રાજ્ય સરકારશ્રી પાસે ₹૧૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવા માંગણી કરેલ છે.

ઝૂ ડેવલપમેન્ટ

રાજકોટ ઝૂઓલોજીકલ પાર્ક ખાતે હાલ આધુનિક અભિગમ મુજબનું પ્રાણી સંગ્રહાલય બનાવવામાં આવી રહ્યુ છે. પ્રાણી સંગ્રહાલયનો કુલ વિસ્તાર ૧૩૭ એકર છે. જેમાં મોટા ભાગના વિસ્તારને વૃક્ષારોપણથી આવરી લેવામાં આવેલ છે. આગામી વર્ષમાં રાજકોટ ઝૂઓલોજીકલ પાર્ક ખાતે ઘુડખર, ઇમુ પક્ષી, ભારતીય મોર, સફેદ મોર, પીગ ટેઇલ મકાક, જુદા જુદા ૧૦ પ્રકારના પોપટ માટેના પોપટ ઘર તથા નાના પક્ષી માટે વોક થ્રી એવીયરી, સર્પઘર તથા માછલી ઘર બનાવી વન્ય પ્રાણીઓ-પક્ષીઓને વસાવવાનું આયોજન છે.

તમામ વોર્ડ ઑફિસનું આધુનિકરણ

લોકો સુધી પહોંચવાનાં પ્રયાસ રૂપે તમામ વોર્ડ ઑફિસોમાં મ.ન.પા.ની મોટા ભાગની સેવાઓ આવરી લેવામાં આવશે. જે માટે વોર્ડ ઑફિસોને ₹૩ કરોડનાં ખર્ચે આધુનિક બનાવવામાં આવશે.

તમામ વોર્ડમાં પાર્કિંગ પ્લોટ

ટ્રાફિક સમસ્યામાં રાહત મેળવવાના આશયથી દરેક વોર્ડમાં કમ સે કમ એક પાર્કિંગ પ્લોટની સુવિધા ઉભી કરવાનું આયોજન છે.

ઇલેક્ટ્રિક સ્મશાન

હાલ રાજકોટમાં કાર્યરત પરંપરાગત સ્મશાનો પૈકી બે સ્મશાનોને આગામી વર્ષમાં વિદ્યુત સંચાલિત કરવાનું આયોજન છે. ચાલુ વર્ષે ₹૧૨૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

Affordable Rajkot

સૌના માટે ઘર

રાજકોટ શહેરનો સ્માર્ટ સિટી અંતર્ગત સમાવેશ થયેલો હોય ત્યારે ઝૂંપડપટ્ટી મૂક્ત શહેર બને તે ખુબ જ જરૂરી છે. ઝૂંપડપટ્ટીથી શહેરોમાં અનેકવિધ સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. જેથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી પાંચ વર્ષમાં શહેરના ૧૨૪ સ્લમમાં રહેતા ૧,૮૮,૩૯૧ નાગરિકોને કેન્દ્રસરકાર/રાજ્યસરકાર ની વિવિધ યોજનાઓ હેઠળ પાકા મકાનો તથા રસ્તા, પાણી, ગટર, લાઈટ, બાગ-બગીચા ,દવાખાનાં, શાળા વિગેરે સગવડો સાથે તે જ સ્થળે અથવા અન્ય સ્થળે પાકા મકાનો બનાવી આપી શહેરને ઝૂંપડપટ્ટી મૂકત બનવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

વિવિધ આવાસ યોજનાઓ.

B.S.U.P. III

આ આવાસ યોજના અંતર્ગત રૈયાધાર ખાતે મહાનગરપાલિકાના અનામત પ્લોટમાં થયેલ ઝૂંપડપટ્ટીઓના ઇન સિટુ આવાસ યોજના મંજુર થયેલ છે. રૈયા ધાર ખાતે ૩૬૮ મકાનો અને પોપટપરા ખાતે પણ બે પ્લોટમાં ૧૧૪૪ મકાનો મળીને કુલ ૧૫૧૨ આવાસોની કામગીરી ચાલુ છે. આવતા વર્ષે આ કામગીરી પૂર્ણ કરીને આવાસોનો કબ્જો લાભાર્થીઓને સોંપવાની કામગીરી પૂર્ણ કરવમાં આવશે.

સફાઈ કામદારો માટે આવાસ યોજના

રાજકોટ શહેરને સાફ સુથરું અને રળિયામણું બનાવી રાખવાની અતિ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી રહેલા સફાઈ કામદારોના જીવન ધોરણનું સ્તર ઉંચકાય અને તેમના પરિવારોનો સર્વાંગી ઉત્કર્ષ થાય, તેવા આશયથી મહાનગરપાલિકાએ પેડક રોડ પર ૩૨૦ મકાનો ધરવતી શાનદાર આધુનિક આવાસ યોજના સાકાર કરી આવાસોની સોપણી કરવાની કામગીરી ચાલુ છે. તથા વોર્ડ નં.૩ માં જામનગર રોડ પરના વાલ્મીકી વાડી વિસ્તારમાં સફાઈ કામદારો માટે એક આવાસ યોજના હાથ ધરી છે. જેમાં ૧૯૨ મકાનો બનાવવાનું કામ ઝડપી ગતિએ ચાલુ છે જે પૂર્ણતાના આરે છે. આવતા વર્ષે આ તમામ આવાસોની સોંપણી કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

મુખ્ય મંત્રી ગૃહ યોજના

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત ૪૨૨૬ પૈકી ૭૨૮ તથા ૬૧૬ EWS આવાસોમાં પૂર્ણ થઇ ગયેલ હોઈ તેને સોપવાની કામગીરી ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે. બાકીના મકાનોનું બાંધકામ ચાલુ છે જે ઓગસ્ટ મહિના સુધીમાં પૂરૂ કરવામાં આવશે. પૂર્વ ઝોનમાં EWS પ્રકારના ૧૭૩૬ આવાસો બનાવવા માટે એજન્સીની નિમણુંક કરવામાં આવેલ છે. જેનું બાંધકામ ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવનાર છે.

રાજીવ આવાસ યોજના

આ યોજના ભારત સરકારશ્રી, ગુજરાત સરકારશ્રી અને રાજકોટ મહાનગરપાલિકાના સહિયારા પ્રયાસોથી રાજીવ આવાસ યોજના હેઠળ રાજકોટ મહાનગરપાલિકાનાં રીઝર્વ પ્લોટમાં રહેલી ઝૂંપડપટ્ટીઓ હટાવી તે સ્થળે ઝૂંપડા ધારકોને અદ્યતન સુંદર મકાનો આપવા આયોજન આગળ ધપાવવામાં આવી રહી છે.

જેમા નટરાજ નગરમાં ૨૫૨ કુટુંબોને આવાસોની સોંપણી કરી દેવામાં આવેલ છે. આ ઉપરાંત કીટીપરા, અને ગોકુલનગરમાં કુલ ૬૨૭ આવાસનું કામ આવતા વર્ષે પૂર્ણ કરવામાં આવશે.

શહેરોમાં ફરતા ઘરવિહોણા લોકો માટે આધુનિક રેનબસેરા બનાવવાનું કામ ભોમેશ્વર (૪૪૮ બેડ) ખાતે હાલ ચાલુ છે. તેમજ હોસ્પિટલ ચોક પાસે નાઇટ શેલ્ટર બનાવવાનું કામ પણ શરૂ કરવામાં આવનાર છે.

પી.પી.પી. આવાસ યોજના.

PPP યોજના અંતર્ગત રાજકોટ શહેરમાં સરકારી/મહાનગરપાલિકાની જગ્યાઓ પર થયેલ ઝૂંપડપટ્ટીમાં કે જેનો સ્લમ વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ છે. તેમા વસતા લોકોને રસ્તા, પાણી, ગટર, વિજળી જેવી પાયાની સુવિધાઓ સાથેના આવાસો આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આ યોજનાનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ યોજનામાં ખાનગી એજન્સીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડર મંગાવી તે જમીન તેઓને વિકાસ માટે આપવામાં આવેલ છે. જેનાથી રાજકોટ મહાનગરપાલિકાને ₹૨૨૪.૮૦ કરોડનું પ્રીમિયમ મળશે. જે પૈકી વર્ષ ૨૦૧૫-૧૬માં ₹૯૨.૯૨ કરોડ તથા વર્ષ ૨૦૧૬-૧૭માં ₹૧૩૧.૮૮ કરોડનો અંદાજ છે. આ યોજના હેઠળ અગિયાર સ્લમ વિસ્તારોના કુલ ૨૭૦૦ ઝૂંપડાઓ દુર કરીને તેની જગ્યાએ પાક્કા આવાસો આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

R.M.C. ની "સ્માર્ટ ઘર યોજના"

"સ્માર્ટ ઘર યોજના" અંતર્ગત વોર્ડ નં.૧૩, સ્પીડ વેલ પાર્ટી પ્લોટ પાસે PPP યોજના ભારતનગર A અન્વયે રાજકોટ મહાનગરપાલિકાને જે SEWSમાટે આરક્ષિત પ્લોટ પરત મળેલ છે, તે જગ્યાએ આવાસો બનાવવા કામગીરી હાથ ધરવા કાર્યવાહી ચાલુ છે. આ કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. ટૂંક સમયમાં કામગીરી હાથ ધરવામાં આવશે. આવતા વર્ષે **SMART GHAR** યોજના માટે ₹૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સેવાઓ.

"સ્માર્ટ સિટી રાજકોટ" પ્રોજેક્ટનો આ હેતુ શહેરના માત્ર ગરીબ વર્ગના જ લોકો માટે જ નહિ; પરંતુ સામાન્ય વર્ગના લોકો માટે પણ આશિર્વાદ રૂપ પરિણામો આપી રહેલ છે. આ કાર્યને વધુ એક કદમ આગળ લઈ જઈ હેલ્થ સર્વિસીઝના માળખાને વધુ સુદ્રઢ બનાવી શહેરને શક્ય હોય ત્યાં સુધી રોગચાળાની લપેટથી દૂર રાખવાના પ્રયાસો હાથ ધરેલા છે.

હેલ્થ ઈન્ફાસ્ટ્રક્ચર

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ ૧૯ આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. જે આરોગ્ય કેન્દ્રો જુનવાણી મકાનોમાં કાર્યરત છે. તેના માટે ક્રમશઃ નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. તેમજ જે વિસ્તારો હજૂ આરોગ્ય કેન્દ્રથી વંચિત હોય ત્યાં જરૂરિયાત મુજબ નવા આરોગ્ય કેન્દ્રો બનાવવાનો સિલસિલો આગળ ધપાવવામાં આવશે.

ઉપલા કાંઠા વિસ્તારના નાગરિકોને પ્રસુતિ સેવાઓ, ઓપરેશન સેવાઓ, ઈમરજન્સી સારવાર વગેરે મળતી થાય તે હતુથી એક સામુહિક આરોગ્ય કેન્દ્ર (Community Health Center)ની સ્થાપના કરવામાં

આવશે. જેમાં સ્પેશ્યાલિસ્ટ ડોકટરોની સારવાર ૨૪x૭ ઉપલબ્ધ થશે. જેમાં દર્દીને દાખલ કરીને સારવાર આપવાની સુવિધા ઉપલબ્ધ થશે. ૩૦ બેડની સુવિધા ધરાવતી આધુનિક હોસ્પિટલની સેવા મળતી થશે. જેના માટે આશરે ₹૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ચાલુ વર્ષમાં મહાનગરપાલિકા દ્વારા અપાતી સ્વાસ્થ સેવાઓની ગુણવત્તા સુધારવાના સતત પ્રયત્નોના પરિણામે નાનામવા રોડ પર સ્થિત હેલ્થ સેન્ટરને NABH એક્રેડિટેશન પ્રાપ્ત થયેલ છે. આગામી વર્ષમાં વધુ બે આરોગ્ય કેન્દ્રને NABH એક્રેડિટેશન અપવવા પ્રયાસો હાથ ધરવામાં આવશે.

'બાલ કૂપોષણ સારવાર કેન્દ્ર'ની સ્થાપના

એક અત્યંત મહત્વના પગલા રૂપે ગુજરાત રાજ્યના તમામ કોર્પોરેશનોમાં સૌપ્રથમ એવા 'બાલ કુપોષણ સારવાર કેન્દ્ર' નારાયણનગર આરોગ્ય કેન્દ્ર ખાતે નવેમ્બર-૨૦૧૪માં કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં કૂપોષિત બાળકને માતા સાથે દાખલ કરીને સતત ૧૪ થી ૨૧ દિવસ સુધી ખાસ સારસંભાળ તથા સારવાર આપવામાં આવી રહી છે. નારાયણનગર 'બાલ કુપોષણ સારવાર કેન્દ્ર' માંથી કુલ ૧૪૯ બાળકોને કૂપોષણ માટે સારવાર આપવામાં આવેલ છે.

ચાલુ વર્ષમાં વધુ એક 'બાલ કૂપોષણ સારવાર કેન્દ્ર' સ્વ.શ્રી ચંપકભાઈ વોરા આરોગ્ય કેન્દ્ર ખાતે ઓક્ટોમ્બર-૨૦૧૫ માં કાર્યરત કરવામાં આવેલ છે. સ્વ.શ્રી ચંપકભાઈ વોરા 'બાલ કૂપોષણ સારવાર કેન્દ્ર' માંથી કુલ ૨૧ બાળકોને કૂપોષણ માટે સારવાર આપવામાં આવેલ છે. વધુ એક CMTC વેસ્ટ ઝોન ખાતે કાર્યરત કરવામાં આવશે.

"મુખ્યમંત્રી અમૃતમ યોજના" તથા "મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના"

આ યોજના અંતર્ગત હૃદય, મગજ, કિડની, કેન્સર, ગંભીર રીતે દાઝી ગયેલ, નવજાત શીશુની સર્જરી તથા ગંભીર અકસ્માતના કેસોમાં સુપર સ્પેશ્યાલિસ્ટ કક્ષાની સર્જરી તથા સારવાર વિનામૂલ્યે મળે છે. રાજકોટમાં સિવિલ હોસ્પિટલ(ગંભીર રીતે દાઝી ગયેલ, ગંભીર અકસ્માત), યુનીકેર હોસ્પિટલ (હૃદય), સત્યસાંઇ હોસ્પિટલ (હૃદય), સ્ટર્લિંગ હોસ્પિટલ (હૃદય, મગજ), તથા એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ (કેન્સર), એચ. જે. દોશી હોસ્પિટલ (કીડની), ખાતે આ યોજના અંતર્ગત સારવાર ઉપલબ્ધ છે.

મુખ્યમંત્રી અમૃતમ તથા વાત્સલ્ય કાર્ડ મેળવવા માટે રાજકોટ મહાનગરપાલિકા શહેરી વિસ્તારમાં ઓગસ્ટ-૨૦૧૨ માં નારાયણનગર આરોગ્ય કેન્દ્ર ખાતે સૌ પ્રથમ કિયોસ્ક ચાલુ કરવામાં આવેલ. ત્યાર બાદ માર્ચ-૨૦૧૪ માં કબીરવન અને ભગવતીપરા આરોગ્ય કેન્દ્ર ખાતે કિયોસ્ક ચાલુ કરવામાં આવેલ. ચાલુ વર્ષ જુલાઈ-૨૦૧૫ માં નંદનવન આરોગ્ય કેન્દ્ર તેમજ સપ્ટેમ્બર-૨૦૧૫ માં જંકશન પ્લોટ આરોગ્ય કેન્દ્ર ખાતે કિયોસ્ક ચાલુ કરવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષમાં વધુ ત્રણ કિયોસ્ક કાર્યરત કરવામાં આવશે.

રાજકોટ શહેરી વિસ્તારમાં મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં આજ દિન સુધીમાં ૩૬,૯૬૧ કાર્ડ તેમજ મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજનામાં ૧૬,૧૪૧ કાર્ડ લાભાર્થીને વિતરણ કરવામાં આવેલ છે.

પાણીજન્ય, ખોરાકજન્ય, વાહકજન્ય રોગ સામે અટકાયતી પગલા.

મચ્છરજન્ય રોગ અટકાયત માટે મેલેરીયા શાખા દ્વારા બાયલોઝ અંતર્ગત મચ્છર ઉત્પત્તિ સબબ ₹૧૮,૫૦,૦૦૦/- જેટલો વિક્રમસર્જક વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો. ૧૨,૦૦૦ જેટલા આસામીઓને

મચ્છર ઉત્પત્તિ સબબ નોટીસ આપવામાં આવી. તેમજ ૩૦ જેટલી ચેકિંગ સ્કવોડ તથા રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા ૩,૦૬૪ ઇન્ડસ્ટ્રીઝ, ૧,૪૫૧ કન્સ્ટ્રક્શન સાઈટ, ૫૨૮ હોસ્પિટલો, ૬૪૪ કોમ્પલેક્ષ, ૫૧૪ શાળા / કોલેજ, ૪૫૭ હોટલો તથા અન્ય ૯૨૪ સંસ્થાઓની મુલાકાત તથા પોરાનાશક કામગીરી કરવામાં આવી. સાથો સાથ "ડ્રાય ડે ઉજવણી" નો નવતર પ્રયોગ – જુદા જુદા વોર્ડમાં ૭૦,૩૧૫ ઘરોની મુલાકાત લઈ ૧૩,૧૭૯ જેટલા મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરવામાં આવ્યો તથા જનતાને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું.

સ્ટાફ મેડિક્લેઇમ યોજના

હાલ મહાનગરપાલિકાના કર્મચારીઓને તબીબી સારવાર અર્થે થયેલ ખર્ચના બીલો રજૂ કર્યેથી પ્રવર્તમાન સ્થાયી સમિતિના ઠરાવ મુજબ ખર્ચની રકમ નિયમાનુસાર રીએમ્બર્સ કરી આપવામાં આવે છે. આગામી નાણાંકીય વર્ષમાં કર્મચારીઓને કેશલેસ તબીબી સારવાર મળી રહે, તે હેતુથી કોઈ એક એજન્સી/કંપની/સંસ્થા નિયત કરી કર્મચારીઓને ગ્રુપ મેડીકલ ઈન્સ્યોરન્સ હેઠળ આવરી લેવાનું આયોજન છે.

સૌને પરવડે તેવી પરિવહન સેવાઓઃ

ભારત સરકારશ્રીની "National Urban Transport Policy" અંતર્ગતરાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને પરવડે તેવી શહેરી પરિવહન સેવા પુરી પાડવાના હેતુથી શહેરના ૧૫૦ ફુટ રિંગ રોડ પર ડેવલપ કરવામાં આવેલ ૧૦.૭૦ કી.મી. લંબાઇના BRTS બ્લ્યુ કોરિડોર પર ૧૦ એ.સી. બસો દ્વારા તારીખ ૦૧-૧૦-૨૦૧૨ થી BRTS બસ સેવા તથા સમગ્ર રાજકોટ શહેર તથા આજુબાજુના રહેણાંક ઔદ્યોગિક તથા શૈક્ષણિક સંકુલોને આવરી લેતા કુલ ૪૫ રૂટ પર ૬૦ મોટી બસ તેમજ ૩૦ સ્ટાન્ડર્ડ બસ દ્વારા તારીખ ૧૦-૧૦-૨૦૧૩ થી સિટી બસ સેવા પુરી પાડવામાં આવે છે. આ બન્ને શહેરી પરિવહન સેવાને સંકલીત કરી તેનુ વધુ સારૂ વ્યવસ્થાપન થઇ શકે તે હેતુ થી BRTS બસ સેવા માટે બનાવવામાં આવેલ રાજકોટ રાજપથ લિ. (રાજકોટ મહાનગરપાલિકાની ૧૦૦ ટકા માલીકીની કંપની)માં તા.૦૧-૦૪-૨૦૧૫ થી તેનુ એકીકરણ કરી તેનુ સંચાલન રાજકોટ રાજપથ લિ. ને સોપવામાં આવેલ છે. તેમજ આ સેવાના આધુનિકરણ તથા સંચાલન માટે જરૂરી નાણાંકીય જોગવાઇઓ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે.

રાજકોટ શહેરમાં વ્યકિતગત વાહનોની સંખ્યા ખુબજ બહોળા પ્રમાણ હોય તથા શહેરમાં ઓટો રીક્ષાઓ તથા શટલ રીક્ષાઓનો વ્યાપક પ્રમાણમાં શહેરીજનો દ્વારા પરિવહન હેતુ ઉપયોગ કરવામાં આવતો હોય, લોકોને માસ ટ્રાન્સપોર્ટનો ઉપયોગ માટે પ્રેરિત કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને પરવડે તેવા ટિકિટના દરો બન્ને પરિવહન સેવા માટે રાખવામાં આવેલ છે. વધુમાં સિટી બસ સેવા અન્વયે છુટા પૈસાની સમસ્યાને દુર કરવા માટે ટિકિટ ના દર ₹૫, ૧૦, ૧૫, ૨૦ મુજબ નિયત કરી આ ટિકિટ દરોમાં અંદાજીત ૩૦ થી ૩૫ ટકા જેટલો ઘટાડો કરવામાં આવેલ છે. જેથી લોકો આ સેવાનો મહતમ ઉપયોગ કરી શકે.

શહેરી બસ સેવાના મુખ્ય ઉપભોક્તા વિધાર્થીઓ , સિનિયર સિટિઝનો તથા વિકલાંગ વ્યકિતઓને દરમાં ૫૦ ટકા રાહત મળે તે માટે ખાસ કન્સેશન કાર્ડ સીસ્ટમ અમલમાં મુકવામાં આવેલ છે. હાલ આ કાર્ડ સેવાનો દૈનિક અંદાજીત ૮ થી ૧૦ હજાર લોકો દ્વારા લાભ લેવામાં આવે છે.

વધુમાં નિયમીત રીતે લાંબા અંતર માટે તેમજ દિવસ દરમ્યાન એક થી વધુ વખત બસ સેવાનો લાભ લેતા હોય તેવા મુસાફરોને ધ્યાને રાખી ઓપન ટિકિટ માટે ફકત ₹૨૫/- રાખવામાં આવેલ છે. જેનો

દૈનિક સરેરાશ ૧૩૦૦ થી ૧૪૦૦ લોકો દ્વારા લાભ લેવામાં આવે છે. શહેરીજનોની જરૂરીયાત સૌને પરવડે તેવી પરિવહન સેવા આપવા હેતુ કરવામાં આવેલ કામગીરીના પરીણામે હાલ BRTS બસ સેવાનો દૈનિક સરેરાશ ૧૭૦૦૦ થી ૧૮૦૦૦ મુસાફરો તેમજ સિટી બસ સેવાનો ૩૫૦૦૦ થી ૩૮૦૦૦ જેટલા મુસાફરો દ્વારા ઉપયોગ કરવામાં આવે છે.

રાજકોટ રાજપથ લિ. ને ₹૨૪૨૧ લાખ ફાળવવાની જોગવાઇ કરવામાં આવી છે. વધુમાં આવતા વર્ષે ૫૦ જેટલી વધારાની બસ મુકી નવા ૨૫ જેટલા નવા રૂટ શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

સામાજિક માળખાકીય સુવિધાઓ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના ભૌતિક અને આર્થિક વિકાસને વેગ મળે તેવા વિકાસ કાર્યોની સાથોસાથ સામાજિક માળખાકીય વિકાસ માટે પણ વિવિધ કાર્યો હાથ ધરવામાં આવે છે. જેમાં આંગણવાડી, પ્રાથમિક શાળાઓ, મલ્ટિ એક્ટિવિટી સેન્ટર, આરોગ્ય કેન્દ્રો, ૪ રેનબસેરા, સ્વરોજગારલક્ષી તાલીમ કેન્દ્રો, સખી મંડળ વગેરેનો સમાવેશ થાય છે.

સામાજિક માળખાકીય સુવિધાઓમાં મહાનગરપાલિકા સંચાલિત ૩૩૦ આંગણવાડી, ૮૧ પ્રાથમિક શાળાઓ, ૧૯ આરોગ્ય કેન્દ્રો સ્વસ્થ અને તંદૂરસ્ત સમાજના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તો વળી, શહેરમાં જે લોકો નિરાધાર છે, તેઓને રાતવાસો કરવા માટે ચાર સ્થળોએ રેન બસેરા બનાવી તંત્રએ પોતાનો માનવીય અને સંવેદનશીલ ચહેરો ઉજાગર કરેલો છે.

વિશેષમાં ૧૫૦ ફુટ રિંગ રોડ પર મહાપાલિકાએ બનાવેલ મલ્ટિ એક્ટિવિટી સેન્ટરનું ટુંક સમયમાં જ લોકાર્પણ કરવામાં આવશે, જ્યાં બાળકો અને મહિલાઓને ઉપયોગી એવી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાશે.

શહેરનાં યુવા વર્ગને સ્વરોજગારી મેળવવા માટે સક્ષમ અને કૂશળ બનાવવા માટે મહાપાલિકાની પ્રોજેક્ટ શાખા દ્વારા વર્ષઃ ૨૦૧૬-૧૭માં આશરે ૨૦૦૦ (બે હજાર) યુવા ભાઇ-બહેનોને ૪૦૦ થી ૫૦૦ કલાકની તાલીમ મળે તે માટે સ્વરોજગાર તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવશે. જેમાં સી.એન.સી., ટેલી, કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર વગેરેની વિનામૂલ્યે તાલીમ અપાશે. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીના હિસ્સા સાથે NULM હેઠળ તાલીમાર્થી વ્યક્તિદીઠ ₹ ૧૨ હજાર લેખે ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

આ ઉપરાંત પ્રોજેક્ટ શાખા દ્વારા મહિલાઓ માટેના સેલ્ફ હેલ્પ ગૃપ "સખી મંડળો"ની રચના થકી બચત પ્રવૃત્તિ થાય છે અને સરકારશ્રીની આર્થિક મદદથી રિવોલ્વિંગ ફંડ ઉભુ કરવામાં આવે છે, જેનો મહિલા સશક્તિકરણના કાર્યો માટે ઉપયોગ થાય છે. જ્યારે બેરોજગાર યુવા વર્ગને ૭ ટકાના વ્યાજ દરથી ₹ ૨ લાખ સુધીની બેંકેબલ લોન અપાવી તેને પગભર બનાવવાના પ્રયાસો કરવામાં આવે છે.

આજી રિવર ફ્રન્ટ:

રાજકોટ શહેર આજી નદીના બન્ને કાંઠે વિકસેલ શહેર છે. નદીની પૂર્વ તથા પશ્ચિમ બાજુ વિકસેલ છે. જે શહેરની વચ્ચેથી પસાર થાય છે. વર્ષો પહેલા આજી નદી બારે માસ વહેતી હતી, જોકે પછીથી ચોમાસામાં જ પાણી વહે છે. જેને સંપૂર્ણ વિકાસ થાય તે રીતે આજી રિવર ફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ તરીકે હાથ લીધેલ છે. જેનું અંદાજીત ખર્ચ ₹૧૧૭૦ કરોડ થવાની ધારણા છે.

રાજકોટ શહેર માટે નવું નજરાણું બની રહે તેવા સૂચિત નમૂનેદાર આજી રિવર ફ્રન્ટ પ્રોજેક્ટનો વિસ્તૃત પ્રસ્તાવ રાજ્ય સરકારશ્રીને સુપરત કરી મંજુરી મેળવવા રાજકોટ મહાનગરપાકિલા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ મંજુરી પ્રાપ્ત થાય તેવી આશા છે. અલબત તે પૂર્વે આ પ્રોજેક્ટ માટે પાયારૂપ એવી કેટલીક મહત્વની કામગીરી શરૂ કરવામાં આવે તે હિતાવહ છે.

તાજેતરમાં જ રાજકોટ મહાનગરપાલિકાએ આજી નદીના પટમાંથી ૨૨૮ મકાનોનું દબાણ દૂર કરેલ છે. પત્રતા ધરાવતા અસરગ્રસ્તોને વૈકલ્પિક મકાનો પણ ફાળવી દેવાયા છે. રાજકોટ મહાનગરપાલિકાએ ઇન્દિરા બ્રિજથી રામનાથ પરા બ્રિજ સુધીના અંતરમાં આજી નદીના કાંઠે ડિમાર્કેશન કરી સર્વિસ રોડ બનાવવાની કામગીરી હાથ ધરી છે. આ કાર્ય હાલ પ્રગતિમાં છે. આ કામગીરીને એક મોડલ તરીકે નજર સમક્ષ રાખી આજી નદીના બીજા ભાગોમાં કાંઠા પરના ઝૂંપડા દૂર કરવા, ડિમાર્કેશન કરી રિટેઇનિંગ વોલ, નવા દબાણ અટકાવવા, ઇન્ટરસેપ્ટર લાઇન નાંખી ગટરના પાણીને ડિસેન્ટ્રલાઇઝડ વોટર ટ્રીટમેન્ટ કરવામાં આવશે. આ યોજના થકી, આજી નદીનાં પટમાં અનટેનેબલ ઝૂંપડા હોય તેને મકાનો આપવાનું પણ આયોજન છે.

આવતા નાણાંકીય વર્ષમાં તબક્કાવાર કાર્યવાહી કરી શકાય તે માટે ₹૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

સ્થાનિક જળાશયોમાં ક્ષમતા વર્ધન

- **આજી-૧**

જળાશયોમાં જળસંગ્રહ ક્ષમતા વૃધ્ધિ કરવીએ વર્તમાન સમયની માંગ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ પ્રગતિમાં રહેલ ન્યારી-૧ જળાશય માટેનો ક્ષમતાવર્ધન પ્રોજેક્ટ હવે લગભગ પૂર્ણતાના આરે છે ત્યારે આગામી વર્ષમાં આજી-૧ ડેમની જળસંગ્રહ ક્ષમતા વધારવા ગંભીરતાપૂર્વક આગળ ધપવા ઇચ્છે છે. આ માટે ખુબ જ મોટા પાયે આજી-૧ ડેમમાંથી કાંપ બહાર કાઢવાનાં એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટને આગળ ધપાવવામાં આવશે. આ માટે ₹૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

- **ન્યારી-૧**

ન્યારી-૧ ડેમમાં ચોમાસાની ઋતુમાં પાણીની પુરતી આવક થાય છે, ચોમાસાની ઋતુમાં ડેમ છલકાતા વહી જતું પાણી સાવ વેડફાઇ જાય છે. જેથી તેમાં શક્ય તેટલો વધુ જળ જથ્થો બચાવી શકાય એ માટે ડેમની ક્ષમતા વધારવાની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે. ડેમની સંગ્રહ ક્ષમતા વધતા શહેરના વિકાસ પામતા વિસ્તારમાં પીવાનું પાણી પુરૂ પાડી શકાશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયે એ માટેનો

અંદાજીત ખર્ચ ₹૫૪.૦૩ કરોડ રહેવાની ધારણા છે. આવતા વર્ષે આ પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

- **ન્યારી-૨**

રાજકોટ શહેરનું પ્રદૂષિત પાણી તથા ચોમાસા દરમિયાન નદી નાળામાં વહેતુ પાણી આખરે ન્યારી-૨ માં સંગ્રહીત થાય છે. આ પાણીને શુદ્ધ કરીને તેને ઉપયોગમાં લઇ શકાય તે માટેના આ પ્રોજેક્ટ હેતુ માટે આગામી વર્ષમાં ₹૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

કુદરતી આપત્તિ સામે અસરકારક આગોતરી તૈયારી

રાજકોટ મહાનગરપાલિકા, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ જે માત્ર રાજકોટ શહેર જ નહી પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં આગ-અકસ્માત તેમજ કુદરતી આપત્તિઓ વખતે ઈમરજન્સી બચાવ કામગીરી કરે છે. હાલમાં ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ હસ્તક ૬(છ) ફાયર સ્ટેશન તેમજ ગુજરાત સરકાર GSDMA દ્વારા ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર-૦૧ તેમજ આધુનિક સાધન સામગ્રીના મેઈન પાવર ધરાવે છે. તેમજ ચાલુ વર્ષ દરમિયાન એક (૧) નવા ફાયર સ્ટેશનનું નિર્માણ થઇ રહ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકામાં વાવડી, કોઠારીયા ગામના નવા વિસ્તારો ભળતા શહેરનો વ્યાપ વધતા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝની ઈમરજન્સી સેવાની જવાબદારીઓમાં વધારો થયેલ છે. તેમજ મોરબી રોડ વિસ્તારમાં નવું માર્કેટિંગ યાર્ડ, શાળા, કોલેજો તથા રેલનગર વિસ્તારમાં આવાસ યોજનાના બિલ્ડીંગો તથા રહેણાંક સોસાયટીઓનો વ્યાપ વધતા શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી સેવાના વ્યાપમાં વધારો કરવા સાથે વર્ષ ૨૦૧૬-૧૭માં રેલનગર વિસ્તારમાં નવા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝને અદ્યતન તેમજ સક્ષમ બનાવવા માટે રેસ્ક્યુવાન ૦૨ (બે) ખરીદી કરવાનું અંદાજીત ખર્ચ ₹૧.૬૨ કરોડ તથા મલ્ટિપર્પઝ ફાયર ફાઈટર-૦૪, મિનિ ફાઈટર-૦૭, શબવાહિની-૦૪, વ્હિકલ ક્રેઇન-૧, એમ્બ્યુલન્સ-૪ ખરીદી કરવામાં આવશે. જેનો અંદાજીત ખર્ચ ₹૬.૫ કરોડ થનાર છે. ઈમરજન્સી વાહનોનો વધારો તેમજ નવા શહેરના વિસ્તાર મુજબ ફાયર સ્ટેશનો કાર્યરત થશે.

રાજકોટ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ તથા ઈ.આર.સી. સેન્ટર સંયુક્ત રીતે આગના બનાવોમાં વધારો ન થાય તે માટે પબ્લિક જાગૃતિ માટેના કાર્યક્રમો આગામી વર્ષ ૨૦૧૬-૧૭માં કરવાનું આયોજન છે. જેમાં શાળા કોલેજોના વિદ્યાર્થીઓ, એસ.આર.પી. જવાનો, પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો તથા જુદી-જુદી નગરપાલિકાના ફાયરના જવાનોને ફાયર સેફટીની જાણકારી અને ટ્રેનીંગનું આયોજન કરવામાં આવશે. જેમાં ₹ ૩ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

વિકેન્દ્રીત ઘન કચરા નિકાલ વ્યવસ્થા

રાજકોટ મહાનગરપાલિકાની મહત્વપૂર્ણ એવી સ્માર્ટ સોસાયટી યોજનાને સફળ બનાવવા આવી સોસાયટીઓમાં ઘન કચરા પ્રોસેસ ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર ખરીદી માટે ₹ ૨ કરોડની જોગવાઇ કરાઇ છે.

વિકેન્દ્રીત વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ

₹ ૪૦ લાખના ખર્ચે જિલ્લા ગાર્ડન ખાતેના ડીસેન્ટ્રલાઇઝ્ડ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની માફક આવતા વર્ષે અન્ય સ્થળોએ પણ આવા પ્લાન્ટ બનાવવા ₹ ૧ કરોડની જોગવાઇ કરાઇ છે.

ઇ-વેસ્ટ કલેક્શન

૨૧મી સદીમાં ઇલેક્ટ્રોનિક્સ ડીવાઇસનો ઉપયોગ વ્યાપક સ્તરે વધ્યો છે ત્યારે સ્વાભાવિક રીતે જ સમયાંતરે બીન ઉપયોગી કે બીન વપરાશી બની જતા ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણો તેનામાં રહેલી ધાતુઓને કારણે પર્યાવરણને ખૂબ જ હાની પહોંચાડે છે. આ સ્થિતિને નજર સમક્ષ રાખી પર્યાવરણની જાળવણી માટે આવતા વર્ષે ઇ-વેસ્ટ કલેક્શન સીસ્ટમ શરૂ કરવામાં આવશે.

વરસાદી પાણીના નિકાલ માટે અસરકારક ભૂગર્ભ પ્રણાલી

રાજકોટ શહેરમાં વરસાદી પાણીનો નિકાલ શહેરમાં વહેતા વોંકળા મારફત થાય છે. વર્ષ ૨૦૦૦ સુધી શહેરમાં સરેરાશ વરસાદ ૫૦૦ મી.મી. કે તેથી ઓછા હોવાથી અને વરસાદના દિવસો પણ સીઝન દરમિયાન ૪૫ થી ૬૦ જ હોવાથી સ્ટ્રોમ વોટર ડ્રેનેજની જરૂરિયાત ઉપસ્થિત થયેલ ન હતી, પરંતુ વર્ષ ૨૦૦૦ પછી વરસાદની વધતી તિવ્રતા ૫૦૦ મી.મી. થી ૮૪૮ મી.મી. સુધી અને વરસાદી દિવસોના વધવાના કારણે શહેરમાં વરસાદી વોકળાંઓ દબાણ મૂક્ત કરી પાકા બાંધવા તેમજ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નેટવર્ક કરવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

સ્ટોર્મ વોટરના નિકાલ માટે રાજકોટ મહાનગરપાલિકાને પ્રથમ તબક્કે તમામ હયાત વોંકળાઓનું મજબુતીકરણ કરવાની જરૂરિયાત છે. જે માટે વર્ષ ૨૦૧૬-૧૭માં અંદાજે ₹.૩.૫૪ કરોડ, શહેરમાં જે વિસ્તારોમાં પાણી ભરાવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, તેવા વિસ્તારો માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્ક અને પમ્પિંગ સ્ટેશન માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

અસરકારક મોબાઇલ ગવર્નન્સઃ

રાજકોટ મહાનગરપાલિકાની તમામ અદ્યતન માહિતી ઓનલાઇન મળી રહે તે માટે તાજેતરમાં જ નવી વેબસાઇટ તૈયાર કરી લોંચ કરવામાં આવી છે. નજીકના ભવિષ્યમાં મોબાઇલ એપ પણ રીલોંચ કરવામાં આવશે. આ ઉપરાંત દરેક શાખાને સોફ્ટવેર માટે સપોર્ટ, ટ્રેનિંગ આપવા ઉપરાંત સ્ટ્રીટ વેન્ડર માટે, માર્કેટ શાખા માટે સોફ્ટવેર બનાવી વાર્ષિક અંદાજિત ₹૩ કરોડનુ સુચારુ રૂપે કલેકશન થઇ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી. નજીકના ભવિષ્યમાં હોર્ડિંગ બોર્ડ મેનેજમેન્ટ તેમજ ઓનલાઇન હોલ બૂકિંગ માટેનો સોફ્ટવેર લોંચ કરવામાં આવશે તેમજ બધીજ વોર્ડ ઓફિસને એકબીજા સાથે જોડવા માટે (WAN કનેક્ટિવિટી) માટેની કાર્યવાહી પણ અંતિમ તબક્કામાં છે, આ સાથે રાજકોટ મહાનગરપાલિકાની તમામ ઓફિસને જોડી RMC Intranet ચાલુ કરવામાં આવશે.

જીઓ ટેગિંગ ઑફ ક્મ્પ્લેઇન્ટ્સ

રાજકોટ મહાનગરપાલિકાના વહીવટી સુધારાઓના ભાગરૂપે તેમજ શહેરીજનોને વધુ એક સેવા આપવાના આશયથી એક નવી ફરિયાદ નિવારણ પધ્ધતિ લોન્ચ કરવાનું આયોજન છે. આ યોજના છે જીઓ ટેગિંગ ઑફ ક્મ્પ્લેઇન્ટ્સ.....

રાજકોટ મહાનગરપાલિકાની મોબાઇલ એપલીકેશનમા નવો ટેકનોલોજીકલ સુધારો કરી ફરીયાદ નિવારણ પધ્ધતિ ઝડપી બનાવાશે. લોકો જે તે સ્થળની તસવીરસહ ફરીયાદ કરે એ સાથે મ.ન.પા.ને એ સ્થળનું સચોટ લોકેશન પ્રાપ્ત થતા જ તંત્ર સ્થળ પર ઝડપથી પહોચી જે તે ફરિયાદનો નિકાલ કરી શકશે.

ડ્રેનેજ માટે "સ્કાડા" સીસ્ટમ

ચાલુ વર્ષે પાણી પુરવઠા માટે SCADA Systemનો અમલ કરનાર RMC ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ મહાનગરપાલિકા બની છે. હવે આવતા વર્ષે ડ્રેનેજ સીસ્ટમ માટે પણ SCADA નો અમલ કરવા આગામી વર્ષમાં ₹૧ કરોડની જોગવાઇ કરાઇ છે.

એન્ટી સાઇફન ડીવાઇસ

રાજકોટ મહાનગરપાલિકાના વાહનોનાં ઇંધણ વપરાશ પર નિરીક્ષણ રાખવા માટે ₹૨૭ લાખનાં ખર્ચે એન્ટી સાઇફન ડીવાઇસ ખરીદવામાં આવશે. એ જ રીતે જી.પી.એસ. તથા ફ્યુઅલ મોનિટરીંગ સીસ્ટમ દ્વારા વાહનની ઉપયોગિતા ઉપર અંકુશ રાખવામાં આવશે. જેના માટે ₹૭૫ લાખની જોગવાઇ રાખવામાં આવેલ છે.

ફ્યુઅલ ડિસ્પેન્સર

રાજકોટ મહાનગરપાલિકાના વાહનોએ ઇંધણ પુરાવવા મ.ન.પા.ના વર્કશોપ ખાતેનાં પેટ્રોલ પંપે આવ-જા કરવી પડતી હોય છે. જેના પરિણામે જે તે વાહન ઓફિસનાં કામમાં પ્રવૃત્ત થાય તે પૂર્વે જ ઇંધણ પુરાવવા માટેની આવ-જા માં જ સારૂ એવું ઇંધણ ખર્ચી નાખે છે. આ પધ્ધતિમાં એક નવો ફેરફાર લાવવા મહાપાલિકા ઇચ્છે છે. હાલ ૧૫૦ ફૂટ રિંગ રોડ ગાર્બેજ સ્ટેશનથી રોજ ૩૫ વાહનો ઇંધણ પુરાવવા મ.ન.પા.ના

પેટ્રોલ પંપે આવ-જા કરે છે. જેમાં પ્રતિ વાહન રોજ ૨૨ કિ.મી.ની આવ-જા થાય છે અને ઇંધણ પુરાવ્યા બાદ આ વાહન ગાર્બેજનાં કામે પ્રવૃત્ત થાય છે. તેમજ નાકરાવાડી સ્થિત ગાર્બેજ લેન્ડ ફીલ સાઇટ માટે કામ કરતા અર્થ મુવિંગ વ્હિકલ કે જેમાં વધુ પ્રમાણમં ઇંધણનો વપરાશ થાય છે. આ તમામ વાહનોએ ઇંધણ પુરાવવા આવ-જા ન કરવી પડે અને આ બીન ઉત્પાદક પરિવહન પાછળનો ઇંધણનો વપરાશ બચે તે માટે મહાનગરપાલિકા પ્રાયોગિક ધોરણે ૨ (બે) ફ્યુઅલ ડિસ્પેન્સર વ્હિકલ વસાવસે. જે ઉપરોક્ત તમામ વાહનોને ઇંધણ પહોંચતુ કરી આપશે. આ વાહનની ખરીદી પાછળ થનાર ખર્ચ માત્ર આંઠ માસમાં જ ઇંધણ બચતની રકમમાંથી જ નિકળી જશે.

જેટ પેચર ટેકનોલોજીથી રસ્તા મરામત

અત્યાર સુધીનો અનુભવ એમ કહે છે કે, રસ્તા મરામતની પરંપરાગત પધ્ધતિમાં હવે બદલાતા જતા સમયની સાથે આધુનિક ટેકનોલોજી આધારિત પ્રક્રિયાનો ઉમેરો કરવામાં આવે તો વધુ સારા પરિણામ મળી શકે. જેમ કે, જેટ પેચર ટેકનોલોજી અથવા તેની સમકક્ષ એવી અન્ય આધુનિક ટેકનોલોજીથી સજ્જ યંત્ર સામગ્રીના સહારે વૈજ્ઞાનિક પધ્ધતિથી રાત્રીના સમયે રસ્તા પરના ખાડા કે અન્ય પેચનું રીપેરિંગ કરવાનું આયોજન છે. પ્રારંભિક તબક્કે આ પધ્ધતિએ કામ કરવા માટે ₹૧ કરોડની જોગવાઇ કરી છે.

કોલ સેન્ટરનું આધુનિકરણ

રાજકોટ મહાનગરપાલિકાએ લોકોની ફરિયાદોના નિવારણ માટે ૨૪x૭ ધોરણે કોલ સેન્ટર કાર્યરત કરી એક નવી પહેલ કરી હતી. આ કોલ સેન્ટરને વર્તમાન સમયની જરૂરીયાત અને નવી નવી ટેકનોલોજી સાથે કદમ મિલાવવા વધુ આધુનિક અને કાર્યક્ષમ બનાવવામાં આવશે. જેનાથી ફરિયાદ નિવારણ વધુ અસરકારક બનશે. ફરિયાદ નોંધાયા બાદ તેના પર કરવાની થતી કામગીરીનો રિસ્પોન્સ ટાઇમ ઓછો થશે. અધિકારીઓને જે તે ફરિયાદની ત્વરિત જાણ થશે અને છેલ્લામાં છેલ્લી માહિતીનું ફોલોઅપ લઇ શકાશે.

રેકોર્ડ ડિજીટાઇઝેશન અને ફાઇલ કોમ્પેક્ટર

રાજકોટ મહાનગરપાલિકાના સાંચવવા પાત્ર રેકોર્ડનું ડિજીટાઇઝેશન કરવાનું આયોજન છે. જે માટે આગામી વર્ષે ₹૧૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

ડિઝાસ્ટર રિકવરી સાઇટ

રાજકોટ મહાનગરપાલિકાનું મહત્વના કોમ્પ્યુટરાઇઝ્ડ ડેટાની સુરક્ષા માટે યોગ્ય સ્થળે ડિઝાસ્ટર રિકવરી સાઇટ ઉભી કરવામાં આવશે. જે માટે આગામી વર્ષે ₹૧૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે

રાજકોટ મહાનગરપાલિકાની ઉપલબ્ધિઓ

(૧) ચિત્ર નગરી અને ફન સ્ટ્રીટ પ્રોજેકટ

રાજકોટની સાંસ્કૃતિક અને પ્રવાસન સંબંધી એક નવી ઓળખ ઉભી કરવા તથા "સ્માર્ટ સિટી"ને અનૂરૂપ કાર્યો કરવા માટે રાજકોટ મહાનગરપાલિકા અને શહેરના નાગરિકોના એક સમૂહ દ્વારા સ્થપાયેલ "મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ" ના સંયુકત પ્રયાસ રૂપે શહેરને "ચિત્ર નગરી" તરીકે વિકસાવવા એક પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. અત્યાર સુધી શહેરનાં મુખ્ય માર્ગો પર અલગ અલગ જાહેર જગ્યાઓ પર

શાળા/કોલેજ તથા વિવિધ સંસ્થાઓ અને તમામ વય જુથના શહેરી જનોનાં સહયોગથી મોટી સંખ્યામા સામાજિક ઉદેશ્ય દર્શાવતા નયનરમ્ય ચિત્રો દોરવામાં આવેલ છે.

હાલ શહેરીકરણનો દુષ્પ્રભાવ જોતા શહેરમાં બાળકોને રમતના મેદાનો મળવા લગભગ મુશ્કેલ બનેલ છે. જેના નિરાકરણ માટે "ફન-સ્ટ્રીટ" પ્રોજેક્ટ "મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ" ના સહયોગથી શરૂ કરેલ છે. જે અન્વયે રેસકોર્સ ખાતે ખાસ બાળકો માટે વિનામૂલ્યે હાલ લુપ્ત થતી રમતો જેવી કે ખોખો, નારગોલ, દોરડા કુદ વિગેરે સાથે નવી આઉટડોર ગેમ્સ બાળકોને ઉપલબ્ધ કરાવી કાર્યક્રમો યોજવામાં આવે છે, અને તેનો શહેરીજનો મોટા પ્રમાણમાં લાભ ઉઠાવે છે.

(૨) સાઇકલ શેરિંગ પ્રોજેક્ટની કેન્દ્ર સરકારશ્રીના "Best NMT Project" એવોર્ડ માટે પસંદગી

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૧૯-૦૪-૨૦૧૫થી અમલમાં મુકવામાં આવેલ સાઇકલ શેરિંગ પ્રોજેકટ કેન્દ્ર સરકારશ્રીના "Best NMT Project" ના એવોર્ડ માટે પસંદગી પામેલ છે.

આ સાઇકલ શેરિંગ પ્રોજેકટ અંર્તગત તમામ સાઇકલો લોકભાગીદારીથી મેળવી તેને જુદા જુદા ૨૩ સ્થળો પર સાઇકલ શેરિંગ કંટ્રોલ કેબિન પર લોકોના ઉપયોગ માટે મુકવામાં આવેલ છે. મિનિસ્ટ્રી ઓફ અર્બન ડેવલોપમેન્ટ, ભારત સરકાર તરફથી "Award For Best Practice in Urban Transport" અન્વયે "Bi-Cycle Sharing Project" પ્રોજેક્ટ ને "Best NMT Project" તરીકે પસંદગી કરવામાં આવેલ છે.

(૩) સ્વચ્છતા અભિયાન બેસ્ટ પ્રેક્ટિસ ઇન હેલ્થકેર માટે માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે કાયાકલ્પ એવોર્ડ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્યરત ૧૯ આરોગ્ય કેન્દ્રો ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જે અંતર્ગત તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવેલ હતું જે અંતર્ગત તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે સાફ સફાઇ, Signages, ઇન્ફેકશન કંટ્રોલ, સ્કેપ નિકાલ, દર્દીઓને સંતોષ વગેરે બાબતે ખાસ ટ્રેનિંગ આપવામાં આવેલ. કાયાકલ્પ મિશનની ગાઇડલાઇન મુજબ તમામ પગલા લેવાની શરૂઆત કરેલ હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્યરત આરોગ્ય કેન્દ્રોનાં અમલીકરણથી પ્રભાવિત થઇને રાજકોટ મહાનગરપાલિકાને અમદાવાદ ખાતે યોજાયેલ ખાસ સમારંભમાં માન. મુખ્ય મંત્રીશ્રીના શુભ હસ્તે કાયાકલ્પ એવોર્ડ અને ₹.૫૦,૦૦૦/- ના રોકડ પારિતોષિક આપવામાં આવેલ છે.

(૪) "કૂપોષણમુક્ત રાજકોટ"ની કામગીરીને નેશનલ લેવલે સન્માન

રાજકોટ મહાનગરપાલિકાએ બાળકોને કૂપોષણમાંથી બહાર કાઢવાનો જબરો પડકાર ઉપાડી એક ખાસ રણનીતિ અપનાવી હતી, અને તેના જે પરિણામો પ્રાપ્ત થયા છે તેની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઇ અને કેન્દ્ર સરકારશ્રી દ્વારા પ્રશસ્તિ મળી છે. કવોલિટી કાઉન્સીલ ઓફ ઇન્ડિયા, ભારત સરકાર દ્વારા તા.૦૮-૦૮-૨૦૧૫ ના રોજ દિલ્હી ખાતે શીરી ફોર્ટ ઓડિટોરિયમ ખાતે યોજાયેલ "નેશનલ કવોલિટી કોન્ફરનસ" માં "સર્ટિફિકેટ ઓફ મેરિટ" એનાયત કરવામાં આવેલ છે.

(૫) " SKOCH Order of Merit" અને " SKOCH Awards for Excellence" માટે રાજકોટ B.R.T.S. પ્રોજેક્ટની પસંદગી

"સ્કોચ" સંસ્થા દ્વારા નવી દિલ્હી ખાતે લેન્ડ, અર્બન સ્ટ્રેટેજી અને સ્માર્ટ સિટી માટેની કોન્ફરેન્સનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ B.R.T.S. પ્રોજેક્ટને Skoch Awarde-2014 અન્વયે નોમિનેશન કરવામાં આવેલ. જે નોમિનેશન અન્વયે આ એવોર્ડ માટે સમગ્ર ભારતમાંથી કુલ ૬૦૦ થી વધુ નોમિનેશન આવેલ, અને રાજકોટ B.R.T.S. સેવાની ગુણવતા અને શહેરીજનોને અપાતી આધુનિક સુવિધાઓને ધ્યાને લઇ "SKOCH Order of merit" માં રાજકોટ B.R.T.S. પ્રોજેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. આ સિવાય SKOCH Awards for Excellence-2014 માટે પણ રાજકોટ B.R.T.S પ્રોજેક્ટને પસંદ કરવામાં આવેલ છે.

(૬) સ્વિત્ઝરલેન્ડ સરકારે "કેપેસિટીઝ" પ્રોજેક્ટ માટે રાજકોટ શહેરની પસંદગી કરી

થોડા સમય પૂર્વે ભારત ખાતેના સ્વિત્ઝર્લેન્ડના એમ્બેસેડર હિઝ એકસલન્સી ડો. શ્રી લિનસ વોન કેસલમુરે રાજકોટ મહાનગરપાલિકાની મુલાકાત લઇ સ્વિત્ઝર્લેન્ડ સરકારે તેના "લો કાર્બન એન્ડ ક્લાઈમેટ રેઝીલીયન્ટ સિટી ડેવલપમેન્ટ ઇન ઈન્ડિયા" વિષય અંગેના કેપેસિટી બિલ્ડીંગ પ્રોજેક્ટ માટે રાજકોટ શહેરની પસંદગી કરી હોવાની જાણ કરી હતી. આ પ્રોજેક્ટમાં પર્યાવરણ સંતુલન, કાર્બનના પ્રમાણમાં ઘટાડો અને ક્લાઈમેટ ચેન્જને કારણે ઉભા થતા પડકારો ઝીલવા સુસજ્જતા કેળવવા જેવા મુદ્દાઓ પર કાર્ય હાથ ધરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટ માટે થનાર ખર્ચ સ્વિત્ઝરલેન્ડ સરકાર ભોગવશે.

ઉપસંહાર:-

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ-૭૩ અનુસાર દર વરસે અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે. અંદાજપત્ર ફકત એક કાયદાકીય વહીવટી પ્રક્રિયા નહીં બની રહેતા, તે મહાપાલિકાની વાત પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવાનું ઉત્તમ માધ્યમ પણ છે. બજેટ પ્રવર્તમાન વાસ્તવિક પરિસ્થિતિ, આવી રહેલા કે અનુભવાતા બદલાવ અને સંભવિત ભાવિ પરિવર્તનનું વિહંગાવલોકન કરાવે છે. વર્ષ: ૨૦૧૬-૧૭નું બજેટ પણ આપણને કાંઇક આવી જ હકિકતોથી વાકેફ કરાવે છે. જેમાં હાલની અને આગામી સમયની પડકારરૂપ પરિસ્થિતિની ઝલક જોવા મળે છે. લોકોએ તથા મહાનગરપાલિકાએ બદલાતા જતા સમય સાથે તાલ મિલાવી આગળ ધપવું પડશે, અને ત્યારે જ આ પડકારોને ભરી પી શકીશું.

આપણી સૌ સામેના ભાવિ પડકારો ઉપર દ્રષ્ટિપાત કરીએ તો મહાનગરપાલિકાએ કરકસરયુકત અને તેમ છતાં અસરકારક અને પરિણામલક્ષી વહીવટ આપવાનો થશે. સ્વાભાવિક રીતે જ આ માટે કેટલાક આકરા નિર્ણયો લેવા પડશે, અને તેમાં રાજકોટવાસીઓએ સહયોગ પ્રદાન કરવો જ રહ્યો. આપણા શહેરને સાફ સુથરૂ અને રળિયામણું બનાવી રાખવું એ રોજીંદો પડકાર છે. માત્ર ૨૫૦૦ સફાઇ કામદારો શહેરને સ્વચ્છ રાખી ના શકે. લોકોએ પણ જાહેરમાં કચરો નહીં ફેકી સહકાર આપવો પડશે. શહેરના ટ્રાફિક પ્રશ્નનો કમશઃ યોગ્ય ઉકેલ લાવવો એ ખુબ જ મોટો પડકાર છે. આ બંને પ્રશ્નો એવા છે જેનો ઉકેલ ત્યારે જ આવી શકશે જયારે લોકો પોતાના વિચારો અને અભિગમમાં બદલાવ લાવી મહાનગરપાલિકા સાથે હાથ મિલાવે.

. એમ લાગે છે કે, આપણે રાજકોટ શહેરને સ્માર્ટ સિટી બનાવવા સખત જહેમત ઉઠાવી રહ્યા છીએ ત્યારે મહાનગરપાલિકાની ભૂમિકા વધુ ને વધુ વ્યાપક અને ગંભીર બની છે. તંત્રએ શહેરમાં રોડ, લાઇટ, ગટર, સફાઇ જેવી બુનિયાદી કામગીરીથી એક ડગલું આગળ ધપીને વિચારવું પડશે. શહેરની સામાજિક માળખાકીય સુવિધાઓમાં વૃધ્ધિ કરતા રહી તંત્રએ શહેરને સાંસ્કૃતિક દ્રષ્ટિએ પણ સમૃદ્ધ બનાવવું પડશે. રમત ગમત, કલા, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃતિઓ ઉપર પણ ધ્યાન કેન્દ્રીત કરવાનું થશે. આ તમામ બાબતો એવી છે જેમાં વહીવટી તંત્ર અને ચૂંટાયેલા નગરસેવકોના સહિયારા પ્રયાસોથી પ્રત્યેક નાગરિક "આ શહેર મારૂ છે અને તેના વિકાસમાં મારૂ યોગદાન પણ જરૂરી છે" એવી લાગણી જન્માવી શકશે તેવી શ્રધ્ધા છે. સૌનો સાથ મેળવીને રાજકોટ મહાનગરપાલિકા આપણા શહેરને વિકાસના ક્ષેત્રમાં નમૂનેદાર અને અગ્રેસર બનાવવાની અપેક્ષા સાથે બજેટ ૨૦૧૬-૧૭ની તમામ દરખાસ્તો સ્થાયી સમિતિ સમક્ષ સાદર રજુ કરવામાં આવે છે.

વિજય નેહરા IAS
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

તા.૨૮/૦૧/૨૦૧૬

આર.એમ.સી.સી.૪૯૨

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૨૮/૦૧/૨૦૧૬

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

રાજકોટ મહાનગરપાલિકાનું નાણાંકીય વર્ષ સને ૨૦૧૫-૧૬નું રીવાઇઝડ અંદાજપત્ર તેમજ નાણાંકીય વર્ષ સને ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર તૈયાર કરી આ સાથે રજૂ કરેલ છે. જે સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં રજૂ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી) વિજય નેહરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૯૩

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા. ૨૮/૦૧/૨૦૧૬

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે,

વિશેષમાં જણાવવાનું કે જી.પી.એમ.સી એક્ટની કલમ ૧૪૧-બી હેઠળ જનરલ બોર્ડ ના ઠરાવ નં ૫૭ તા૧૮.૦૮.૨૦૧૫ થી નિયમો અને ટેક્ષના દર નિયત કરેલ છે. આ ઠરાવ મંજુરી માટે સરકારશ્રીને મોકલાવેલ છે, જેની મંજુરી હજુસુધી આવેલ નથી. આ નિયમો મુજબ ૦૧.૦૪.૨૦૧૬ થી અમલવારી કરવા માટે પુરતો સમય ન હોઇ આ નિયમોની અમલવારી ૦૧.૦૪.૨૦૧૭ થી કરવાનુ નિયત કરીએ. અને ત્યા સુધી હાલની પધ્ધત્તિ મુજબ વેરાની વસુલાત કરવાની રહેછે.

આમ જી.પી.એમ.સી એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯ તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે જે નીચેની વિગતે દર્શાવેલ છે.

૧. સામાન્ય કર :

સને ૨૦૧૬-૧૭ ના વર્ષ દરમ્યાન, જમીનોની તથા મકાનોની કિંમતોની નીચે જણાવેલ દરો મુજબ સામાન્ય કર લેવા દરખાસ્ત છે. જેમાં બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૧૩૨ માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુક્ત રહેશે. નીચે કોલમ-૧ માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીન ઉપરનો સામાન્ય કર કોલમ-૨ માં દર્શાવ્યા મુજબનો રહેશે.

કરપાત્ર કિંમત	સામાન્ય કરના દર
કોલમ-૧	કોલમ-૨
રૂા.૦ થી વધુ રૂા.૬૦૦ સુધી	**કરમુક્ત**
રૂા.૬૦૧ થી વધુ રૂા. ૨૦૦૦ સુધી	૧૨ %
રૂા.૨૦૦૧ થી વધુ રૂા.૫૦૦૦ સુધી	૧૫ %
રૂા.૫૦૦૧ થી વધુ રૂા.૭૦૦૦ સુધી	૨૩ %
રૂા.૭૦૦૧ થી વધુ રૂા.૧૦,૦૦૦ સુધી	૨૫ %
રૂા.૧૦,૦૦૧ થી વધુ માટે	૩૦ %

૨. થીયેટર ટેક્ષ :

આ માટે અલગથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

૩. ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ :

આ માટે અલગથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

૪. ફાયર ટેક્ષ :

સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર સને ૨૦૧૫-૧૬ ના વર્ષ માં જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૫ થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

૫ વાહન કર :

આ માટે અલગથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

૬. દિવાબતી કર :

સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે દિવાબતી કરના દર જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૫ થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

૭. સફાઇ કર :

સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે સફાઇ કરના દર સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષ માં જ.બો.ઠ.નં.૫૩ તા. ૧૬/૦૨/૨૦૧૫ થી મંજુર થયા મુજબ યથાવત રહેશે.

૮. પાણી દર :

આ માટે અલગથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

૯. ડ્રેનેજ ટેક્ષ :

સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે સને જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૫ થી મંજુર થયા મુજબ યથાવત રહેશે.

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઠરાવ કરાવશો.

(સહી) વિજય નેહરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૯૪

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૨૮/૦૧/૨૦૧૬

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની રકમ મિલ્કત ધારકો પોતાની ભરવાપાત્ર રકમ માટે પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નિકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાઈથી મળી રહે તે માટે નીચે મુજબ વળતર યોજના જાહેર કરવા દરખાસ્ત છે :-

(૧) નવાં નાણાંકીય વર્ષમાં વસુલાત શરૂ કર્યાની તારીખથી ૩૧ મે ૨૦૧૬ સુધીમાં સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જનું વ્યાજ/નોટિસ ફી સહીતની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૬-૧૭ની સામાન્યકર, સફાઈકર ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની રકમનાં ૧૦% વળતર આપવું.

(૨) ઉપરોકત (૧)માં જણાવેલ મુદત પુરી થયે ત્યાર પછીના ૩૦ દિવસની અંદર એટલેકે ૧ જુન, ૨૦૧૬થી ૩૦ જુન-૨૦૧૬ સુધીમાં સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જનું વ્યાજ/નોટિસ ફી સહિતની ચડત વેરાની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૬-૨૦૧૭ ની સામાન્યકર, સફાઈકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની રકમનાં ૫% વળતર આપવું.

(૩) ઉપરોકત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલ્કતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવું.

ઉપરોકત મુજબની વળતર યોજના અમલી બનાવવાના નીતિ વિષયક નિર્ણય અર્થેની આ દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી) વિજય નેહરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૯૫

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૨૮/૦૧/૨૦૧૬

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગંદકીથી મુકત રાજકોટનો સ્માર્ટ ગોલ બાદ કેન્દ્ર સરકાર દ્વારા 'સ્વચ્છ ભારત મિશન' નો અમલ શરૂ કરવામાં આવ્યો છે, ધન કચરા (વ્યવસ્થાપન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ અન્વયે ડોર ટૂ ડોર ગાર્બેજ કલેકશન કરવાનું સુચવવામાં આવેલ છે. ઉપરોકત બાબતોને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ ૨૮૪ મીની ટીપરવાન દ્વારા ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી સફળતાપૂર્વક કરવામાં આવે છે. હાલમાં રાજકોટમાં તમામ ૧ થી ૧૮ વોર્ડમાં ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શન કરવા માટે ઓપરેશન મેઇન્ટેનન્સનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે તથા અંદાજીત ચાર લાખ જેટલા ઘરો/દુકાનો/ઓફીસોમાંથી ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શન કરવામાં આવે છે. તેમજ આ ટીપરોનો કચરો ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન ખાતે ખાલી કરવામાં આવે છે અને ત્યાંથી નાકરાવાડી ગાર્બેજ યાર્ડ ખાતે લઇ જવામાં આવે છે, આ તમામ જરૂરી કામગીરીઓ પાછળ રાજકોટ મહાનગરપાલિકાને થતા ખર્ચ અન્વયે શહેરમાં અલગ-અલગ તમામ પ્રકારના મિલકતધારકો/ઉપયોગકર્તાઓ પાસેથી યુઝર્સ ચાર્જ લેવો અનિવાર્ય બની રહે છે. સ્વચ્છ ભારત મિશનમાં સીટી રેન્કીંગમાં રાજકોટનો રેન્ક આગળ રહે તે માટે પણ કચરાનાં ડોર ટૂ ડોર કલેકશન માટે યુઝર્સ ચાર્જ લેવો જરૂરી છે.

ઉપરોકત બાબતને ધ્યાનમાં રાખી આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે નીચે મુજબનો ડોર ટૂ ડોર ગાર્બેજ **કલેક્શન ચાર્જ** વસુલ કરવો જરૂરી છે.

મકાનના ઉપયોગનો પ્રકાર	વાર્ષિક ચાર્જ
રહેણાંક ઉપયોગ	રૂા. ૩૬૫/-
વ્યાપારીક ઉપયોગ	રૂા. ૭૩૦/-

ઉપરોકત મુજબનો યુઝર્સ ચાર્જ રહેણાંક મકાન માટે પ્રતિ દિન ફકત રૂા.૧/- જેટલો જ છે. જે ચાર્જ વસુલ કરવા નિર્ણય થવા અંગેની આ દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજૂ કરાવી જરૂરી ઠરાવ કરાવશો.

(સહી) વિજય નેહરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૯૬

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૨૮/૦૧/૨૦૧૬

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે, આ પૈકી થીયેટર ટેક્ષ નીચેની વિગતે નિયત કરવાનો થાય છે.

થીયેટર ટેક્ષ :

હાલમાં થીયેટર ટેક્સ નીચે મુજબ વસુલ કરવામાં આવે છે.

(અ) સિનેમા ના પ્રત્યેક શો દીઠ .....રૂા.૫૦/-

સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ દરમ્યાન થીયેટર ટેક્સ નીચે મુજબ વસુલ કરવા દરખાસ્ત કરવામાં આવે છે.

(અ) સિનેમાના પ્રત્યેક શો દીઠ..... રૂા.૧૦૦/-

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઠરાવ કરાવશો.

(સહી) વિજય નેહરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૯૭

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૨૮/૦૧/૨૦૧૬

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે, આ પૈકી ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નીચેની વિગતે નિયત કરવાનો થાય છે.

ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ:

જ.બો. ઠ.નં ૯૪ તા. ૨૦.૦૨.૨૦૦૩ થી ખુલ્લા પ્લોટ ઉપર ટેક્સ વસુલ કરવાનો દર રુપિયા ૭ પ્રતિ ચો.મી. નિયત કરવામાં આવેલ તે મુજબ હાલમાં વસુલવામાં આવે છે. સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે ખુલ્લા પ્લોટ ઉપર ટેક્સ વસુલ કરવાનો દર નીચે મુજબ સુચવવામાં આવે છે :

(અ) ૫૦૦ ચો.મી. સુધીના ખુલ્લા પ્લોટ માટે વાર્ષિક રુપિયા ૧૪/ પ્રતિ ચો.મી.
(બ) ૫૦૦ ચો.મી. થી વધુ ક્ષેત્રફળના ખુલ્લા પ્લોટ માટે વાર્ષિક રુપિયા ૨૧/ પ્રતિ ચો.મી.
(ક) વર્ષના કોઇપણ ભાગ માટે વાણિજ્યક હેતુ માટે ઉપયોગ થતો હોય તેવા ખુલ્લા પ્લોટ માટે વાર્ષિક રુપિયા ૨૮/ પ્રતિ ચો.મી.

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઠરાવ કરાવશો.

(સહી) વિજય નેહરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૯૮

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૨૮/૦૧/૨૦૧૬

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે, આ પૈકી વાહન કર નીચેની વિગતે નિયત કરવાનો થાય છે.

વાહન કર :

છેલ્લા દશેક વર્ષથી રાજકોટ શહેરનો અવિરત પણે વિકાસ થઇ રહ્યો છે. વાહનોની સંખ્યામાં દિન પ્રતિદિન ખુબજ વધારો થઇ રહેલ છે. જેના પરીણામે ટ્રાફીક અને પ્રદુષણની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. જેથી જાહેર પ્રજાને પબ્લિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા પુરી પાડવાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાર તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં શહેરી બસ સેવા પુરી પાડવામાં આવે છે. જાહેર પ્રજા પોતાના અંગત વાહનનો ઉપયોગ ઓછો કરે અને પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ વધુ કરે તે ઇચ્છનિય છે, પ્રાપ્ય માહિતી મુજબ શહેરમાં અંદાજે દર વર્ષે ૫૫ હજાર વાહનોનો ઉમેરો થાય છે, જો આ ઝડપે વાહન વધારો થાય તો આગામી દિવસોમાં પ્રદુષણની માત્રામાં મોટો વધારો થવાની શક્યતા રહેલ છે . વિશેષમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે રસ્તા રીપેરીંગ માટે મોટા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવેછે. જેથી આ ખર્ચને પહોંચી વળવા માટે તથા લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટેશન તરફ આકર્ષાય તે માટે વાહન વેરાના દરમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે. હાલમાં વાહન વેરાનો દર નીચે મુજબ છે :

વાહન નું આયુષ્ય --→		૦-૧	૧-૨	૨-૩	૩-૪	૪-૫	૫-૬	૬-૭	૭-૮	૮-૯	૯-૧૦
વાહનની આયુષ્ય સંદર્ભ વાહન કરની ટકાવારી	વાર્ષિક કર રૂ.	૧૦૦%	૯૫%	૯૦%	૮૫%	૮૦%	૭૫%	૭૦%	૬૫%	૬૦%	૫૦%
૧)- મોટર લોરી											
ક-૩૦વેટ નો બોજો ખેંચી જવા માટે	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ખ-૩૦થી૬૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૧૮	૧૮૦	૧૭૧	૧૬૨	૧૫૩	૧૪૪	૧૩૫	૧૨૬	૧૧૭	૧૦૮	૯૯
ગ- ૬૦થી૯૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૨૪	૨૪૦	૨૨૮	૨૧૬	૨૦૪	૧૯૨	૧૮૦	૧૬૮	૧૫૬	૧૪૪	૧૩૨
ઘ- ૯૦થી૧૨૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૦	૩૦૦	૨૮૫	૨૭૦	૨૫૫	૨૪૦	૨૨૫	૨૧૦	૧૯૫	૧૮૦	૧૬૫
ચ- ૧૨૦થી૧૫૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૬	૩૬૦	૩૪૨	૩૨૪	૩૦૬	૨૮૮	૨૭૦	૨૫૨	૨૩૪	૨૧૬	૧૯૮
છ- ૧૫૦ હંદ્રવેટથી ઉપર	૪૨	૪૨૦	૩૯૯	૩૭૮	૩૫૭	૩૩૬	૩૧૫	૨૯૪	૨૭૩	૨૫૨	૨૩૧
૨) ટ્રેલરો											
ક- ૪૦ હંદ્રવેટથી ઓછું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૪૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
૩) ખાનગી મોટરો											
ક- ૧૫ હંદ્રવેટથી ૩૦ હંદ્રવેટ	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૩૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ગ) ભાડે ફેરવવાની	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
૪) મોટર સાયકલ/ઓટોરીક્ષા											

ક-૨૦૦ પાઉન્ડ થી ઓછું	૩	૩૦	૨૯	૨૭	૨૬	૨૪	૨૩	૨૧	૨૦	૧૮	૧૭
ખ-૨૦૦ પાઉન્ડ થી વધું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩

ઉપરોકત વિગત જોતા વાહન વેરાના દર અત્યંત નીચા છે જેના પરીણામે વર્ષ ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ દરમ્યાન અનુકમે રૂા.૧૨.૩૯ લાખ , રૂા.૧૫.૮૫ લાખ અને રૂા.૮.૫૫ લાખ ની આવક થયેલ છે. જે આપણા બજેટના માત્ર ૦.૦૨% જેવી થાય છે.

જ્યારે ઉપલબ્ધ માહિતી મુજબ અમદાવાદ મહાનગરપાલિકાની દ્વારા નીચેની વિગતે વાહન કર ઉઘરાવવામાં આવે છે.

અ.નં.	વાહન નો પ્રકાર	આજીવન કરનો દર
૧	સ્કુટર,મોટરસાયકલ,ત્રિચકી વાહનો	બેઝીક પ્રાઇઝના ૨.૫% લેખે
૨	ઓટો રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૪	મોટરકાર તથા ૧૦૦૦ સી.સી.સુધી.તથા પ્રત્યેક વધારાના સી.સી.દીઠ રૂા.૨/- વધારાના લેવા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૫	મેટાડોર-મીની બસ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૬	ટ્રક તથા મોટી બસ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે

રાજકોટ આર.ટી.ઓ. પાસેથી મેળવેલ વિગતો ધ્યાને લેતા વાર્ષિક ૫૫૦૦૦ મોટર કાર અને ત્રીચકી વાહનોનો શહેરની હદમાં ઉમેરો થાય છે. ઉપરોકત વાહનોની સંખ્યાને ધ્યાને લેતા સુચવ્યા મુજબના દરોથી વાહન વેરો લેવામાં આવે તો રાજકોટ મહાનગરપાલિકાને અંદાજે રૂા..૨૪૦ લાખ ની વાર્ષિક આવક થઇ શકે તેમ છે.

સમગ્ર હકીકત ધ્યાને લેતા નીચેની વિગતે BPMC એકટની કલમ ૧૨૭ હેઠળ સને ૨૦૧૬-૨૦૦૧૭ ના વર્ષ માટે વાહનવેરાનો દર આજીવન કર તરીકે નિયત કરવા યોગ્ય જણાય છે.

અ.નં.	વાહન નો પ્રકાર	આજીવન કરનો દર
૧	બિન યાંત્રિક વાહનો	શુન્ય (કરમુકત)
૨	યાંત્રિક વાહનો	બેઝીક પ્રાઇઝના ૨ % લેખે

વાયુ પ્રદુષણ ઓછુ થાય તેવા વાહનોનો ઉપયોગ વધુમાં વધુ લોકો કરવા પ્રેરાય તે માટે તેઓને પ્રોત્સાહન રુપે નીચેની વિગતે વળતર આપીએ :

(અ) ઇલેક્ટ્રીક વાહનો : ભરવાપાત્ર વાહન વેરાના ૧૦૦%

(બ) સી. એન. જી. ઇંધણ વાળા વાહનો : ભરવાપાત્ર વાહન વેરાના ૫૦%

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઠરાવ કરાવશો.

(સહી) વિજય નેહરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

આર.એમ.સી.સી.૪૯૯

રાજકોટ મહાનગરપાલિકા
કમિશનર વિભાગ,
રાજકોટ. તા.૨૮/૦૧/૨૦૧૬

પ્રતિ,
સેક્રેટરીશ્રી,

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે, આ પૈકી પાણી ચાર્જ નીચેની વિગતે નિયત કરવાનો થાય છે.

પાણી દર :

હાલમાં પાણી વેરાના દર જ.બો.ઠ.નં.૫૧ તા.૧૬/૦૨/૨૦૧૦ થી મંજુર થયા પ્રમાણે વસુલ કરવામાં આવે છે. શહેરને પાણી પુરુ પાડવા માટે અલગ અલગ સ્ત્રોતોથી તથા નર્મદા યોજનાનુ પાણી જંગી ખર્ચથી મેળવવામાં આવેછે. ઘણી વખત અપુરતા વરસાદના સંજોગોમાં નિયમિત પાણી વિતરણ કરવુ પડકારરુપ હોવા છતાં ગયા વર્ષે દૈનિક ૨૦ મિનીટ પાણી વિતરણ કરેલછે. આ માટે અલગ અલગ જળાશયોથી થી પંપીગ કરવા માટે ઘણો ખર્ચ કરવો પડે છે. સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માં આ સંબંધે કુલ ખર્ચ રૂા.૧૦૯ કરોડ જેટલો થવાનો અંદાજ છે. હાલના પાણી ના દર મુજબ ગણતરી કરીએતો માત્ર ૨૪% જેટલીજ વસુલાત થાયછે. સ્માર્ટ સીટી યોજના હેઠળ પાત્રતા પ્રાપ્ત કરવા પાણી સંબંધે થતો મહેસુલી ખર્ચ વસૂલ કરવા જરુરી છે . આથી સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે પાણી વેરાના દર નીચે મુજબ સુચવવામાં આવે છે.

(અ) લો-રાઇઝ રહેણાંક તથા ફ્લેટ ટાઇપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેક્શન સાઇઝ પ્રમાણે પાણી પુરું પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કેલેન્ડર વર્ષ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણી ના દર રહેશે

૧/૨ ઇંચ કનેક્શનનો પ્રકાર	સુચિત દર
રહેણાંક કનેક્શન	વાર્ષિક રૂા.૧૬૮૦/-
બીન-રહેણાંક કનેક્શન	વાર્ષિક રૂા.૩૩૬૦/-

(બ-૧) ૧/૨ ઇંચથી મોટા કનેકશન સંબંધે નીચે મુજબના સુચિત દરે પાણી ચાર્જ વસુલ કરવાનું રાખીએ.

નળ કનેક્શનની સાઇઝ	હાઇ રાઇઝ , લો રાઇઝ રહેણાંક ઉપયોગ માટે ઓછો માસિક દર રૂા.	સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટે ઓછો માસિક દર રૂા.	બીન-રહેણાંક , બાંધકામ માટે નો ઓછામાં ઓછો માસિક દર રૂા.
3/૪"" (૨૦ મી.મી.)	૬૦૪	૧૦૦૮	૮૧૨૦
૧"" (૨૫ મી.મી.)	૧૦૦૮	૧૬૮૦	૧૩૪૪૦
૧ ૧/૪" (૩૦ મી.મી.)	૧૫૧૨	૨૫૨૦	૨૦૧૬૦
૧ ૧/૨"" (૪૦ મી.મી.)	૨૫૨૦	૪૨૦૦	૩૩૬૦૦
૨"" (૫૦ મી.મી.)	૪૦૩૨	૬૮૨૦	૫૩૭૬૦

૨ ૧/૨"" (૬૫ મી.મી.)	૬૦૪૮	૧૦૦૮૦	૮૦૬૪૦
૩"" (૮૦ મી.મી.)	૧૦૦૮૦	૧૬૮૦૦	૧૩૪૪૦૦
૪"" (૧૦૦ મી.મી.)	૧૫૧૨૦	૨૫૨૦૦	૨૦૧૬૦૦
૬"" (૧૫૦ મી.મી.)	૨૨૬૮૦	૩૭૮૦૦	૩૦૨૪૦૦
૮"" (૨૦૦ મી.મી.)	૩૦૨૪૦	૫૦૪૦૦	૪૦૩૨૦૦
૧૨"" (૩૦૦ મી.મી.)	૪૦૩૨૦	૬૭૨૦૦	૫૩૭૬૦૦

ઉપરોકત મુજબની ચાર્જ વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઠરાવ કરાવશો.

(સહી) વિજય નેહરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૬-૧૭ના વાર્ષિક બજેટ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કર પટેલનું પ્રેસ નિવેદન.

તા. ૯/૦૨/૨૦૧૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્તમાન સમગ્ર સ્થિતિને નજર સમક્ષ રાખી, શહેરની વિકાસયાત્રાની ગતિને વેગ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સને ૨૦૧૬-૧૭ ના વર્ષનું રૂ.૨૦૧૮.૩૭ કરોડનું બજેટ સ્થાયી સમિતિની મંજૂરી અર્થે રજુ કરેલ છે. જેમાં મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સૂચવેલ નવા કર પ્રસ્તાવ ઉપરાંત વિવિધ યોજનાઓ અને પ્રોજેક્ટ પર સ્ટેન્ડિંગ કમિટીએ ગહન અભ્યાસને અંતે જાહેર હિતમાં તથા રાજકોટ મહાનગરપાલિકાના સુચારુ વહીવટ માટે આવશ્યક એવા નિર્ણયો કર્યા છે. કમિશનરશ્રીએ રજુ કરેલ બજેટમાં મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિનો સ્પષ્ટ ચિતાર રજુ થાય છે. લોકોને અત્યંત આવશ્યક એવી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા તથા રંગીલા રાજકોટની ઓળખ યથાવત્ જળવાઈ રહે તે માટે શહેરના સાંસ્કૃતિક અને સામાજિક વિકાસ માટે આર્થિક સંતુલન જાળવવું ખુબ જ આવશ્યક બને છે. ભારતના માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની પ્રગતિ માટે અનેકવિધ યોજનાઓ અને પ્રોજેક્ટ હાથ ધર્યા છે. એવી જ રીતે ગુજરાતના માન.મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે પણ "ગતિશીલ ગુજરાત" અભિયાન હેઠળ રાજયના વિકાસ માટે શ્રેણીબદ્ધ પગલાઓ લીધા છે. મને એવી આશા છે કે, કેન્દ્ર અને રાજય સરકારશ્રી પાસેથી રાજકોટ મહાનગરપાલિકાને વખતો વખત પુરતી માત્રામાં આર્થિક સહયોગ પ્રાપ્ત થતો રહેશે. રાજકોટના વિકાસમાં સરકારશ્રીનો આર્થિક સહયોગ ખુબજ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. એકંદરે જોઈએ તો, રાજકોટ શહેરની વિકાસ પ્રક્રિયા અને મહાનગરપાલિકાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને, સ્ટેન્ડિંગ કમિટીએ ગહન ચર્ચા વિચારણા કરી, જ્યાં જ્યાં જે પ્રકારના નિર્ણયો જરૂરી જણાયા છે તે મુજબ પ્રસ્તાવો સ્વીકાર્યા છે, ક્યાંક તેમાં ફેરફારો કર્યા છે, અથવા તો જે તે પ્રસ્તાવ નકારેલ છે. જેમાં મને વિશ્વાસ છે કે, જાહેર જનતા અને રાજકોટ મહાનગરપાલિકાના હિતો જાળવી શકાશે. સ્ટેન્ડિંગ કમિટીએ આ બજેટમાં મહદ્ અંશે શક્ય હોય તેવા જ પ્રોજેક્ટ અને યોજના સમાવિષ્ટ કરીને, સમગ્ર વિષય વસ્તુ પર ઘનિષ્ઠ પરામર્શને અંતે રૂ.૨૦૩૪.૮૩ કરોડના સંપૂર્ણપણે વાસ્તવલક્ષી બજેટને આખરી ઓપ આપેલ છે. ભૂતપૂર્વ મેયર સ્વ.શ્રી અરવિંદભાઈ મણીઆરે આધુનિક રાજકોટનો શિલાન્યાસ કર્યો હતો એ બાબત આપણે સૌ જાણીએ છીએ. ત્યારબાર ભાજપના શાસનકાળ દરમ્યાન તમામ ભૂતપૂર્વ મેયરશ્રીઓ, ડે.મેયરશ્રીઓ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રીઓ અને અન્ય તમામ પદાધિકારીશ્રીઓએ આ પાયા પર વિકાસની ઈમારતનું નિર્માણ કરવાની પ્રક્રિયાને ક્રમબદ્ધ રીતે આગળ ધપાવી હતી એ દ્રષ્ટિએ તેઓ પણ આધુનિક રાજકોટના શિલ્પી ગણાય. તેમની દૂરંદેશીને અનુરૂપ રાજકોટ શહેરને આધુનિક વિકાસથી સુસજ્જ કરી, શહેરીજનોના જીવન ધોરણમાં ગુણવત્તાયુક્ત પ્રગતિ લાવવા શાસક પક્ષ કટીબદ્ધ છે.

આપણે સૌ એ હકિકતથી વાકેફ છીએ કે, શહેરના વિકાસમાં પાણીની સુવિધા શ્વાસરૂપી ભૂમિકા ભજવે છે. આ ખુબ જ સંવેદનશીલ બાબત છે. પાણીની બાબત લોકોને સીધી રીતે સ્પર્શે છે. રાજકોટની વસ્તી દિવસે ન વધે તેટલી રાત્રે અને રાત્રે ન વધે તેટલી દિવસે વધી રહી છે. તમામ લોકોને પાણીની સુવિધા આપવા રાજકોટ મહાનગરપાલિકાએ ખુબ મોટો ખર્ચ કરવો પડી રહ્યો છે. જેની સરખામણીએ રાજકોટ મહાનગરપાલિકા લોકો પાસેથી અત્યારે જે પાણી દર વસુલી રહી છે તે રકમ કુલ ખર્ચના માત્ર ૨૫% જેટલી જ છે. મતલબ કે, ૭૫% સબસીડીને પહોચી વળવું એ એક વિરાટ પડકાર છે. આ બાબત સૌ શહેરીજનો સમજે તે જરૂરી છે. આમ છતાં, શાસક પક્ષ લોકોની સંવેદના ધ્યમજી, કમિશનરશ્રી દ્વારા સૂચવવામાં આવેલ પાણી વેરો બમણો કરવાની દરખાસ્ત નામંજુર કરે છે.

એવી જ રીતે કમિશનરશ્રીએ આજીવન વાહન વેરામાં ૨% સુધીની વસુલાત કરવા પ્રસ્તાવ મૂક્યો હતો પરંતુ સ્ટેન્ડિંગ કમિટીએ આજીવન વાહન વેરો માત્ર ૧% ના ફ્લેટ દરે વસુલવાનો નિર્ણય કર્યો છે. જેમાં સી.એન.જી. વાહનોને વેરામાં ૫૦% મુક્તિ તથા ઇલેક્ટ્રિક વાહનોને ૧૦૦% મુક્તિ આપવામાં આવશે. જયારે થિએટર ટેક્ષમાં કમિશનરશ્રીએ મુકેલ પ્રસ્તાવ બહાલ રાખવામાં આવે છે.

ગત સાલ આપણા પ્રધાનમંત્રીશ્રીએ "સ્વચ્છ ભારત મિશન" લોન્ચ કરી, આપણા દેશને વૈશ્વિક સ્તર પર એક નવી જ ઓળખ આપવાનું બીડું ઝડપ્યુ છે. ગંદકી સભ્ય સમાજ માટે અભિશાપ છે. આ દુષણનો વહેલામાં વહેલી તકે સફાયો કરવામાં જ સૌની ભલાઈ છે. હું એવું માનું છુ કે, "સ્વચ્છ ભારત મિશન" થકી, આપણા દેશમાં એક જબરદસ્ત વૈચારિક પરિવર્તનનો શુભારંભ થઇ ચુક્યો છે. આ પરિવર્તનને વેગ આપવો એ આપણા સૌની સામાજિક અને નૈતિક જવાબદારી છે. આમ, આ સમગ્ર મુદ્દો ધ્યાને લઇ, સ્ટેન્ડિંગ કમિટીએ શહેરમાં ન્યુસન્સ પોઈન્ટ બની જતા ખુલ્લા પ્લોટ પર કમિશનરશ્રી તરફથી સૂચવવામાં આવ્યા મુજબ વેરો વસુલવાની દરખાસ્ત મંજુર કરી છે. સૌ એ બાબત સાથે સહમત છે કે, ખુલ્લા પ્લોટને કારણે ગંદકી સહિતના પ્રશ્નોને કારણે આજુબાજુમાં વસતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ખુલ્લા પ્લોટની માલિકી ધરાવતા લોકો પોતાના પ્લોટની જાળવણી કરવા સતર્ક રહે તેવા આશયથી આ નિર્ણય જરૂરી જણાય છે. સાથોસાથ પ્લોટ ધારકો પોતાના ખુલ્લા પ્લોટનો ઝડપથી વિકાસ કરે અને તેના માધ્યમથી શહેરના સર્વાંગી વિકાસમાં પણ ગતિ પ્રદાન કરી શકશે તેવી આશા છે.

"સ્વચ્છ ભારત મિશન" ની જ વાત ચાલી રહી છે ત્યારે, રાજકોટ મહાનગરપાલિકાએ નવા ભળેલા કોઠારીયા અને વાવડી સહિતના સમગ્ર શહેરના વિસ્તારોને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન હેઠળ આવરી લીધા છે. ઘેર ઘેરથી કચરો એકઠો કરવા માટે રૂ.૧૬,૮૩,૭૮,૫૫૩/-ના ખર્ચે કુલ ૨૮૪ વાહનો ખરીદ કરી, દરરોજ દોડાવવામાં આવી રહ્યા છે. જાહેર સ્વાસ્થ્ય સાથે સીધી સંકળાયેલી આ એક ખુબ જ મોટી જવાબદારી છે. સ્વાભાવિક રીતે જ વાહનોના મેઇન્ટેનન્સ, ઓપરેશન્સ, ઘસારો, મેનપાવર અને ઈંધણ પાછળ પણ જંગી ખર્ચ કરવો પડી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા "સ્વચ્છ ભારત મિશન" ના શહેરમાં અમલીકરણ માટે તેમજ ઘન કચરા (વ્યવસ્થાપન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ અન્વયે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કરવાનું સૂચવવામાં આવેલ હોઈ તેમજ "સ્વચ્છ ભારત મિશન" માં સિટી રેન્કિંગમાં રાજકોટનો ક્રમાંક આગળ રહે તે માટે તથા આપણા શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવી રાખવા માટે તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ પ્રણાલી સતત કાર્યક્ષમ રીતે આગળ ધપતી રહે તે માટે ઘર દીઠ રોજના માત્ર રૂ.૧/- લેખે યુઝર્સ ચાર્જ વસૂલવા કમિશનરશ્રીએ સુચવેલ છે જે બહાલ રાખવામાં આવે છે.

<u>કોર્પોરેટરશ્રીઓને ગ્રાન્ટ:-</u>

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ નગરસેવકશ્રીને વિકાસ કામો માટે રૂ.૧૦ લાખની ગ્રાન્ટમાં ૫૦% નો કાપ મૂકી રૂ.૫ લાખ કરવા સૂચવ્યું હતું. આ પ્રસ્તાવ પર સ્ટેન્ડિંગ કમિટીએ વિચાર વિમર્શને અંતે દરેક કોર્પોરેટરશ્રીને પોતાના વોર્ડના કામો માટે રૂ.૧૦ લાખની ગ્રાન્ટ યથાવત રાખવા નિર્ણય કરેલ છે.

<u>કોઠારીયા અને વાવડી માટે સ્પેશિયલ પેકેજ:-</u>

જયારે પણ શહેરના સીમાડા વિસ્તરે છે ત્યારે મહાનગરપાલિકાની જવાબદારીમાં અનેકગણો જબરદસ્ત વધારો થતો હોય છે. જેને પહોચી વળવું એ પણ પડકાર ગણાય. જો કે, શાસક પક્ષ આ પડકારને પહોચી વળવા કટિબદ્ધ છે રાજકોટમાં નવા ભળેલા કોઠારીયા અને વાવડીના વિસ્તારોમાં વસતા લોકોને

પાયારૂપ મૂળભૂત સુવિધાઓ આપવાની સાથોસાથ આધુનિક સુખ સુવિધાઓ પણ પ્રાપ્ત થાય તે માટે શાસક પક્ષ દ્વારા રૂ.૫ કરોડનું એક સ્પેશિયલ પેકેજ આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

ગરીબ દર્દીઓને સહાય:-

શહેરના ગરીબ દર્દીઓ માટે આધુનિક મેડિકલ સર્વિસ મેળવવી અત્યંત કઠીન છે. જો કે, ગરીબ દર્દીઓને શહેરની સેવાભાવી હોસ્પિટલોમાં ગંભીર દર્દ અને બીમારીમાં વિનામૂલ્યે યોગ્ય સારવાર મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નક્કી થયેલી હોસ્પિટલોને આર્થિક સહાય આપવામાં આવશે. આ માટે રૂ.૧૮૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

બે નવી હાઈસ્કુલ:-

શહેરના ગરીબ અને માધ્યમ વર્ગના બાળકોને વિનામૂલ્યે પ્રાથમિક શિક્ષણ માટે તો રાજકોટ મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા પુરતી સંખ્યામાં શાળાઓ ચાલવવામાં આવી રહી છે. જોકે, ત્યાર પછીનું શિક્ષણ મેળવવા ઇચ્છતા ગરીબ બાળકોના હિતમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂર્વ ઝોનના વોર્ડ નં.૦૪માં ૦૧ તથા પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૦૮ અથવા ૧૦માં પણ ૦૧ નવી હાઈસ્કુલ બનાવવામાં આવશે. આ માટે રૂ.૧૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલા સ્વિમિંગ પુલ:-

થોડા સમય પૂર્વે જ શાસક પક્ષ દ્વારા શહેરમાં નવા વોર્ડ નં.૯ ખાતે એક મહિલા સ્વિમિંગ પુલ બનાવવા માટેની જાહેરાત કરવામાં આવી હતી. હવે આ યોજના મૂર્તિમંત થવા આગળ ધપી રહી છે. આ કામ માટે રૂ.૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

બે નવા કોમ્યુનિટી હોલ:-

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત કોમ્યુનિટી હોલ શહેરીજનો માટે આશીર્વાદરૂપ છે તે સર્વવિદિત છે આ સુવિધાનું માળખું વધુ મજબુત બનાવવા શાસકપક્ષે પૂર્વ ઝોનમાં વોર્ડ નં.૦૪માં એક તથા નવા ભળેલા વિસ્તારમાં એક કોમ્યુનિટી હોલ બનાવવાનું નક્કી કર્યું છે. આ પ્રોજેક્ટ માટે રૂ.૧૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

નવું પ્લેગ્રાઉન્ડ:-

શહેરના બાળકોને ખેલકુદની પ્રવૃત્તિ માટે રાજકોટ મહાનગરપાલિકા વિવિધ વિસ્તારોમાં પ્લે ગ્રાઉન્ડ અને બગીચા બનાવતી રહે છે. આ સિલસિલો આગળ ધપાવતા, નવા વોર્ડ નં.૮માં પર્ણકુટી પોલીસ ચોકી વાળા ગ્રાઉન્ડમાં નવું પ્લેગ્રાઉન્ડ બનાવવા રૂ.૧૦૦ લાખની જોગવાઈ કરી છે.

છ નવી હાઈમાસ્ટ લાઈટો:-

જાહેર જનતાને રોશનીની સુવિધા આપવાની સાથોસાથ શહેરની ખુબસુરતીમાં પણ વધારો થાય તે માટે ત્રણેય ઝોનમાં આવતા મુખ્ય ટ્રાફિક સર્કલમાં બે-બે હાઈમાસ્ટ લાઈટ મુકવા માટે રૂ.૧૫૦ લાખની જોગવાઈ કરી છે.

નવું જીમ્નેશિયમ:-

શહેરના લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે વધુ એક જીમ્નેશિયમ કાર્યરત કરવામાં આવશે. આ સુવિધા પૂર્વ ઝોનના સ્વિમિંગ પુલમાં જ ઉભી કરવામાં આવશે અને તેના માટે રૂ.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

બે નવી ઇંગ્લીશ મીડિયમ સ્કુલ:-

આપણે જાણીએ છીએ કે, આધુનિક સમયમાં અંગ્રેજી ભાષાનું કેટલું મહત્વ છે. ગરીબ બાળકોને વિનામૂલ્યે અંગ્રેજી ભાષાનું શિક્ષણ મળી રહે તે માટે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા અગાઉ શરૂ કરાયેલી ઇંગ્લીશ મીડિયમ સ્કુલની સફળતાથી પ્રેરાઈ, શહેરના પૂર્વ ઝોન અને પશ્ચિમ ઝોનમાં એક-એક નવી ઇંગ્લીશ મીડિયમ સ્કુલ શરૂ કરવા રૂ.૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

નવા વિસ્તારમાં ગાર્ડન:-

શહેરના નવા ભળેલા વિસ્તારના લોકોને ઘર આંગણે જ સુંદર બગીચાની સુવિધા મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા રૂ.૫૦ લાખના ખર્ચે નવો બગીચો બનાવાશે.

બે ફૂટ ઓવર બ્રિજ:-

શહેરની વર્તમાન પરિવહન પરિસ્થિતિને નજર સમક્ષ રાખી, લોકોને સલામતી પૂર્વક રોડ ક્રોસ કરવાની સુવિધાઓ આપવી આવશ્યક બનતી જાય છે. ખાસ કરીને ચાર પાંચ મુખ્ય રસ્તા ભેગા થતા હોય તેવા ચોકમાં કે પછી મોટા રોડ પર કે જ્યાં સતત અને મોટા પ્રમાણમાં વાહનની અવરજવર ચાલુ હોય છે ત્યાં ફૂટ ઓવર બ્રિજ જરૂરી બને છે. આગામી સાલમાં સિવિલ હોસ્પિટલ ચોક અને કાલાવડ રોડ પર આત્મીય કોલેજ આસપાસ યોગ્ય સ્થળે એક-એક ફૂટ ઓવરબ્રીજ બનાવવા રૂ.૧૦૦ લાખની જોગવાઈ કરી છે.

નવી લાયબ્રેરી:-

સાહિત્યમાં રુચિ ધરાવતા લોકોની વાંચન ભુખ સંતોષવા મહાનગરપાલિકા દ્વારા અત્યંત સમૃદ્ધ એવી લાયબ્રેરીઓ બનાવવામાં આવેલી જ છે. આ જ સિલસિલા હેઠળ શહેરના પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૦૯માં નવી લાયબ્રેરીનું નિર્માણ કરવા રૂ.૨૦૦ લાખની જોગવાઈ કરી છે.

ઇન્ટર સ્કુલ ગેઇમ્સ:-

રાજકોટના બાળકો સ્કુલ કક્ષાએથી જ કેળવણીની સાથોસાથ ખેલ કુદ સહિતની રચનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લઇ સ્વસ્થ, ખડતલ અને ખેલદિલ માનવી બને તેવા ઉમદા આશયથી મહાનગરપાલિકા દ્વારા હિલશિલ્ડ જેવી ઇન્ટરસ્કુલ સિઝન ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવશે. જેમાં કવાર્ટર ફાઈનલ તબક્કાથી રમાનારા મેચ રેસકોર્સ સ્થિત શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં ડે નાઈટ ધોરણે યોજવામાં આવશે. આ ઉપરાંત, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઇન્ટરસ્કુલ હોકી, ફૂટબોલ, ટેનિસ ટુર્નામેન્ટનું પણ આયોજન થશે તો વળી, રાજકોટ મહાનગરપાલિકાએ રેસકોર્સમાં નિર્માણ કરેલા આંતરરાષ્ટ્રીય સ્તરના એથ્લેટિક ટ્રેક પર શાળાકીય ટ્રેક એન્ડ ફીલ્ડની વિવિધ રમતોની સ્પર્ધાઓ તથા સ્વિમિંગ કોમ્પિટિશનનું પણ આયોજન કરવામાં આવશે. આ સમગ્ર આયોજન માટે રૂ.૨૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરા આકારણી:-

વહીવટમાં પારદર્શિતા તેમજ સરળ ગણતરી ધરાવતી કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરા આકારણી પધ્ધતિ તા.૦૧/૦૪/૨૦૧૭થી અમલમાં લાવવા અંગે કમિશનરશ્રી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. પરંતુ ગુજરાત રાજયની મોટા ભાગની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરા આકારણી પધ્ધતિનો અમલ કરવામાં આવેલ હોઈ, ત્યારે શહેરના મિલકત વેરા સંબંધી પડતર પ્રશ્નોનો વ્યવસ્થિત, સુયોગ્ય અને સમયસર નિકાલ થાય એ માટે, તા.૦૧/૦૪/૨૦૧૭થી તેનો અમલ કરવા અંગેની કમિશનરશ્રીની દરખાસ્ત "નામંજુર" કરવામાં આવે છે અને આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરા આકારણી પધ્ધતિનો શક્ય તેટલો સત્વરે અમલ કરવા કમિશનરશ્રીને અનુરોધ કરવામાં આવે છે.

ઉચ્ચ અભ્યાસ માટે ગરીબ દીકરીને સહાય:-

શહેરમાં ગરીબ પરિવારોમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બી.પી.એલ. પરિવારની દીકરીને ધોરણ ૧૨ પછીના ઉચ્ચ અભ્યાસ માટે વાર્ષિક રૂ.૧૦,૦૦૦ની સહાય કરવામાં આવશે. આ યોજના માટે કુલ રૂ.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

લોકોની સુખાકારી માટે વહીવટી સુધારણા:-

અનુભવે એવું જોવાયું છે કે, શહેરમાં કોઈ વ્યક્તિનું મોડી રાત્રે કે વહેલી સવારે અવસાન થાય ત્યારે સ્મશાન પર મરણ ચિઠ્ઠીની ઝેરોક્ષ નકલ આપવા માટે મૃતકના પરિવારજનોને ખુબ જ મુશ્કેલી પડે છે. જે બાબતને ધ્યાનમાં રાખી, આગામી તા.૦૧/૦૪/૨૦૧૬થી ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા, ૦૩ નકલમાં મરણ ચિઠ્ઠી કાઢી, જે પૈકીની એક સ્મશાન માટે તેમજ એક મૃતકના પરિવારને આપવા માટે જરૂરી વ્યવસ્થા કમિશનરશ્રીએ ગોઠવવી.

ઉપસંહાર:-

રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષે શહેરની અને મહાનગરપાલિકાની વર્તમાન સ્થિતિને નજર સમક્ષ રાખી વાસ્તવિક બજેટ આપવાનો પ્રયાસ કર્યો છે. રાજકોટ વાસીઓની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા સ્ટેન્ડિંગ કમિટીએ ગહન વિચાર વિમર્શ કરી જરૂરી એવા નિર્ણયો કર્યા છે. આગામી વર્ષ માટેની વિકાસની રૂપરેખા રજુ કરતા આ બજેટને સૌ કોઈ આવકારશે એવી મારી આશા અસ્થાને નથી. આ તકે હું માન.મેયરશ્રી, ડે.મેયરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, સ્ટેન્ડિંગ કમિટીના તમામ માન.સદસ્યશ્રીઓ, તમામ કોર્પોરેટરશ્રીઓ, પક્ષના હોદ્દેદારશ્રીઓ, તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, ઇલેક્ટ્રોનિકસ તેમજ પ્રિન્ટ મિડીયાના પ્રેસ મિડીયાના તમામ પ્રતિનિધિશ્રીઓના સાથ સહકાર બદલ તેઓ પ્રત્યે આભાર પ્રગટ કરું છુ અને તેઓનો સાથ સહકાર ભવિષ્યમાં પણ મળતો રહેશે તેવી અપેક્ષા અને વિશ્વાસ છે.

પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મહાનગરપાલિકા

બજેટ હાઈલાઇટસ

સને ૨૦૧૬-૧૭

ક્રમ	યોજના/પ્રોજેક્ટ	જોગવાઈ(રૂ.લાખમાં)
૧	રસ્તા કામ	૨૫૦
૨	બાગ બગીચા	૫૦૫
૩	ભૂગર્ભ ગટર	૧૬૩૦
૪	રોશની	૧૭૫
૫	નાલા-પુલ દુરસ્તી	૪૦
૬	ઝૂ ડેવલોપમેન્ટ	૭૦૦
૭	યુરીનલ અને શૌચાલય મરામત	૩૫
૮	ગટર મરામત	૬૦
૯	વોટર વર્કસના કામો	૧૧૮૫
૧૦	વહીવટી આધુનીકરણ	૮૫
૧૧	અગ્નિશમન સુવિધા વિસ્તૃતિકરણ	૨૬૫
૧૨	વોર્ડ ઓફિસોનું આધુનીકરણ	૩૦૦
૧૩	કન્વેન્શન સેન્ટર	૨૫૦૦
૧૪	રીંગ રોડ	૧૦,૦૦૦
૧૫	કોર્પોરેટશ્રીઓને ગ્રાન્ટ	૭૨૦
૧૬	આજી-૧ ડીસીલ્ટીંગ	૧,૦૦૦
૧૭	જયુબેલી શાક માર્કેટનું અદ્યતનીકરણ	૧,૦૦૦
૧૮	ન્યારી-૨ શુદ્ધિકરણ	૫,૦૦૦
૧૯	જાહેર શૌચક્રિયા મુક્તિ માટે પ્રોત્સાહન ગ્રાન્ટ	૯૦૦
૨૦	સ્વચ્છતા સ્પર્ધા માટે પ્રોત્સાહન ગ્રાન્ટ	૫૧૦
૨૧	ઇલેક્ટ્રિક બસની ખરીદી	૫૦૦
૨૨	રાજકોટ સ્પોર્ટસ પ્રમોશન ફાઉન્ડેશનની રચના માટે	૧,૦૦૦
૨૩	ખેલ સંકુલોનું નિર્માણ	૧૦૦
૨૪	મેટ્રો રેલ પ્રિફીઝીબીલીટી અભ્યાસ	૫
૨૫	સ્માર્ટ ઘર યોજના	૧૦,૦૦૦
૨૬	મુખ્યમંત્રી ગૃહ યોજના	૧૨,૦૦૦

૨૭	કોઠારીયા અને વાવડી માટે સ્પે.પેકેજ	૫૦૦
૨૮	ગરીબ દર્દીઓના લાભાર્થે હોસ્પિટલોને સહાય	૧૮૦
૨૯	બે નવી હાઈસ્કુલ	૧૫૦
૩૦	મહિલા સ્વિમિંગ પુલ	૧૦૦
૩૧	બે નવા કોમ્યુનિટી હોલ	૧૦૦
૩૨	નવું પ્લે ગ્રાઉન્ડ	૧૦૦
૩૩	હાઈમાસ્ટ લાઈટ	૧૫૦
૩૪	નવું જીમ્નેશિયમ	૫૦
૩૫	બે નવી ઈંગ્લીશ મીડીયમ સ્કુલ	૫૦
૩૬	નવો ગાર્ડન	૫૦
૩૭	બે ફૂટ ઓવર બ્રિજ	૧૦૦
૩૮	નવી લાયબ્રેરી	૨૦૦
૩૯	ઇન્ટર સ્કુલ ગેઇમ્સ	૨૫
૪૦	ઉચ્ચ અભ્યાસ માટે ગરીબ દીકરીને સહાય	૧૦
૪૧	સેમી ક્લોઝડ ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન	૧૧૦૦
૪૨	રાત્રી સફાઈ માટે વાહન ખરીદી	૮૪૦
૪૩	વીરાંગના એક્સપ્રેસ	૧૦
૪૪	તમામ વોર્ડમાં પાર્કિંગ પ્લોટ	૧૦૦
૪૫	નવા ઇલેક્ટ્રિક સ્મશાન	૧૨૦

સ્ટે.ક.ઠ.નં.૪૯૯ પરિપત્ર નં.૨૯

આ.નં.૦૧

ઠરાવ

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૯૫ અન્વયે અનુક્રમે ૨૦૧૫-૧૬ની સાલના અંદાજપત્રમાં વધારો-ઘટાડો કરવા તથા સને ૨૦૧૬-૧૭ની સાલનું આવક તથા ખર્ચનું અંદાજપત્ર અને તે અંગેની નોંધ મ્યુનિસિપલ કમિશનરશ્રી તરફથી તેમના પત્ર નં.૪૯૨ તા.૨૮/૦૧/૨૦૧૬ના રોજ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

સૌપ્રથમ સને ૨૦૧૫-૧૬ની સાલના અંદાજપત્રમાં વધારો-ઘટાડો કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ, આ સાથેના પત્રકના કોલમ નં.૧૦ મુજબની દરખાસ્ત સંબંધે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. ચર્ચા-વિચારણાના અંતે, આ સાથેના પત્રકના કોલમ નં.૧૨માં દર્શાવ્યા પ્રમાણે ૨૦૧૫-૧૬નું રીવાઈઝ અંદાજપત્ર સુધારા-વધારા સહ મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવામાં આવે છે.

સને ૨૦૧૬-૧૭ની સાલના અંદાજપત્રમાં આવક તથા ખર્ચ અંગેની કમિશનરશ્રીની દરખાસ્ત પરત્વે સંપૂર્ણ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ છે, ચર્ચા-વિચારણાના અંતે, આવક તથા ખર્ચનું અંદાજપત્ર "અ" મહેસુલ આવક તથા ખર્ચ ભાગ-૧(અ)(બ),મૂડી આવકખર્ચનું અંદાજપત્ર ભાગ-૨(અ)(બ),અનામત આવક-જાવક અંદાજપત્ર ભાગ-૪, એસ્ટાબ્લિશમેન્ટ શેડ્યુલ, સીંકીંગ ફંડ આવકખર્ચનું અંદાજપત્ર તથા સ્ટાફ પેન્શન ફંડ આવક-ખર્ચનું અંદાજપત્ર વિગેરે આ સાથેના પત્રકમાં કોલમ નં.૧૩ થી તૈયાર કરવામાં આવેલ છે, જે મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

આ ઉપરાંત ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૮ની કલમ ૧૨૭,૧૨૯ તથા ૯૯ હેઠળ સને ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સામાન્ય કર, ફાયરટેક્સ, દીવાબતી કર, સફાઈ કર, અને ડ્રેનેજ ટેક્સ વસુલ કરવા પત્ર નં.૪૯૩ તા.૨૮/૦૧/૨૦૧૬,વર્ષ ૨૦૧૬-૧૭માં મિલકતધારકો સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્સ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણીના ચાર્જની રકમ ભરવા પ્રોત્સાહિત થાય તે માટે વળતર યોજના અમલમાં મુકવા પત્ર નં.૪૯૪ તા.૨૮/૦૧/૨૦૧૬, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન પેટે વાર્ષિક ચાર્જ નિયત કરી વસૂલવા પત્ર નં.૪૯૫ તા.૨૮/૦૧/૨૦૧૬, થિએટર ટેક્ષ નિયત કરી વસૂલ કરવા પત્ર નં.૪૯૬ તા.૨૮/૦૧/૨૦૧૬, ખુલ્લા પ્લોટ પરનો ટેક્ષ નિયત કરી વસૂલ કરવા પત્ર નં.૪૯૭ તા.૨૮/૦૧/૨૦૧૬, વાહન ૬૨ નિયત કરી વસૂલ કરવા પત્ર નં.૪૯૮ તા.૨૮/૦૧/૨૦૧૬ તથા પાણી દર નિયત કરી વસૂલ કરવા પત્ર નં.૪૯૯ તા.૨૮/૦૧/૨૦૧૬થી રજુ કરેલ આનુષાંગિક દરખાસ્તો પરત્વે અલગ અલગ ઠરાવો કરવાનું મુનાસિબ જણાય છે, તેથી તે માટે અલગ અલગ ઠરાવો કરવામાં આવેલ છે, તે અંદાજપત્ર સહ મંજુર કરવા સામાન્ય સભાને ભલામણ કરવામાં આવે છે.

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૬ સર્વાનુમતે મંજુર

(સહી) પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મહાનગરપાલિકા

સ્ટે.ક.ઠ.નં.૫૦૦ પરિપત્ર નં.૨૯

ઠરાવ

આ.નં.૦૨

આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે જુદા-જુદા કરવેરા નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૪૯૩ તા.૨૮/૦૧/૨૦૧૬નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે,

વિશેષમાં જણાવવાનું કે ધી જી.પી.એમ.સી એક્ટની કલમ ૧૪૧-બી હેઠળ, જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૫થી નિયમો અને ટેક્ષના દર નિયત કરેલ છે. આ ઠરાવ મંજુરી માટે સરકારશ્રીને મોકલાવેલ છે, જેની મંજુરી હજુ સુધી આવેલ નથી. આ નિયમો મુજબ તા.૦૧/૦૪૨૦૧૬થી અમલવારી કરવા માટે પુરતો સમય ન હોઇ, આ નિયમોની અમલવારી તા.૦૧/૦૪/૨૦૧૭થી કરવાનુ નિયત કરીએ. અને ત્યા સુધી હાલની પધ્ધત્તિ મુજબ વેરાની વસુલાત કરવાની રહે છે.

આમ ધી જી.પી.એમ.સી એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯ તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે જે નિર્દિષ્ટ વિગતે દર્શાવેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લઇ વિસ્તૃત ચર્ચા વિચારણા કરતા, ધી જી.પી.એમ.સી એક્ટ ની કલમ ૧૨૭,૧૨૯ તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નીચે દર્શાવ્યા મુજબ નિયત કરવા તેમજ શહેરમાં આવેલી તમામ મિલકતો માટે કાર્પેટ એરિયા આધારિત વેરા આકારણી પધ્ધતિ મુજબ મિલકત વેરાની આકારણીની અમલવારી તા.૦૧/૦૪/૨૦૧૭થી લાગુ કરવા પુરતી કમિશનરશ્રીની દરખાસ્ત "નામંજુર" કરવા તથા સરકારશ્રીની મંજૂરીની અપેક્ષાએ કાર્પેટ એરિયા આધારિત વેરા આકારણી પધ્ધતિ મુજબ મિલકત વેરાની આકારણીની અમલવારી તા.૦૧/૦૪/૨૦૧૬થી લાગુ કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

૧. સામાન્ય કર :

સને ૨૦૧૬-૧૭ના વર્ષ દરમ્યાન, જમીનોની તથા મકાનોની કિંમતોની નીચે જણાવેલ દરો મુજબ સામાન્ય કર લેવા દરખાસ્ત છે. જેમાં ધી બી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૧૩૨માં જણાવેલ જમીનો તથા મકાનો કરમુક્ત રહેશે. નીચે કોલમ-૧માં જણાવેલ કરપાત્ર કિંમતવાળા મકાનો તથા જમીન ઉપરનો સામાન્ય કર કોલમ-૨માં દર્શાવ્યા મુજબનો રહેશે.

કરપાત્ર કિંમત	સામાન્ય કરના દર
કોલમ-૧	કોલમ-૨
રૂા.૦ થી વધુ રૂા.૬૦૦ સુધી	કરમુક્ત
રૂા.૬૦૧ થી વધુ રૂા. ૨૦૦૦ સુધી	૧૨ %
રૂા.૨૦૦૧ થી વધુ રૂા.૫૦૦૦ સુધી	૧૫ %
રૂા.૫૦૦૧ થી વધુ રૂા.૭૦૦૦ સુધી	૨૩ %
રૂા.૭૦૦૧ થી વધુ રૂા.૧૦,૦૦૦ સુધી	૨૫ %
રૂા.૧૦,૦૦૧ થી વધુ માટે	૩૦ %

૨. થીયેટર ટેક્ષ :

આ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા અલગથી દરખાસ્ત કરવામાં આવેલ હોઈ, જે દરખાસ્ત પરત્વે અલગથી ઠરાવ કરવામાં આવેલ છે.

૩. ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ :

આ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા અલગથી દરખાસ્ત કરવામાં આવેલ હોઈ, જે દરખાસ્ત પરત્વે અલગથી ઠરાવ કરવામાં આવેલ છે.

૪. ફાયર ટેક્ષ :

સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે ફાયર ટેક્ષના દર સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૫થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

૫ વાહન કર :

આ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા અલગથી દરખાસ્ત કરવામાં આવેલ હોઈ, જે દરખાસ્ત પરત્વે અલગથી ઠરાવ કરવામાં આવેલ છે.

૬. દિવાબતી કર :

સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે દિવાબતી કરના દર જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૫થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

૭. સફાઇ કર :

સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે સફાઇ કરના દર સને ૨૦૧૦-૧૧ના વર્ષ માં જ.બો.ઠ.નં.૫૩ તા. ૧૬/૦૨/૨૦૧૫થી મંજુર થયા મુજબ યથાવત રહેશે.

૮. પાણી દર :

આ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા અલગથી દરખાસ્ત કરવામાં આવેલ હોઈ, જે દરખાસ્ત પરત્વે અલગથી ઠરાવ કરવામાં આવેલ છે.

૯. ડ્રેનેજ ટેક્ષ :

સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે સને જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૫થી મંજુર થયા મુજબ યથાવત રહેશે.

આ ઠરાવ બજેટની દરખાસ્ત અન્વયે થયેલ સ્ટે.ક.ઠ.નં.૪૯૯ તા.૦૯/૦૨/૨૦૧૬ને આનુષાંગિક રહેશે.

ઉપરોકત મુજબની કર વસુલ કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજુ કરાવી ઠરાવ કરાવશો.

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૬ સર્વાનુમતે મંજુર

(સહી) પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૫૦૧ પરિપત્ર નં.૨૯

આ.નં.૦૩

ઠરાવ

મિલકતવેરામાં વળતર યોજના અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૪૯૪ તા.૨૮/૦૧/૨૦૧૬ નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્યકર, સફાઈકર, શિક્ષણ ઉપકર, ફાયરટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની રકમ મિલ્કત ધારકો પોતાની ભરવાપાત્ર રકમ માટે પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નિકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાઈથી મળી રહે તે માટે નિર્દેશ કરેલ વિગતે, વળતર યોજના અમલી બનાવવાના નીતિ વિષયક નિર્ણય અર્થે, સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં ઘટીત ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ દરખાસ્ત રજુ કરેલ છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીનો ઉપરોક્ત રીપોર્ટ લક્ષમાં લેતા, સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, દીવાબતી કર તથા પાણી ચાર્જની પોતાની ભરવાપાત્ર રકમ ભરવા માટે મિલકત ધારકો પ્રોત્સાહિત થાય તેમજ રાજકોટ મહાનગરપાલિકાની લેણી નીકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાઈથી મળી રહે તે માટે, નીચે મુજબ વળતર યોજના જાહેર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

(૧) નવા નાણાકીય વર્ષમાં વસુલાત શરૂ કર્યાની તારીખથી ૩૧ મે ૨૦૧૬ સુધીમાં સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જનું વ્યાજ/નોટિસ ફી સહિતની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૬-૧૭ની સામાન્ય કર, સફાઈ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની ભરપાઈ કરવાપાત્ર રકમના ૧૦% વળતર આપવું.

(૨) ઉપરોકત (૧)માં જણાવેલ મુદત પુરી થયે ત્યાર પછીના ૩૦ દિવસની અંદર એટલે કે, ૧ જુન, ૨૦૧૬થી ૩૦ જુન-૨૦૧૬ સુધીમાં સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જનું વ્યાજ/નોટિસ ફી સહિતની ચડત વેરાની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૬-૧૭ની સામાન્ય કર, સફાઈ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની ભરપાઈ કરવાપાત્ર રકમના ૫% વળતર આપવું.

(૩) ઉપરોકત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવું.

આ ઠરાવ બજેટની દરખાસ્ત અન્વયે થયેલ સ્ટે.ક.ઠ.નં.૪૯૯ તા.૦૯/૦૨/૨૦૧૬ને આનુષાંગિક ગણવો.

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૬ સર્વાનુમતે મંજુર

(સહી)પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૫૦૨ પરિપત્ર નં.૨૯

આ.નં.૦૪

ઠરાવ

ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શન પેટે વાર્ષિક ચાર્જ વસૂલવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૪૯૫ તા.૨૮/૦૧/૨૦૧૬નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગંદકીથી મુકત રાજકોટનો સ્માર્ટ ગોલ બાદ કેન્દ્ર સરકાર દ્વારા 'સ્વચ્છ ભારત મિશન' નો અમલ શરૂ કરવામાં આવ્યો છે, ઘન કચરા (વ્યવસ્થાપન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ અન્વયે ડોર ટૂ ડોર ગાર્બેજ કલેકશન કરવાનું સુચવવામાં આવેલ છે. ઉપરોકત બાબતોને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ ૨૮૪ મીની ટીપરવાન દ્વારા ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી સફળતાપૂર્વક કરવામાં આવે છે. હાલમાં રાજકોટમાં તમામ ૧ થી ૧૮ વોર્ડમાં ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શન કરવા માટે ઓપરેશન મેઇન્ટેનન્સનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે તથા અંદાજીત ચાર લાખ જેટલા ઘરો/દુકાનો/ઓફીસોમાંથી ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શન કરવામાં આવે છે. તેમજ આ ટીપરોનો કચરો ગાર્બેજ ટ્રાન્સફર સ્ટેશન ખાતે ખાલી કરવામાં આવે છે અને ત્યાંથી નાકરાવાડી ગાર્બેજ યાર્ડ ખાતે લઇ જવામાં આવે છે, આ તમામ જરૂરી કામગીરીઓ પાછળ રાજકોટ મહાનગરપાલિકાને થતા ખર્ચ અન્વયે શહેરમાં અલગ-અલગ તમામ પ્રકારના મિલકતધારકો/ઉપયોગકર્તાઓ પાસેથી યુઝર્સ ચાર્જ લેવો અનિવાર્ય બની રહે છે. સ્વચ્છ ભારત મિશનમાં સીટી રેન્કીંગમાં રાજકોટનો રેન્ક આગળ રહે તે માટે પણ કચરાનાં ડોર ટૂ ડોર કલેકશન માટે યુઝર્સ ચાર્જ લેવો જરૂરી છે.

ઉપરોકત બાબતને ધ્યાનમાં રાખી, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે નિર્દિષ્ટ કર્યા મુજબનો ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ વસુલ કરવો જરૂરી છે.

નિર્દિષ્ટ કર્યા મુજબનો યુઝર્સ ચાર્જ રહેણાંક મકાન માટે પ્રતિ દિન ફકત રૂા.૧/- જેટલો જ છે. જે ચાર્જ વસુલ કરવા નિર્ણય થવા અંગે, જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ રજૂ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લેતા, ડોર ટૂ ડોર ગાર્બેજ કલેક્શન પેટે, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે, નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો વાર્ષિક ચાર્જ વસૂલવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

મકાનના ઉપયોગનો પ્રકાર	વાર્ષિક ચાર્જ(રૂ.)
રહેણાંક ઉપયોગ	૩૬૫/-
વ્યાપારીક ઉપયોગ	૭૩૦/-

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તરફેણ:-૧૦

વિરુધ્ધ:-૦૨

તા.૦૯/૦૨/૨૦૧૬ બહુમતે મંજુર

(સહી) પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૫૦૩ પરિપત્ર નં.૨૯

ઠરાવ

આ.નં.૦૫

આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે થિએટર ટેક્ષ નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૪૯૬ તા.૨૮/૦૧/૨૦૧૬નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થિએટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે, આ પૈકી થિએટર ટેક્ષ હાલમાં સિનેમાના પ્રત્યેક શો દીઠ રૂા.૫૦/- વસૂલ કરવામાં આવે છે. તેના બદલે આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે, નિર્દિષ્ટ કર્યા મુજબ થિએટર ટેક્ષ વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લેતા, આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે થિએટર ટેક્ષ નીચેની વિગતે નિયત કરી, વસૂલ કરવાનું મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

(અ) સિનેમાના પ્રત્યેક શો દીઠ..... રૂા.૧૦૦/-

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૬ સર્વાનુમતે મંજુર

(સહી)પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૫૦૪ પરિપત્ર નં.૨૯

આ.નં.૦૬

ઠરાવ

આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૪૯૭ તા.૨૮/૦૧/૨૦૧૬નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થિએટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે, આ પૈકી ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ નીચેની વિગતે નિયત કરવાનો થાય છે.

જ.બો.ઠ.નં.૯૪ તા.૨૦/૦૨/૨૦૦૩થી ખુલ્લા પ્લોટ ઉપર ટેક્સ વસુલ કરવાનો દર રૂ.૭/- પ્રતિ ચો.મી. નિયત કરવામાં આવેલ તે મુજબ હાલમાં વસુલવામાં આવે છે. સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે ખુલ્લા પ્લોટ ઉપર ટેક્સ વસુલ કરવાનો દર નિર્દિષ્ટ કર્યા મુજબ વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લેતા, આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે ખુલ્લા પ્લોટ ઉપર, નીચે દર્શાવ્યા મુજબનો ટેક્ષ નિયત કરી, વસૂલ કરવાનુ મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

(અ) ૫૦૦ ચો.મી. સુધીના ખુલ્લા પ્લોટ માટે વાર્ષિક રૂ.૧૪/- પ્રતિ ચો.મી.

(બ) ૫૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળના ખુલ્લા પ્લોટ માટે વાર્ષિક રૂ.૨૧/- પ્રતિ ચો.મી.

(ક) વર્ષના કોઇપણ ભાગ માટે વાણિજ્યક હેતુ માટે ઉપયોગ થતો હોય તેવા ખુલ્લા પ્લોટ માટે વાર્ષિક રૂ.૨૮/- પ્રતિ ચો.મી.

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તરફેણ:-૧૦

વિરુધ્ધ:-૦૨

તા.૦૯/૦૨/૨૦૧૬ બહુમતે મંજુર

(સહી)પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૫૦૫ પરિપત્ર નં.૨૯

ઠરાવ

આ.નં.૦૭

આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે વાહન કર નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૪૯૮ તા.૨૮/૦૧/૨૦૧૬નો લક્ષમાં લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર,ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે, આ પૈકી વાહન કર નીચેની વિગતે નિયત કરવાનો થાય છે.

છેલ્લા દસેક વર્ષથી રાજકોટ શહેરનો અવિરતપણે વિકાસ થઇ રહ્યો છે. વાહનોની સંખ્યામાં દિન પ્રતિદિન ખુબજ વધારો થઇ રહેલ છે. જેના પરીણામે ટ્રાફીક અને પ્રદુષણની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. જેથી જાહેર પ્રજાને પબ્લિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા પુરી પાડવાના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાર તેમજ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં શહેરી બસ સેવા પુરી પાડવામાં આવે છે. જાહેર પ્રજા પોતાના અંગત વાહનનો ઉપયોગ ઓછો કરે અને પબ્લિક ટ્રાન્સપોર્ટશનનો ઉપયોગ વધુ કરે તે ઇચ્છનિય છે, પ્રાપ્ય માહિતી મુજબ શહેરમાં અંદાજે દર વર્ષે ૫૫ હજાર વાહનોનો ઉમેરો થાય છે, જો આ ઝડપે વાહન વધારો થાય તો આગામી દિવસોમાં પ્રદુષણની માત્રામાં મોટો વધારો થવાની શક્યતા રહેલ છે . વિશેષમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે રસ્તા રીપેરીંગ માટે મોટા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવેછે. જેથી આ ખર્ચને પહોંચી વળવા માટે તથા લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટેશન તરફ આકર્ષાય તે માટે વાહન વેરાના દરમાં ફેરફાર કરવો જરૂરી જણાય છે. હાલમાં વાહન વેરાનો દર નીચે મુજબ છે :

વાહન નું આયુષ્ય --→		૦-૧	૧-૨	૨-૩	૩-૪	૪-૫	૫-૬	૬-૭	૭-૮	૮-૯	૯-૧૦
વાહનની આયુષ્ય સંદર્ભ વાહન કરની ટકાવારી	વાર્ષિક કર રૂ.	૧૦૦%	૯૫%	૯૦%	૮૫%	૮૦%	૭૫%	૭૦%	૬૫%	૬૦%	૫૦%
૧)- મોટર લોરી											
ક-૩૦વેટ નો બોજો ખેંચી જવા માટે	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
ખ-૩૦થી૬૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૧૮	૧૮૦	૧૭૧	૧૬૨	૧૫૩	૧૪૪	૧૩૫	૧૨૬	૧૧૭	૧૦૮	૯૯
ગ- ૬૦થી૯૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૨૪	૨૪૦	૨૨૮	૨૧૬	૨૦૪	૧૯૨	૧૮૦	૧૬૮	૧૫૬	૧૪૪	૧૩૨
ઘ- ૯૦થી૧૨૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૦	૩૦૦	૨૮૫	૨૭૦	૨૫૫	૨૪૦	૨૨૫	૨૧૦	૧૯૫	૧૮૦	૧૬૫
ચ- ૧૨૦થી૧૫૦ હંદ્રવેટનોબોજો ખેંચી જવા માટે	૩૬	૩૬૦	૩૪૨	૩૨૪	૩૦૬	૨૮૮	૨૭૦	૨૫૨	૨૩૪	૨૧૬	૧૯૮
છ- ૧૫૦ હંદ્રવેટથી ઉપર	૪૨	૪૨૦	૩૯૯	૩૭૮	૩૫૭	૩૩૬	૩૧૫	૨૯૪	૨૭૩	૨૫૨	૨૩૧
૨) ટ્રેલરો											
ક- ૪૦ હંદ્રવેટથી ઓછું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૪૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬
૩) ખાનગી મોટરો											
ક- ૧૫ હંદ્રવેટથી ૩૦ હંદ્રવેટ	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
ખ- ૩૦ હંદ્રવેટથી વધુ	૧૨	૧૨૦	૧૧૪	૧૦૮	૧૦૨	૯૬	૯૦	૮૪	૭૮	૭૨	૬૬

ગ) ભાડે ફેરવવાની	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩
૪) મોટર સાયકલ/ઓટોરીક્ષા											
ક-૨૦૦ પાઉન્ડ થી ઓછું	૩	૩૦	૨૯	૨૭	૨૬	૨૪	૨૩	૨૧	૨૦	૧૮	૧૭
ખ-૨૦૦ પાઉન્ડ થી વધું	૬	૬૦	૫૭	૫૪	૫૧	૪૮	૪૫	૪૨	૩૯	૩૬	૩૩

ઉપરોકત વિગત જોતા, વાહન વેરાના દર અત્યંત નીચા છે જેના પરીણામે વર્ષ ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ દરમ્યાન અનુકમે રૂા.૧૨.૩૯ લાખ, રૂા.૧૫.૮૫ લાખ અને રૂા.૮.૫૫ લાખની આવક થયેલ છે. જે રાજકોટ મહાનગરપાલિકાના બજેટના માત્ર ૦.૦૨% જેવી થાય છે.

જ્યારે ઉપલબ્ધ માહિતી મુજબ અમદાવાદ મહાનગરપાલિકાની દ્વારા નીચેની વિગતે વાહન કર ઉઘરાવવામાં આવે છે.

અ.નં.	વાહન નો પ્રકાર	આજીવન કરનો દર
૧	સ્કુટર,મોટરસાયકલ,ત્રિચક્રી વાહનો	બેઝીક પ્રાઇઝના ૨.૫% લેખે
૨	ઓટો રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૩	લોડીંગ રીક્ષા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૪	મોટરકાર તથા ૧૦૦૦ સી.સી.સુધી.તથા પ્રત્યેક વધારાના સી.સી.દીઠ રૂા.૨/- વધારાના લેવા	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૫	મેટાડોર-મીની બસ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૬	ટ્રક તથા મોટી બસ	બેઝીક પ્રાઇઝના ૧% લેખે

રાજકોટ આર.ટી.ઓ. પાસેથી મેળવેલ વિગતો ધ્યાને લેતા, વાર્ષિક ૫૫૦૦૦ મોટર કાર અને ટ્રીચક્રી વાહનોનો શહેરની હદમાં ઉમેરો થાય છે. ઉપરોકત વાહનોની સંખ્યાને ધ્યાને લેતા સુચવ્યા મુજબના દરોથી વાહન વેરો લેવામાં આવે તો રાજકોટ મહાનગરપાલિકાને અંદાજે રૂા.૨૪૦ લાખ ની વાર્ષિક આવક થઇ શકે તેમ છે.

સમગ્ર હકીકત ધ્યાને લેતા, ધી BPMC એકટની કલમ ૧૨૭ હેઠળ, સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે, નિર્દિષ્ટ વિગતે વાહનવેરાનો દર આજીવન કર તરીકે નિયત કરવા યોગ્ય જણાય છે. તદુપરાંત,વાયુ પ્રદુષણ ઓછુ થાય તેવા વાહનોનો ઉપયોગ કરવા વધુમાં વધુ લોકો પ્રેરાય તે માટે તેઓને પ્રોત્સાહનરુપે નિર્દિષ્ટ વિગતે વળતર આપવા ઉપરોકત મુજબની કર વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોકત રિપોર્ટ લક્ષમાં લઇ તે પરત્વે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરતા, આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે નીચે દર્શાવ્યા મુજબની વિગતે, આજીવન વાહન કર નિયત કરવા તથા વાયુ પ્રદુષણ ઓછુ થાય તેવા વાહનોનો ઉપયોગ કરવા વધુમાં વધુ લોકો પ્રેરાય તે માટે તેઓને પ્રોત્સાહનરુપે નીચે દર્શાવ્યા મુજબની વિગતે વળતર આપવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

અ.નં.	વાહનનો પ્રકાર	આજીવન વાહન કરનો દર
૧	બિન યાંત્રિક વાહનો	શુન્ય (કરમુકત)
૨	યાંત્રિક વાહનો	બેઝીક પ્રાઇઝના (એક)૧% લેખે

વળતર:-

(અ) ઇલેક્ટ્રીક વાહનો : ભરવાપાત્ર વાહન વેરાના ૧૦૦%

(બ) સી. એન. જી. ઇંધણવાળા વાહનો: ભરવાપાત્ર વાહન વેરાના ૫૦%

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તરફેણ:-૧૦

વિરુધ્ધ:-૦૨

તા.૦૯/૦૨/૨૦૧૬ બહુમતે મંજુર

(સહી)પુષ્કર પટેલ

ચેરમેન

સ્ટેન્ડિંગ કમિટી

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

સ્ટે.ક.ઠ.નં.૫૦૬ પરિપત્ર નં.૨૯

આ.નં.૦૮

ઠરાવ

આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે પાણી દર નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૪૯૯ તા.૨૮/૦૧/૨૦૧૬નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ધી જી.પી.એમ.સી. એક્ટ ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, સફાઇ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ટેક્ષ, પાણી ચાર્જ/ટેક્ષ તથા થીયેટર ટેક્ષ, દિવાબતી કર, નિયત કરવાના થાય છે, આ પૈકી પાણી ચાર્જ નીચેની વિગતે નિયત કરવાનો થાય છે.

પાણી દર :

હાલમાં પાણી વેરાના દર જ.બો.ઠ.નં.૫૧ તા.૧૬/૦૨/૨૦૧૦થી મંજુર થયા પ્રમાણે વસુલ કરવામાં આવે છે. શહેરને પાણી પુરુ પાડવા માટે અલગ અલગ સ્ત્રોતોથી તથા નર્મદા યોજનાનુ પાણી જંગી ખર્ચથી મેળવવામાં આવેછે. ઘણી વખત અપુરતા વરસાદના સંજોગોમાં નિયમિત પાણી વિતરણ કરવુ પડકારરુપ હોવા છતાં ગયા વર્ષે દૈનિક ૨૦ મિનીટ પાણી વિતરણ કરેલછે. આ માટે અલગ અલગ જળાશયોથી થી પંપીગ કરવા માટે ઘણો ખર્ચ કરવો પડે છે. સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માં આ સંબંધે કુલ ખર્ચ રૂા.૧૦૯ કરોડ જેટલો થવાનો અંદાજ છે. હાલના પાણી ના દર મુજબ ગણતરી કરીએતો માત્ર ૨૪ % જેટલીજ વસુલાત થાયછે. સ્માર્ટ સીટી યોજના હેઠળ પાત્રતા પ્રાપ્ત કરવા પાણી સંબંધે થતો મહેસુલી ખર્ચ વસૂલ કરવા જરુરી છે . આથી સને ૨૦૧૬-૨૦૧૭ ના વર્ષ માટે પાણી વેરાના દર નીચે મુજબ સુચવવામાં આવે છે.

(અ) લો-રાઇઝ રહેણાંક તથા ફ્લેટ ટાઇપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેક્શન સાઇઝ પ્રમાણે પાણી પુરું પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કેલેન્ડર વર્ષ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણી ના દર રહેશે

૧/૨ ઇંચ કનેક્શનનો પ્રકાર	સુચિત વાર્ષિક દર (રૂ.)
રહેણાંક કનેક્શન	૧૬૮૦/-
બીન-રહેણાંક કનેક્શન	૩૩૬૦/-

(બ-૧) ૧/૨ ઇંચથી મોટા કનેકશન સંબંધે નીચે મુજબના સુચિત દરે પાણી ચાર્જ વસુલ કરવાનું રાખીએ.

નળ કનેક્શનની સાઇઝ	હાઇ રાઇઝ , લો રાઇઝ રહેણાંક ઉપયોગ માટે ઓછો માસિક દર રૂ.	સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટે ઓછો માસિક દર રૂ.	બીન-રહેણાંક , બાંધકામ માટે નો ઓછામાં ઓછો માસિક દર રૂ.
૩/૪"" (૨૦ મી.મી.)	૬૦૪	૧૦૦૮	૮૧૨૦
૧"" (૨૫ મી.મી.)	૧૦૦૮	૧૬૮૦	૧૩૪૪૦
૧ ૧/૪" " (૩૦ મી.મી.)	૧૫૧૨	૨૫૨૦	૨૦૧૬૦
૧ ૧/૨"" (૪૦ મી.મી.)	૨૫૨૦	૪૨૦૦	૩૩૬૦

૨"" (૫૦ મી.મી.)	૪૦૩૨	૬૮૨૦	૫૩૭૬૦
૨ ૧/૨"" (૬૫ મી.મી.)	૬૦૪૮	૧૦૦૮૦	૮૦૬૪૦
૩"" (૮૦ મી.મી.)	૧૦૦૮૦	૧૬૮૦૦	૧૩૪૪૦૦
૪"" (૧૦૦ મી.મી.)	૧૫૧૨૦	૨૫૨૦૦	૨૦૧૬૦૦
૬"" (૧૫૦ મી.મી.)	૨૨૬૮૦	૩૭૮૦૦	૩૦૨૪૦૦
૮"" (૨૦૦ મી.મી.)	૩૦૨૪૦	૫૦૪૦૦	૪૦૩૨૦૦
૧૨"" (૩૦૦ મી.મી.)	૪૦૩૨૦	૬૭૨૦૦	૫૩૭૬૦૦

ઉપરોકત મુજબની ચાર્જ વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ લક્ષમાં લઇ વિસ્તૃત ચર્ચા-વિચારણા કરતા, હાલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે દરથી પાણી દર વસૂલ કરવામાં આવે છે તેમાં કોઈ સુધારો વધારો નહી કરતા આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટે પ્રવર્તમાન દર મુજબનો પાણી દર નિયત કરી, વસૂલ કરવાનું મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઘટીત નિર્ણય અર્થે સામાન્ય સભામાં રજુ કરવું.

તા.૦૯/૦૨/૨૦૧૬ સર્વાનુમતે મંજુર

(સહી)પુષ્કર પટેલ
ચેરમેન
સ્ટેન્ડિંગ કમિટી
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

જ.બો.ઠ.નં. ૬૬ તા.૧૮/૦૨/૨૦૧૭

ધી બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૯૫ અન્વયે અનુક્રમે ૨૦૧૬-૧૭ની સાલના અંદાજપત્રમાં વધારો-ઘટાડો કરવા તથા સને ૨૦૧૭-૧૮ની સાલનું આવક તથા ખર્ચનું અંદાજપત્ર અને તે અંગેની નોંધ મ્યુનિસિપલ કમિશનરશ્રી તરફથી તેમના પત્ર નં.૩૩૨ તા.૨૭/૦૧/૨૦૧૭ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૭૮ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેવામાં આવે છે.

સૌપ્રથમ સને ૨૦૧૬-૧૭ની સાલના અંદાજપત્રમાં વધારો-ઘટાડો કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રીએ રજુ કરેલ, આ સાથેના પત્રકના કોલમ નં.૧૦ મુજબની દરખાસ્ત સંબંધે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. ચર્ચા-વિચારણાના અંતે, આ સાથેના પત્રકના કોલમ નં.૧૨માં દર્શાવ્યા પ્રમાણે ૨૦૧૬-૧૭નું રીવાઈઝ અંદાજપત્ર સુધારા-વધારા સહ મંજુર કરવા આ કમિટી સામાન્ય સભાને ભલામણ કરવામાં આવેલ છે.

સને ૨૦૧૭-૧૮ની સાલના અંદાજપત્રમાં આવક તથા ખર્ચ અંગેની કમિશનરશ્રીની દરખાસ્ત પરત્વે સંપૂર્ણ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ છે, ચર્ચા-વિચારણાના અંતે, આવક તથા ખર્ચનું અંદાજપત્ર 'અ' મહેસુલ આવક તથા ખર્ચ ભાગ-૧(અ)(બ),મૂડી આવકખર્ચનું અંદાજપત્ર ભાગ-૨(અ)(બ), અનામત આવક-જાવક અંદાજપત્ર ભાગ-૪, એસ્ટાબ્લિશમેન્ટ શેડ્યુલ, સીંકીંગ ફંડ આવક-ખર્ચનું અંદાજપત્ર તથા સ્ટાફ પેન્શન ફંડ આવક-ખર્ચનું અંદાજપત્ર વિગેરે આ સાથેના પત્રકમાં કોલમ નં.૧૩ થી તૈયાર કરવામાં આવેલ છે, જે મંજુર કરવામાં આવે છે.

આ ઉપરાંત ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૮ની કલમ ૧૨૭,૧૨૯ તથા ૯૯ હેઠળ સને ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સામાન્ય કર, થિએટર ટેક્ષ, ખુલ્લા પ્લોટ પરનો ટેક્ષ નિયત કરવા પત્ર નં.૩૩૩ તા.૨૭/૦૧/૨૦૧૭, વર્ષ ૨૦૧૭-૧૮માં મિલકતધારકો સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્સ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણીના ચાર્જની રકમ ભરવા પ્રોત્સાહિત થાય તે માટે વળતર યોજના અમલમાં મુકવા પત્ર નં.૩૩૪ તા.૨૭/૦૧/૨૦૧૭, ફાયર ચાર્જ નિયત કરવા પત્ર નં.૩૩૫ તા.૨૭/૦૧/૨૦૧૭, કાર્પેટ એરિયા આધારિત નિયમો બનાવવા પત્ર નં.૩૩૬ તા.૨૭/૦૧/૨૦૧૭, વાહન કર નિયત કરવા પત્ર નં.૩૩૭ તા.૨૭/૦૧/૨૦૧૭, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન પેટે વાર્ષિક ચાર્જ નિયત કરવા પત્ર નં.૩૩૮ તા.૨૭/૦૧/૨૦૧૭, પાણી દર નિયત કરવા પત્ર નં.૩૩૯ તા.૨૭/૦૧/૨૦૧૭થી રજુ કરેલ આનુષાંગિક દરખાસ્તો પરત્વે અલગ અલગ ઠરાવો કરવાનું મુનાસિબ જણાય છે, તેથી તે માટે અલગ અલગ ઠરાવો કરવામાં આવેલ છે, તે અંદાજપત્ર સહ મંજુર કરવામાં આવે છે.

તરફેણ : ૩૬
વિરુદ્ધ : કોઈ નહી

બહુમતે મંજુર

મેયર
વલસાડ મ્યુનિસિપલ કોર્પોરેશન

Scanned with OKEN Scanner

જ.બો.ઠ.નં. 93 તા.૧૮/૦૨/૨૦૧૬

આગામી વર્ષ ૨૦૧૬-૧૮ માટે જુદા-જુદા કરવેરા નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.333 તા.૨૭/૦૧/૨૦૧૬ તથા તે પરત્વેનો સ્ટે.ઠ.ઠ.નં.૩૭૯ તા.૦૯/૦૨/૨૦૧૬નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૮ દરમ્યાન ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૬, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ સામાન્ય કર અને જુદા-જુદા અન્ય કરવેરા નિયત કરવાના થાય છે,

ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૪૧-બી અન્વયે ઇમારતોના કાર્પેટ એરિયા અને જમીનોના વિસ્તારના ચો.મી. દીઠ ટેક્સના દર અને નિયમો નિયત કરેલ છે, જ.બો.ઠ.નં.૫૭ તા.૧૮.૦૮.૨૦૧૫થી ઠરાવ મંજુરી માટે સરકારશ્રીને મોકલાવેલ, પરંતુ સરકારશ્રી તરફથી પત્ર નં.રમના/૮૦૨૦૧૫/૬૩૮/પી તા. ૨૧.૦૬.૨૦૧૬ દ્વારા ડિસેમ્બર-૨૦૧૫માં થયેલ ચુંટણી અન્વયે જનરલ બોર્ડમાં ફરીથી ઠરાવ કરાવી દરખાસ્ત મોકલવા જણાવેલ, ઇમારતોના કાર્પેટ અને જમીનોના વિસ્તારના ચો.મી. મુજબ નિયમો મંજુર કરવા માટે અલગથી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે પરત્વે જ. બો. દ્વારા ઠરાવ થયા બાદ સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ અમલવારી તા.૦૧.૦૪.૨૦૧૬થી કરવાની થશે. અને તા.૩૧.૦૩.૨૦૧૬ સુધી હાલની પધ્ધતિ મુજબ વેરાની વસુલાત કરવાની રહે છે.

આમ, ધી જી.પી.એમ.સી એક્ટની કલમ ૧૪૧-બી તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા જેવા કે, સામાન્ય કર, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જ, પાણી ચાર્જ તથા થિએટર ટેક્ષ, વાહન વેરો, નિયત કરવાના થાય છે જે નિર્દિષ્ટ વિગતે દર્શાવેલ છે.તેમ જણાવી, જરૂરી ઠરાવ અર્થે, સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં કમિશનરશ્રીએ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વે સ્ટે.ઠ.ઠ.નં.૩૭૯ તા.૦૯/૦૨/૨૦૧૬નો લક્ષમાં લેતા, આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૮ દરમ્યાન ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૬, ૧૨૯, ૧૪૧-બી તથા ૯૯ હેઠળ સામાન્ય કર અને જુદા-જુદા અન્ય કરવેરા નીચે દર્શાવેલ વિગતે નિયત કરવાનું મંજુર કરવામાં આવે છે.

૧. સામાન્ય કર :

મ્યુનિસિપલ કમિશનરશ્રીએ તા.૦૧/૦૪/૨૦૧૬થી કાર્પેટ એરિયા આધારિત કરવેરા વસૂલ કરવા દરખાસ્ત રજુ કરેલ છે. પરંતુ શહેરના અમુક વોર્ડમાં સર્વેની કામગીરી હજુ થઇ જ નથી. તદ્ઉપરાંત ૨.૫૦ લાખ જેટલા મકાનોની ક્રોસ વેરિફિકેશનની કામગીરી બાકી છે. જે કામગીરી પુરી થયા બાદ તમામ મકાનની આકારણી બાબતે નિયમાનુસાર આકારણીની નોટિસ મોકલી, કરદાતાઓ પાસેથી વાંધા અરજી માંગવાનું ફરજીયાત છે. તેમજ વાંધા અરજીનો યોગ્ય નિકાલ કરી, જે તે મિલકત માટે કરવેરા નિયત કરવાના થાય. આ સમગ્ર પ્રક્રિયામાં મહાનગરપાલિકા કક્ષાએ કોઈ ભૂલ ન રહેવા પામે તથા કોઈ પણ કરદાતા ખોટી આકારણીનો ભોગ ન બને તે પણ જોવાનું રહે છે.

વિશેષમાં, શહેરના અનેક કરદાતાઓ પાસે લાંબા સમયથી અંદાજે કુલ રૂ.૪૯૪ કરોડ જેટલી મિલકત વેરા અને પાણી ચાર્જીસની વ્યાજ સહિતની રકમ વસૂલ કરવાની બાકી છે. જ્યાં સુધી પાછલા બાકી માંગણાની પૂરેપૂરી વસૂલાત ન થાય ત્યાં સુધી નવી વેરા પદ્ધતિ અમલમાં મૂકવી જાહેર હિતમાં યોગ્ય નથી નવી વેરા પદ્ધતિ અમલમાં મૂકવાથી પાછલા બાકી માંગણાની વસૂલાત અટકી પડે તેવી શક્યતા પણ છે.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતા, સને ૨૦૧૬-૧૭માં જે મુજબ મકાન વેરો, સફાઈ કર, ડ્રેનેજ કર, દિવાબત્તી કર વસૂલ કરવામાં આવેલ તે મુજબના ધોરણે હાલ તુરત સને ૨૦૧૭-૧૮ના વર્ષમાં મકાન વેરો, સફાઈ કર, ડ્રેનેજ કર, દિવાબત્તી કર વસૂલ કરવાનું મંજુર કરવામાં આવે છે.

Scanned with OKEN Scanner

તેમજ સને ૨૦૧૭-૧૮ના નાણાકીય વર્ષ દરમિયાન કાર્પેટ એરિયા આધારિત આકારણી પદ્ધતિની તમામ પ્રક્રિયા પૂર્ણ કરી, તા.૦૧/૦૪/૨૦૧૮થી આ કાર્પેટ એરિયા આધારિત આકારણી પદ્ધતિ મુજબ વેરા વસૂલાત થાય તે મુજબની કાર્યવાહી મ્યુનિસિપલ કમિશનરશ્રીએ હાથ ધરવાનું મંજુર કરવામાં આવે છે.

વિશેષમાં, હાલ રાજકોટ શહેરમાં ભાડુઆત દરજ્જે વપરાશમા હોય તેવી કોમર્શીયલ મિલકતોની આકારણી ભાડા જેટલી કરવામાં આવે છે. જેના કારણે ખુબ જ અસહ્ય કરબોજ આવે છે. તેથી મોટા વ્યવસાયિકો/કંપનીઓ શહેરમાં ધંધાર્થે કે રોકાણ અર્થે આવતા નથી. આથી આ પ્રકારની મિલકતોની આકારણી ભાડા મુજબ નહી કરતા, રાજ્યની અન્ય મહાનગરપાલિકાની આવા પ્રકારની મિલકતોની આકારણી ચકાસી, મોટા વ્યવસાયિકો/કંપનીઓ વિ. શહેરમાં આવી, પોતાનો વ્યવસાય/રોકાણ કરી શકે તે માટે વ્યવહારુ આકારણી દર લાગુ કરવા જરૂરી કાર્યવાહી મ્યુનિસિપલ કમિશનરશ્રીએ હાથ ધરવાનું મંજુર કરવામાં આવે છે.

શહેરની તમામ મિલકતો માટે કાર્પેટ એરિયા આધારિત આકારણી પદ્ધતિ અમલમાં મૂકવાનું આયોજન છે. ઘણા મિલકતધારકો સંજોગોવશાત મિલકતવેરો તથા પાણી ચાર્જીસ ભરી શકેલ નથી.તેવા તમામ મિલકતધારકોને, કાર્પેટ એરિયા આધારિત આકારણી પદ્ધતિ અમલમાં આવે તે પહેલા "વન ટાઈમ સેટલમેન્ટ" યોજના દાખલ કરવાનો નિર્ણય સ્ટેન્ડિંગ કમિટી દ્વારા કરવામાં આવેલ છે, જે મંજુર કરવામાં આવે છે.

કાર્પેટ એરિયા આધારિત આકારણી પદ્ધતિની અમલવારી માટે મિલકતવેરા પેટેની જૂની બાકી ધરાવતા મિલકતધારકોના કારણે વિસંગતતા ઉભી થાય છે અને લાંબા સમયથી ચડત રકમ નહિ ભરનાર મિલકતધારકોને એક તક મળે તેમજ વ્યાજની રકમમાં રાહત મળે અને રાજકોટ મહાનગરપાલિકાને પણ પાછલી બાકી રકમની આવક થાય તેમજ કાર્પેટ એરિયા આધારિત પદ્ધતિની અમલવારીમાં સરળતા રહે તે હેતુથી આ યોજનાનો અમલ કરવાનો નિર્ણય સ્ટેન્ડિંગ કમિટી દ્વારા કરવામાં આવેલ છે, જે મંજુર કરવામાં આવે છે.

"વન ટાઈમ સેટલમેન્ટ" યોજના, નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ, તા.૦૧/૦૩/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી અને તા.૧૧/૦૪/૨૦૧૭ થી તા.૩૦/૦૪/૨૦૧૭ સુધી અમલમાં રહેશે.

કોષ્ટક

વ્યાજની રકમ (રૂ.)	વ્યાજ માફી
૨૫,૦૦૦ સુધી	સંપૂર્ણ માફ
૨૫,૦૦૧ થી ૫૦,૦૦૦ સુધી	૫૦%
૫૦,૦૦૧ થી ૧,૦૦,૦૦૦	૨૫%
૧,૦૦,૦૦૧ થી વધું	૧૫%

વ્યાજની રકમ (રૂ.)	વ્યાજ માફી	વળતર(રૂ.)	ભરવાપાત્ર
૨૫૦૦૦	૧૦૦%	૨૫૦૦૦	૦
૩૦૦૦૦	૫૦%	૨૭૫૦૦	૨૫૦૦
૪૦૦૦૦	૫૦%	૩૨૫૦૦	૭૫૦૦
૫૦૦૦૦	૫૦%	૩૭૫૦૦	૧૨૫૦૦
૬૦૦૦૦	૨૫%	૪૦૦૦૦	૨૦૦૦૦
૭૦૦૦૦	૨૫%	૪૨૫૦૦	૨૭૫૦૦

Scanned with OKEN Scanner

૮૦૦૦૦	૨૫%	૪૫૦૦૦	૩૫૦૦૦
૯૦૦૦૦	૨૫%	૪૭૫૦૦	૪૨૫૦૦
૧૦૦૦૦૦	૨૫%	૫૦૦૦૦	૫૦૦૦૦
૧૧૦૦૦૦	૧૫%	૫૧૫૦૦	૫૮૫૦૦
૧૫૦૦૦૦	૧૫%	૫૭૫૦૦	૯૨૫૦૦
૨૦૦૦૦૦	૧૫%	૬૫૦૦૦	૧૩૫૦૦૦

૨. થિએટર ટેક્ષ :

સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે થિએટર ટેક્સના દર જ.બો.ઠ.નં.૯૦ તા.૧૯/૦૨/૨૦૧૬થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

૩. ખુલ્લા પ્લોટ ઉપરનો ટેક્ષ :

સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે ખુલ્લા પ્લોટ ઉપર ટેક્સના દર જ.બો.ઠ.નં.૯૧ તા.૧૯/૦૨/૨૦૧૬થી મંજુર થયા પ્રમાણે યથાવત રહેશે.

૪. વાહન કર :

આ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા અલગથી દરખાસ્ત કરવામાં આવેલ હોઈ, જે દરખાસ્ત પરત્વે અલગથી ઠરાવ કરવામાં આવેલ છે.

૫. ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ :

આ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા અલગથી દરખાસ્ત કરવામાં આવેલ હોઈ, જે દરખાસ્ત પરત્વે અલગથી ઠરાવ કરવામાં આવેલ છે.

૬. પાણી દર :

આ માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા અલગથી દરખાસ્ત કરવામાં આવેલ હોઈ, જે દરખાસ્ત પરત્વે અલગથી ઠરાવ કરવામાં આવેલ છે.

આ ઠરાવ બજેટની દરખાસ્ત અન્વયે થયેલ સ્ટે.ક.ઠ.નં.૩૭૮ તા.૦૯/૦૨/૨૦૧૭ તથા તે પરત્વે થયેલ જ.બો.ઠ.નં...૬૬...તા.૧૮/૦૨/૨૦૧૭ને આનુષાંગિક રહેશે.

ઉપરોક્ત મુજબના કર વસુલ કરવાનું મંજુર કરવામાં આવે છે.

તરફેણ : ૩૬
વિરુદ્ધ : કોઈ નહી

બહુમતે મંજુર

મેયર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

Scanned with OKEN Scanner

જ.બો.ઠ.નં.૬૮/તા.૧૮/૦૨/૨૦૧૭

સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, દીવાબતી કર તથા પાણી ચાર્જની પોતાની ભરવાપાત્ર રકમ ભરવા માટે મિલકત ધારકો પ્રોત્સાહિત થાય તેમજ રાજકોટ મહાનગરપાલિકાની લેણી નીકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાઈથી મળી રહે તે માટે વળતર યોજના જાહેર કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૩૪ તા.૨૭/૦૧/૨૦૧૭ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૦ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જની પોતાની ભરવાપાત્ર રકમ ભરવા માટે મિલકત ધારકો પ્રોત્સાહિત થાય તેમજ મહાનગરપાલિકાની લેણી નિકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાઈથી મળી રહે તે માટે નિર્દેશ કરેલ વિગતે, વળતર યોજના અમલી બનાવવાના નીતિવિષયક નિર્ણય અર્થે, જરૂરી ઠરાવ અર્થે, સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં કમિશનરશ્રીએ દરખાસ્ત રજુ કરેલ છે.

મ્યુનિસિપલ કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૦ તા.૦૯/૦૨/૨૦૧૭નો લક્ષમાં લેતા, સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવનાર સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ ચાર્જ, દીવાબતી કર તથા પાણી ચાર્જની પોતાની ભરવાપાત્ર રકમ ભરવા માટે મિલકત ધારકો પ્રોત્સાહિત થાય તેમજ રાજકોટ મહાનગરપાલિકાની લેણી નીકળતી રકમ માંગણા નોટિસ વગર સહેલાઈથી મળી રહે તે માટે, નીચે મુજબ વળતર યોજના જાહેર કરવાનું મંજુર કરવામાં આવે છે.

(૧) નવા નાણાંકીય વર્ષમાં વસુલાત શરૂ કર્યાની તારીખથી ૩૧ મે ૨૦૧૭ સુધીમાં સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જનું વ્યાજ/નોટિસ ફી સહિતની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૭-૧૮ની સામાન્ય કર, સફાઈ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર, તથા પાણી ચાર્જ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની રકમના ૧૦% વળતર આપવું.

(૨) ઉપરોકત (૧)માં જણાવેલ મુદત પુરી થયે, ત્યાર પછીના ૩૦ દિવસની અંદર એટલે કે, ૧ જુન,૨૦૧૭ થી ૩૦ જુન-૨૦૧૭ સુધીમાં સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર તથા પાણી ચાર્જનું વ્યાજ/નોટિસ ફી સહિતની ચડત વેરાની પુરેપુરી રકમ ભરપાઈ કરી આપનારને સને ૨૦૧૭-૧૮ની સામાન્ય કર, સફાઈ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર, તથા પાણી ચાર્જ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની રકમના ૫% વળતર આપવું.

(૩) ઉપરોકત (૧) તથા (૨)માં જણાવેલ વિગતો ઉપરાંત ફક્ત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવું.

જો કલમ ૧૪૧-બી હેઠળ બનાવેલા નિયમો સરકારશ્રીમાંથી મંજુર ન થાય તેવા સંજોગોમાં વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટમાં મંજુર થયા મુજબ સામાન્ય કર, સફાઈ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબતી કર, તથા પાણી ચાર્જ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની રકમમાં વળતર આપવુ.

તાજેતરમાં ભારત સરકાર દ્વારા કાળા નાંણાને ડામવા સમગ્ર દેશમાં રોકડ લેવડ-દેવડની જગ્યાએ કેશલેસ/ ઈલેક્ટ્રોનિક લેવડદેવડને પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો શરૂ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ ઇન્ટરનેટના માધ્યમથી કે કોઇપણ પ્રકારના ડીજીટલ ટ્રાન્જેકશનથી વેરો ભરવા માટે મિલકતધારકોને પ્રોત્સાહન આપવું જરૂરી જણાતું હોઈ, આ કામે મિલકત ધારકોને નીચે મુજબ પ્રોત્સાહન આપવાનું મંજુર કરવામાં આવે છે.

(૪) વેરા વસુલાત શાખાના મિલકત વેરાની સંપુર્ણ રકમ રૂ.૧૦,૦૦૦/- સુધીની ભરપાઇ કરે તો સામાન્ય કરની રકમના ૧% (ઓછામાં ઓછુ રૂ.૫૦) વધારાનુ વળતર આપવું.

Scanned with OKEN Scanner

(૫) વેરા વસુલાત શાખાના મિલકત વેરાની સંપુર્ણ રકમ રૂ.૧૦,૦૦૦/-થી વધુ અને રૂ.૧ લાખ સુધી ભરપાઇ કરે તો સામાન્ય કરની રકમના ૦.૫% વધારાનુ વળતર આપવું.

(૬) વેરા વસુલાત શાખાના મિલકત વેરાની સંપુર્ણ રકમ રૂ.૧ લાખથી વધુ ભરપાઇ કરે તો સામાન્ય કરની રકમના ૦.૨૫% વધારાનુ વળતર આપવું.

આ ઠરાવ બજેટની દરખાસ્ત અન્વયે થયેલ સ્ટે.ક.ઠ.નં.૩૭૮ તા.૦૯/૦૨/૨૦૧૭ તથા તે પરત્વે થયેલ જ.બો.ઠ.નં...૬૬...તા.૧૮/૦૨/૨૦૧૭ને આનુષાંગિક ગણવો.

૧૨કોલ : ૩૬
વિરુદ્ધ : કોઈ નહી.

બહુમતે મંજુર

મેયર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

પરિપત્ર નં.૦૯ આ.નં.૦૪

જ.બો.ઠ.નં.૬૯ તા.૧૮/૦૨/૨૦૧૭

આગામી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન ધી બી.પી.એમ.સી.એકટ-૧૯૪૯ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૩૧-બી તેમજ કલમ "૧૪૧(૩૩)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાના થાય છે. જે પૈકી ફાયર ચાર્જ નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૩૫ તા.૨૭/૦૧/૨૦૧૭ તથા તે પરત્વેનો સ્ટે.ઠ.ઠ.નં.૩૮૧ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, શહેરને વિશ્વ કક્ષાનુ સ્માર્ટ સિટી બનાવવા માટે રાજકોટમા ૪૫ મીટરથી ઉંચા બિલ્ડીંગ શહેરમાં બનાવવાનુ શરૂ થયુ છે. આવા ઉંચી ઇમારતોને પણ બધી જ પ્રાથમિક સુવિધા મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવે છે. ખાસ કરીને અગ્નિશમનની સેવાઓ માટે વિશેષ સાધનો અને મશીનરીની જરૂરિયાત પડશે. સાધનો ખરીદવા એ પુરતુ નથી. તેના રોજબરોજના વપરાશ માટે પણ મિલાવ ખર્ચ કરવો પડે છે. હાલમાં પણ ફાયર સેવાઓ માટે રૂ.૧૧ કરોડ જેટલો ખર્ચ થાય છે. જેને પહોંચી વળવા માટે ફાયર ચાર્જ ઉઘરાવવો જરૂરી બને છે.

મકાનના પ્રકાર	વાર્ષિક ચાર્જ/યુનિટ
૪૫ મી. સુધીની ઇમારતો	શૂન્ય
૪૫ મી. થી ઉંચી ઇમારતો	રૂા. 3000/-

આથી સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે ફાયર ચાર્જ ઉપર મુજબ સુચવી, જે મુજબનો ફાયર ચાર્જ વસૂલ કરવા અંગે સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં જરૂરી ઠરાવ અર્થે કમિશનરશ્રીએ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વેનો સ્ટે.ઠ.ઠ.નં.૩૮૧ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેતા, શહેરમાં ૪૫ મીટરથી ઉંચા બિલ્ડીંગ માટે ફાયર ચાર્જ વસૂલ કરવાનું હાલ મુનાસિબ જણાતું ન હોઈ, કમિશનરશ્રીએ રજુ કરેલ આ દરખાસ્ત "નામંજુર" કરવાનું તથા જ.બો.ઠ.નં.૮૭ તા.૧૯/૦૨/૨૦૧૬ અન્વયે સને ૨૦૧૬-૧૭ના વર્ષ માટે મંજુર થયા મુજબના દરે ફાયર ચાર્જ વસુલ કરવાનું મંજુર કરવામાં આવે છે.

તરફેણ : ૩૬

વિરુધ્ધ : કોઈ નહી

બહુમતે મંજુર

મેયર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

A.K. Rathod
અનીલ ડે, ૨, ૨૦૧૭

(ચાલુ ઠરાવ)

Scanned with OKEN Scanner

પરિપત્ર નં.૦૯ આ.નં.૦૫

જ.બો.ઠ.નં. ૭૦તા.૧૮/૦૨/૨૦૧૭

કાર્પેટ એરિયા આધારિત વેરા-પધ્ધતિના નિયમો બનાવવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૩૬ તા.૨૭/૦૧/૨૦૧૭ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૨ તા.૦૯/૦૨/૨૦૧૭નો લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરાની આકારણી ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૧૨૭ હેઠળની જોગવાઇઓ અનુસાર કરવામાં આવે છે. ગુજરાત સરકારશ્રી તરફથી ગુજરાત રાજ્યમાં આવેલ મહાનગરપાલિકાઓમાં એરિયા બેઇઝ આકારણી પધ્ધતિ દાખલ કરવામાં માટે ઉક્ત અધિનિયમમાં સુધારો કરી, કલમ "૧૪૧-બી થી ૧૪૧-એફ " ની જોગવાઇઓ દાખલ કરવામાં આવેલ છે. તેમજ કલમ "૧૪૧-કક" હેઠળ મિલકતવેરાની સાથે વોટર ચાર્જ અને સુએઝ ચાર્જ (સામાન્ય : યુઝર ચાર્જ તરીકે ઓળખાતા ચાર્જ) વસુલ કરવાની જોગવાઇ પણ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના જ.બો.ઠ.નં.૫૭ તા.૧૮.૦૮.૨૦૧૫થી કારપેટ એરિયા આધારિત મિલકત વેરાની મંજુરી અર્થે રાજ્ય સરકારમાં મોકલાવેલ પરંતુ સરકારશ્રીના પત્ર નં.૨મન/૮૦૨૦૧૫/૬૩૮/પી તા.૨૧.૦૬.૨૦૧૬ દ્વારા ડિસેમ્બર-૨૦૧૫માં થયેલ ચુંટણી અન્વયે નવી ચુંટાયેલા જનરલ બોર્ડમાં ફરીથી ઠરાવ કરાવી દરખાસ્ત મોકલવા જણાવેલ, સદરહુ સુચના અનુસાર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કારપેટ એરિયા આધારિત મિલકતવેરા માટેના નિયમોનો મુળ મુસદ્દો અંગ્રેજી તથા તેના ગુજરાતી અનુવાદમાં સામેલ રાખી, સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૨ તા.૦૯/૦૨/૨૦૧૭નો લક્ષમાં લેતા, કમિશનરશ્રીએ રજુ કરેલ આ દરખાસ્ત "નામંજુર" કરવામાં આવે છે તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કારપેટ એરિયા આધારિત મિલકતવેરા માટેના નિયમો સુધારા સહ રજુ કરવા પુનઃદરખાસ્ત કરવા કમિશનરશ્રીને અનુરોધ કરવામાં આવે છે.

તરફેણ : ૩૬
વિરુધ્ધ: કોઈ નહી

બહુમતે મંજુર

(અશ્વિન મોલીયા)

મેયર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

જ.બો.ઠ.નં. ૭૧ તા.૧૮/૦૨/૨૦૧૭

આગામી વર્ષ ૨૦૧૭-૧૮ માટે વાહન કર નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૩૭ તા.૨૭/૦૧/૨૦૧૭ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૩ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૧૨૭, ૧૨૯, ૧૪૧-બી તેમજ કલમ "૧૪૧(કક)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાના થાય છે. જે પૈકી નિર્દિષ્ટ વિગતે વાહન કર નિયત કરવાનો થાય છે .

વાહન કર :

સને ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે જી.પી.એમ.સી. એક્ટની કલમ ૧૨૭ હેઠળ વાહન કરનો દર નીચેની વિગતે આજીવન કર તરીકે નિયત કરવા યોગ્ય જણાય છે.

અ.નં.	વાહનનો પ્રકાર	આજીવન કરનો દર
૧	બિન યાંત્રિક વાહનો	શુન્ય (કરમુકત)
૨	દ્વી-ચક્રી અને ત્રિ-ચક્રી યાંત્રિક વાહનો	બેઝીક પ્રાઇઝના ૧% લેખે
૩	ક્રમ- ૨ સિવાયના યાંત્રિક વાહનો	બેઝીક પ્રાઇઝના ૧.૫ % લેખે

વળતર : -

(અ) ઇલેક્ટ્રીક વાહનો : ભરવા પાત્ર વેરાના ૧૦૦%

(બ) સી.એન.જી. ઇંધણવાળા વાહનો : ભરવા પાત્ર વેરાના ૫૦%

(ક) દિવ્યાંગ લોકો માટેના વાહનો : ભરવા પાત્ર વેરાના ૧૦૦%

ઉપરોકત મુજબની કર વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૩ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેતા, કમિશનરશ્રીએ રજુ કરેલ આ દરખાસ્ત "નામંજુર" કરવાનું તેમજ જ.બો.ઠ.નં.૯૨ તા.૧૯/૦૨/૨૦૧૬ અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ માટે વાહન કરનો જે દર મંજુર કરવામાં આવેલ છે તે દર મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ માટે વાહન કર વસુલ કરવાનું તેમજ વિશેષમાં, દિવ્યાંગ લોકો માટેના વાહનો માટે ભરવા પાત્ર વેરાના ૧૦૦% વળતર આપવાનું મંજુર કરવામાં આવે છે.

તરફેણ : ૩૬
વિરુધ્ધ : કોઈ નહી

બહુમતે મંજુર

બોર્ડ
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

(અનિલાબા ગોહીલ)

Scanned with OKEN Scanner

પરિપત્ર નં.૦૯

જ.બો.ઠ.નં.૧૨ તા.૧૮/૦૨/૨૦૧૭

આગામી વર્ષ ૨૦૧૭-૧૮ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૩૮ તા.૨૭/૦૧/૨૦૧૭ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૪ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેવામાં આવે છે.

આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૧૨૭, ૧૨૯,૧૪૧-બી તેમજ કલમ "૧૪૧(કક)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાનાં થાય છે. જે પૈકી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ નિયત કરવાનો થાય છે.

ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ :

હાલમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ નીચે મુજબ વસૂલવામાં આવે છે.

મકાનના ઉપયોગનો પ્રકાર	વાર્ષિક ચાર્જ
રહેણાંક ઉપયોગ	રૂા. ૩૬૫ /-
વ્યાપારીક ઉપયોગ	રૂા. ૭૩૦ /-

પરંતુ આ માટે થતા ખર્ચને ધ્યાનમાં લેતા તથા લોકો સફાઇ બાબતમા વધુ જાગ્રત બને અને ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટર જેવા સાધનોનો ઉપયોગ કરવા પ્રેરાય તે હેતુથી સને ૨૦૧૭-૧૮ના વર્ષ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જના દર નીચે મુજબ સુચવવામાં આવે છે.

મકાનના ઉપયોગનો પ્રકાર	વાર્ષિક ચાર્જ
રહેણાંક ઉપયોગ	રૂા. ૩૬૫ /-
વ્યાપારીક ઉપયોગ	રૂા. ૯૧૨ /-

ઉપરાંત, જે વ્યાપારીક ઉપયોગવાળા મકાન ધારકો દૈનિક ૨૫ કિલો થી વધારે કચરો ઉત્પન્ન કરતા હોય છતાં ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટરનો ઉપયોગ ન કરતાં હોય તેઓ પાસેથી વધારાના રૂ.૨૫૦૦૦/- પ્રતિ વર્ષ વસૂલ કરવાનાં રહેશે. સામાજિક, ધાર્મિક ટ્રસ્ટની મિલકતોને આ વધારનો ચાર્જ લાગુ પડશે નહિ.

ઉપરોકત મુજબની ચાર્જ વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૪ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેતા, કમિશનરશ્રીએ રજુ કરેલ દરખાસ્ત "નામંજુર" કરવાનું તેમજ જ.બો.ઠ.નં.૮૯ તા.૧૯/૦૨/૨૦૧૬ અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જનો જે દર મંજુર કરવામાં આવેલ છે તે દર મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ માટે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જ વસુલ કરવાનું મંજુર કરવામાં આવે છે.

તરફેણ : ૩૬
વિરુધ્ધ : કોઈ નહી

બહુમતે મંજુર

મેયર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

Scanned with OKEN Scanner

જ.બો.ઠ.નં.૭૩ તા.૧૮/૦૨/૨૦૧૭

આગામી વર્ષ ૨૦૧૭-૧૮ માટે પાણી વેરાના દર નિયત કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૩૩૯ તા.૦૨૭/૦૧/૨૦૧૭ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૫ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેવામાં આવે છે.

આ સંબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, આગામી નાણાંકિય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન ધી બી.પી.એમ.સી.એક્ટ-૧૯૪૯ની કલમ ૧૨૭,૧૨૯,૧૪૧-બી તેમજ કલમ "૧૪૧(કક)" તથા ૯૯ હેઠળ જુદા-જુદા કરવેરા નિયત કરવાના થાય છે. જે પૈકી વોટર ચાર્જ નિયત કરવાનો થાયછે .

પાણી દર :

હાલમાં પાણી વેરાના દર જ.બો.ઠ.નં.૪૭ તા.૧૮/૦૨/૨૦૦૮થી મંજુર થયા પ્રમાણે વસુલ કરવામાં આવે છે. શહેરને પાણી પુરૂ પાડવા માટે અલગ અલગ સ્ત્રોતોથી તથા નર્મદા યોજનાનુ પાણી જંગી ખર્ચથી મેળવવામાં આવેછે. ઘણી વખત અપુરતા વરસાદના સંજોગોમાં નિયમિત પાણી વિતરણ કરવુ પડકારરૂપ હોવા છતાં ગયા વર્ષે દૈનિક ૨૦ મિનીટ પાણી વિતરણ કરેલછે. આ માટે અલગ અલગ જળાશયોથી થી પંપીગ કરવા માટે ઘણો ખર્ચ કરવો પડે છે. સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ માં આ સંબંધે કુલ ખર્ચ રૂા.૯૩ કરોડ જેટલો થવાનો અંદાજ છે. હાલના પાણી ના દર મુજબ ગણતરી કરીએતો માત્ર ૨૭ % જેટલીજ વસુલાત થાયછે. સ્માર્ટ સીટી યોજના હેઠળ પાત્રતા પ્રાપ્ત કરવા પાણી સંબંધે થતો મહેસુલી ખર્ચ વસૂલ કરવા જરૂરી છે. આથી સને ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ માટે પાણી વેરાના દર નીચે મુજબ સુચવવામાં આવે છે.

(અ) લો-રાઇઝ રહેણાંક તથા ફ્લેટ ટાઇપના મકાનો અને રહેણાંક સિવાયના મકાનો માટે નળ કનેક્શન સાઇઝ પ્રમાણે પાણી પુરું પાડવા માટે ઉપયોગ પ્રમાણે દર કેલેન્ડર વર્ષ અથવા તેના ભાગ માટે નીચે પ્રમાણે પાણી ના દર રહેશે.

૧/૨ ઇંચ કનેક્શનનો પ્રકાર	સુચિત દર
રહેણાંક કનેક્શન	વાર્ષિક રૂા.૮૪૦
બીન-રહેણાંક કનેક્શન	વાર્ષિક રૂા.૨૪૦૦

(બ-૧) ૧/૨ ઇંચથી મોટા કનેકશન સંબંધે નીચે મુજબના સુચિત દરે પાણી ચાર્જ વસુલ કરવાનું રાખીએ.

નળ કનેક્શનની સાઇઝ	હાઇ રાઇઝ, લો રાઇઝ રહેણાંક ઉપયોગ માટે ઓછો માસિક દર રૂા.	સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી રહેણાંક ઉપયોગ માટે ઓછો માસિક દર રૂા.	બીન-રહેણાંક બાંધકામ માટેનો ઓછામાં ઓછો માસિક દર રૂા.
3/4"" (૨૦ મી.મી.)	**302**	**504**	**5800**
૧"" (૨૫ મી.મી.)	**504**	**840**	**9600**
૧ ૧/૪" " (૩૦ મી.મી.)	**756**	**1260**	**14400**
૧ ૧/૨"" (૪૦ મી.મી.)	**1260**	**2100**	**24000**
૨"" (૫૦ મી.મી.)	**2016**	**3410**	**38400**

Scanned with OKEN Scanner

૨ ૧/૨"" (૬૫ મી.મી.)	3024	5040	57600
૩"" (૮૦ મી.મી.)	5040	8400	96000
૪"" (૧૦૦ મી.મી.)	7560	12600	144000
૬"" (૧૫૦ મી.મી.)	11340	18900	216000
૮"" (૨૦૦ મી.મી.)	15120	25200	288000
૧૨"" (૩૦૦ મી.મી.)	20160	33600	384000

ઉપરોકત મુજબની ચાર્જ વસુલ કરવા અંગે જરૂરી ઠરાવ અર્થે કમિશનરશ્રીએ સ્થાયી સમિતિ મારફત સામાન્ય સભામાં દરખાસ્ત રજુ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વેનો સ્ટે.ક.ઠ.નં.૩૮૫ તા.૦૯/૦૨/૨૦૧૭ લક્ષમાં લેતા, કમિશનરશ્રીએ રજુ કરેલ આ દરખાસ્ત "નામંજુર" કરવાનું તેમજ જ.બો.ઠ.નં.૯૩ તા.૧૯/૦૨/૨૦૧૬ અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ માટે પાણી ચાર્જનો જે દર મંજુર કરવામાં આવેલ છે તે દર મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ માટે પાણી ચાર્જ વસુલ કરવાનું મંજુર કરવામાં આવે છે.

તરફેણ : ૩૬
વિરુધ્ધ : કોઈ નહી

બહુમતે મંજુર

મેયશ્ર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

કોર્પોરેશન ફંડ

અંદાજપત્ર

૨૦૧૬–૨૦૧૭

રાજકોટ મહાનગરપાલિકા – અંદાજપત્ર વર્ષ: ૨૦૧૬–૨૦૧૭

(રકમ ₹ લાખમાં)

બજેટ સંજ્ઞા	બજેટ સદર	હિસાબી સંજ્ઞા	હિસાબી સદર	ખરેખર			મૂળ અંદાજ	ખરેખર	કમિશનરશ્રી એ સુચવેલ		સ્થા. સમિતિ એ મંજુર કરેલ		સામા. સભાએ મંજુર કરેલ	
				૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૩૦/૧૧/૧૫	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
		ભાગ–૧એ	પુરાંત બાકી	૧૩૬૭૮.૬૯	૧૬૧૦૧.૨૪	૧૩૮૬૪.૬૬	૮૨૧૮.૫૩	૧૨૦૭૮.૨૬	૧૨૦૭૮.૨૬	૩૪૦.૬૪	૧૨૦૭૮.૨૬	૩૪૮.૨૪	૧૨૦૭૮.૨૬	૩૪૮.૨૪
			મહેસૂલી આવક	૩૨૦૭૬.૬૬	૩૮૬૬૬.૮૦	૪૨૩૬૯.૭૭	૪૮૩૦૬ ૭૦	૩૭૫૮૬.૩૬	૫૦૭૫૩.૦૩	૪૬૨૨૮.૪૦	૫૦૬૭૮.૦૩	૫૧૬૫૮.૪૦	૫૦૬૭૮.૦૩	૫૧૬૫૮.૪૦
			મૂડી આવક	૨૭૨૭૦.૩૩	૨૩૭૬૪.૦૪	૪૦૫૦૭.૬૧	૧૧૧૨૦૬.૨૮	૪૦૬૭૦.૦૧	૪૮૬૧૦.૬૩	૧૪૨૩૨૬.૬૨	૪૮૬૧૦.૬૩	૧૪૩૪૨૬.૬૨	૪૮૬૧૦.૬૩	૧૪૩૪૨૬.૬૨
			લોન આવક	0.00	0.00	0.00	0.00	0.00	0.00	૨૫૦૦.૦૦	0.00	૨૫૦૦.૦૦	0.00	૨૫૦૦.૦૦
			કુલ આવક	૫૬૩૫૦.૩૨	૬૨૭૬૩.૮૪	૮૨૮૭૭.૩૮	૧૫૬૫૧૨.૬૮	૭૮૫૫૬.૩૭	૬૬૩૬૩.૬૬	૧૬૪૦૫૮.૦૨	૬૬૫૮૮.૬૬	૧૬૭૫૮૮.૦૨	૬૬૫૮૮.૬૬	૧૬૭૫૮૮.૦૨
			સિલક સહ આવક	૭૩૦૨૬.૦૧	૮૧૮૬૫.૦૮	૬૬૭૪૨.૦૪	૧૬૭૭૩૧.૫૧	૯૦૬૩૭.૬૩	૧૧૧૪૪૨.૨૨	૧૬૪૩૬૮.૬૬	૧૧૧૬૬૭.૨૨	૧૬૭૬૩૬.૨૬	૧૧૧૬૬૭.૨૨	૧૬૭૬૩૬.૨૬
			મહેસૂલી ખર્ચ	૩૧૦૫૬.૮૩	૩૬૧૪૬.૧૩	૩૬૬૧૪.૬૬	૪૬૬૬૭.૮૫	૨૬૨૪૬.૧૨	૪૭૭૬૪.૬૪	૫૧૧૬૦.૬૬	૪૭૬૮૪.૬૪	૫૧૭૬૬.૮૬	૪૭૬૮૪.૬૪	૫૧૭૬૬.૮૬
			મૂડી ખર્ચ	૨૨૮૭૦.૬૪	૩૧૮૫૧.૨૬	૪૭૭૪૬.૦૬	૧૨૦૬૦૪.૬૮	૩૬૬૮૫.૦૧	૬૩૩૩૬.૩૩	૧૪૬૨૩૬.૩૮	૬૩૩૩૪.૩૩	૧૪૭૨૪૬.૩૮	૬૩૩૩૪.૩૩	૧૪૭૨૪૬.૩૮
			કુલ ખર્ચ	૫૩૬૨૭.૭૭	૬૮૦૦૦.૪૨	૮૪૬૬૩.૭૮	૧૬૭૫૭૨.૫૩	૬૮૬૩૪.૧૩	૧૧૧૧૦૧.૨૭	૧૬૭૩૬૭.૦૭	૧૧૧૩૧૮.૬૭	૧૬૬૦૪૩.૨૭	૧૧૧૩૧૮.૬૭	૧૬૬૦૪૩.૨૭
			સિલક બાકી	૧૬૧૦૧.૨૪	૧૩૮૬૪.૬૬	૧૨૦૭૮.૨૬	૧૫૮.૬૮	૨૧૭૦૩.૫૦	૩૪૦.૬૪	-૨૬૬૮.૧૧	૩૪૮.૨૪	-૧૧૦૭.૦૧	૩૪૮.૨૪	-૧૧૦૭.૦૧
			સૂચિત કરવેરા આવક	0.00	0.00	0.00	0.00	0.00	0.00	૩૨૬૦.૦૦	0.00	૧૩૩૫.૦૦	0.00	૧૩૩૫.૦૦
			સુધારેલ સિલક	૧૬૧૦૧.૨૪	૧૩૮૬૪.૬૬	૧૨૦૭૮.૨૬	૧૫૮.૬૮	૨૧૭૦૩.૫૦	૩૪૦.૬૪	૨૬૧.૮૬	૩૪૮.૨૪	૨૨૭.૬૬	૩૪૮.૨૪	૨૨૭.૬૬
		ભાગ–૧બી												
			પુરાંત બાકી	૬૫૬૧.૫૬	૧૪૬૬૧.૨૩	૧૭૪૬૦.૮૬	૧૭૨૬૨.૮૬	૧૬૨૦૪.૬૦	૧૬૨૦૪.૬૦	૧૬૭૧૬.૬૦	૧૬૨૦૪.૬૦	૧૬૭૧૬.૬૦	૧૬૨૦૪.૬૦	૧૬૭૧૬.૬૦
			અનામત આવક	૬૬૩૬.૬૨	૪૭૦૫.૮૬	૭૦૧૩.૫૬	૮૦૮૨.૦૦	૧૭૩૩.૬૬	૩૮૫૦.૦૦	૪૪૦૦.૦૦	૩૮૫૦.૦૦	૪૪૦૦.૦૦	૩૮૫૦.૦૦	૪૪૦૦.૦૦
			અનામત જાવક	૧૫૧૦.૨૫	૧૬૦૬.૨૩	૫૨૬૬.૮૫	૭૭૩૦.૦૦	૧૪૭૭.૭૮	૩૩૩૫.૦૦	૪૪૪૦.૦૦	૩૩૩૫.૦૦	૪૪૪૦.૦૦	૩૩૩૫.૦૦	૪૪૪૦.૦૦
			સિલક	૧૪૬૬૧.૨૩	૧૭૪૬૦.૮૬	૧૬૨૦૪.૬૦	૧૭૬૪૪.૮૬	૧૬૪૬૦.૫૧	૧૬૭૧૬.૬૦	૧૬૬૭૬.૬૦	૧૬૭૧૬.૬૦	૧૬૬૭૬.૬૦	૧૬૭૧૬.૬૦	૧૬૬૭૬.૬૦

રાજકોટ મહાનગરપાલિકા – અંદાજપત્ર વર્ષઃ ૨૦૧૬–૨૦૧૭

ભાગ–૧અ મહેસૂલી આવક

(રકમ ₹ લાખમાં)

				ખરેખર			મૂળ અંદાજ	ખરેખર	કમિશનરશ્રી એ સુચવેલ		સ્થા. સમિતિ એ મંજુર કરેલ		સામા. સભાએ મંજુર કરેલ	
બજેટ સંજ્ઞા	બજેટ સદર	હિસાબી સંજ્ઞા	હિસાબી સદર	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૩૦/૧૧/૧૫	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
	કર અને દર વેરા વસૂલાત શાખા													
૧૦૦૧	મકાન તથા જમીન ઉપરનો ટેક્ષ (જનરલ ટેક્ષ)	૧૦૨૦૧	મકાન વેરો	૫૮૫૪.૦૬	૬૧૭૭.૮૨	૬૨૭૮.૧૨	૭૨૭૧.૦૦	૪૫૧૨.૪૬	૭૩૦૫.૨૧	૭૪૮૭.૮૪	૭૩૦૫.૨૧	૭૯૫૨.૦૯	૭૩૦૫.૨૧	૭૯૫૨.૦૯
		૧૦૨૦૨	સરકારી મકાન સર્વિસ ચાર્જ	૪૯.૦૭	૬૨.૯૧	૫૧.૭૭	૪૧.૦૦	૧૨.૦૮	૧૯.૫૬	૨૦.૦૫	૧૯.૫૬	૨૧.૨૯	૧૯.૫૬	૨૧.૨૯
		૧૦૯૦૦	સફાઈ કર	૨૩૭૭.૩૨	૨૫૪૯.૯૯	૨૬૦૪.૬૯	૨૯૯૩.૦૦	૧૮૬૩.૯૦	૩૦૧૭.૪૬	૩૦૯૨.૯૦	૩૦૧૭.૪૬	૩૨૮૪.૬૬	૩૦૧૭.૪૬	૩૨૮૪.૬૬
		૧૦૫૦૦	થિયેટર ટેક્ષ	૮.૫૫	૮.૦૪	૯.૯૨	૧૩.૦૦	૪.૯૯	૮.૦૮	૮.૨૮	૮.૦૮	૮.૧૭	૮.૦૮	૮.૧૭
		૧૦૪૦૦	ફાયર ટેક્ષ	૨૮૯.૬૯	૩૧૭.૬૬	૩૨૫.૮૧	૩૪૪.૦૦	૨૨૨.૮૩	૩૬૦.૭૪	૩૬૯.૭૬	૩૬૦.૭૪	૩૯૨.૬૯	૩૬૦.૭૪	૩૯૨.૬૯
		૧૦૬૦૦	વાહન વેરો	૧૨.૭૪	૧૬.૬૪	૮.૫૫	૧૨.૦૦	૧૦.૫૫	૧૭.૦૮	૧૭.૫૧	૧૭.૦૮	૧૮.૬૦	૧૭.૦૮	૧૮.૬૦
		૧૦૩૦૧	પાણીનો દર/કર	૧૭૬૦.૧૫	૧૯૨૮.૯૦	૧૭૬૯.૩૯	૨૩૯૩.૦૦	૧૪૪૧.૪૩	૨૩૩૩.૫૩	૨૩૯૧.૮૬	૨૩૩૩.૫૩	૨૫૪૦.૧૬	૨૩૩૩.૫૩	૨૫૪૦.૧૬
		૧૦૩૦૩	ડ્રેનેજ ચાર્જ	૧૪૬૯.૪૧	૧૫૪૩.૦૩	૧૫૨૯.૯૧	૧૮૯૦.૦૦	૧૧૨૮.૬૧	૧૮૨૭.૧૦	૧૮૭૨.૭૮	૧૮૨૭.૧૦	૧૯૮૮.૮૯	૧૮૨૭.૧૦	૧૯૮૮.૮૯
		૧૦૩૦૪	સ્ટ્રીટલાઈટ ટેકસ	૨૩૦.૮૫	૨૩૯.૭૪	૨૪૬.૧૬	૨૯૪.૦૦	૧૭૯.૦૮	૨૮૯.૯૧	૨૯૭.૧૬	૨૮૯.૯૧	૩૧૫.૫૮	૨૮૯.૯૧	૩૧૫.૫૮
૧૦૦૧	બિલની મોડી વસૂલાતનું વ્યાજ આ[illegible] (ટેકસ)	૨૩૧૦૨	બિલની મોડી વસૂલાત વ્યાજ આવક	૬૯૪.૩૧	૭૦૦.૦૪	૭૮૮.૪૯	૫૫૭.૦૦	૩૪૨.૩૭	૫૫૪.૨૬	૫૬૮.૧૨	૫૫૪.૨૬	૬૦૩.૩૪	૫૫૪.૨૬	૬૦૩.૩૪
૧૦૦૧	નોટિસ–વોરંટ ફી(વેરા	૧૩૪૦૯	નોટિસ ફી	૧૯.૭૭	૨૫.૬૪	૨૬.૪૮	૧૦.૦૦	૭.૬૭	૧૨.૪૨	૧૨.૭૩	૧૨.૪૨	૧૩.૫૨	૧૨.૪૨	૧૩.૫૨
			ટેકસ કુલઃ	૧૨૭૬૫.૯૨	૧૩૫૭૦.૪૧	૧૩૬૩૯.૨૯	૧૫૮૧૮.૦૦	૯૭૨૫.૯૭	૧૫૭૪૫.૩૫	૧૬૧૩૮.૯૯	૧૫૭૪૫.૩૫	૧૭૧૩૮.૯૯	૧૫૭૪૫.૩૫	૧૭૧૩૮.૯૯
	અન્ય વેરા													
૧૦૦૨	વ્યવસાય વેરો	૧૦૭૦૦	વ્યવસાય વેરો	૧૨૩૭.૪૮	૧૮૭૧.૨૨	૧૩૩૨.૫૭	૩૦૦૦.૦૦	૯૪૭.૪૫	૧૭૦૦.૦૦	૧૮૦૦.૦૦	૧૯૦૦.૦૦	૨૭૦૦.૦૦	૧૯૦૦.૦૦	૨૭૦૦.૦૦
૧૦૦૨	કેબલ ટી.વી. કર	૧૦૭૦૧	કેબલ ટી.વી. કર	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૨.૦૦	૧૩૯.૫૨	૧૬૨.૦૦	૧૨૦.૦૦	૧૬૨.૦૦	૧૨૦.૦૦	૧૬૨.૦૦	૧૨૦.૦૦
			વ્યવસાય વેરા કુલ	૧૨૩૭.૪૮	૧૮૭૧.૨૨	૧૩૩૨.૫૭	૩૦૦૨.૦૦	૧૦૮૬.૯૭	૧૮૬૨.૦૦	૧૯૨૦.૦૦	૨૦૬૨.૦૦	૨૮૨૦.૦૦	૨૦૬૨.૦૦	૨૮૨૦.૦૦
	ખાસ કાયદા તથા નિયમોની રુએ ઉપજ ચુંટણી શાખા													
૦૪૦૧	યુ.આઈ.ડી. ફી	૧૩૩૦૩	યુ.આઈ.ડી. ફી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૫.૦૦	૦.૦૦	૫.૦૦	૦.૦૦	૫.૦૦
	શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ શાખા													
૦૮૦૧	શોપ રજિસ્ટ્રેશન ફી	૧૩૩૦૩	શોપ રજિસ્ટ્રેશન ફી	૨.૪૮	૩.૦૦	૩.૫૪	૩.૦૦	૧.૭૪	૨.૭૫	૩.૦૦	૨.૭૫	૩.૦૦	૨.૭૫	૩.૦૦
	આરોગ્ય શાખા													
૧૭૦૧	હોટલ લાઈસન્સ ફી	૧૩૩૦૫	લાઈસન્સ ફી	૦.૦૦	૦.૦૦	૦.૦૭	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૭૦૪	લાઈસન્સ ફી (ખોરાક ભેળસેળ)	૧૩૩૦૫	ફી, રજી ફી, પેનલ્ટી, રીન્યુ	૨૨.૦૭	૨૭.૭૩	૨૮.૩૪	૧૫.૦૦	૧૮.૮૬	૨૦.૦૦	૨૦.૦૦	૨૦.૦૦	૨૦.૦૦	૨૦.૦૦	૨૦.૦૦
૧૭૦૧	જન્મ–મરણ ફી	૧૩૪૦૩	જન્મ–મરણ ફી	૭.૭૫	૪.૭૯	૫.૦૮	૫.૨૫	૫.૬૩	૭.૦૦	૭.૦૦	૭.૦૦	૭.૦૦	૭.૦૦	૭.૦૦
૧૭૦૧	લગ્ન નોંધણી	૧૩૪૨૧	લગ્ન નોંધણી	૨.૨૫	૨.૭૦	૨.૪૩	૩.૧૦	૧.૮૩	૨.૨૫	૨.૫૦	૨.૨૫	૨.૫૦	૨.૨૫	૨.૫૦
૧૭૦૧	નર્સિંગ હોમ રજિ. ફી	૧૩૪૨૨	નર્સિંગ હોમ રજિ. ફી	૦.૯૯	૧.૬૭	૦.૧૮	૦.૨૫	૭.૬૪	૮.૦૦	૧.૦૦	૮.૦૦	૧.૦૦	૮.૦૦	૧.૦૦

રાજકોટ મહાનગરપાલિકા – અંદાજપત્ર વર્ષ: ૨૦૧૬–૨૦૧૭

ભાગ–૧અ મહેસૂલી આવક

(રકમ ₹ લાખમાં)

				ખરેખર			મૂળ અંદાજ	ખરેખર	કમિશનરશ્રી એ સુચવેલ		સ્થા. સમિતિ એ મંજુર કરેલ		સામા. સભાએ મંજુર કરેલ	
બજેટ સંજ્ઞા	બજેટ સદર	હિસાબી સંજ્ઞા	હિસાબી સદર	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૩૦/૧૧/૧૫	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
	સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ													
૧૭૦૨	સફાઈ અંગેનો વહીવટી ચાર્જ (સો.વે.)	૧૩૩૦૯	સફાઈ અંગેનો વહીવટી ચાર્જ	૧૪.૯૭	૧૭.૦૯	૪૫.૩૦	૫૦.૦૦	૪૦.૨૧	૫૦.૦૦	૬૦.૦૦	૫૦.૦૦	૧૧૦.૦૦	૫૦.૦૦	૧૧૦.૦૦
૧૭૦૪	મુખ્યમંત્રી સ્વચ્છતા નિધિ	૧૩૩૦૯	મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન	૦.૦૦	૦.૦૦	૦.૪૯	૦.૦૦	૦.૦૨	૪૫.૦૦	૨૫.૦૦	૪૫.૦૦	૨૫.૦૦	૪૫.૦૦	૨૫.૦૦
૧૭૦૨	મોબાઈલ ટોઈલેટ ભાડુ	૧૩૩૧૦	મોબાઈલ ટોઈલેટ ભાડુ	૧.૮૧	૨.૩૮	૧.૦૭	૧.૦૦	૨.૦૩	૨.૫૦	૩.૦૦	૨.૫૦	૩.૦૦	૨.૫૦	૩.૦૦
૧૭૦૩	લાઈસન્સ ફી (પ્રતિબંધક કાયદા ભયકારક તથા હાનિકારક ધંધા તથા કારખાના ફી)	૧૩૩૦૫	લાઈસન્સ ફી(પ્રતિબંધક કાયદા ભયકારક તથા હાનિકારક ધંધા,કારખાના ફી)	૦.૯૪	૦.૪૦	૦.૭૨	૧.૦૦	૦.૫૨	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦
૧૭૦૫	મચ્છર ઉત્પતિ સબબ વહિવટી ચાર્જ	૧૩૩૦૯	મચ્છર ઉત્પતિ સબબ વહિવટી ચાર્જ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧૭.૦૫	૧૮.૦૦	૨૦.૦૦	૧૮.૦૦	૨૦.૦૦	૧૮.૦૦	૨૦.૦૦
૧૭૦૨	ગંદા પાણીનો દર (સેલેજ)	૧૦૮૦૦	ગંદા પાણીનો દર (સેલેજ)	૫.૩૪	૫.૬૫	૬.૦૦	૫.૦૦	૩.૨૫	૫.૦૦	૫.૦૦	૫.૦૦	૫.૦૦	૫.૦૦	૫.૦૦
	સાંસ્કૃતિક વિકાસ વિભાગ													
૧૯૦૧	ઈન્ડોર સ્ટેડિયમ ભાડુ	૧૩૧૦૯	સ્ટેડિયમ ભાડુ	૪.૯૧	૩.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૯૦૧	ઈન્ડોર સ્ટે. મેમ્બરશિપ ફી	૧૩૧૧૧	ઈન્ડોર સ્ટે. મેમ્બરશિપ ફી	૩.૩૮	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૧૯૦૧	માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ભાડા આવક	૧૩૧૧૨	માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ભાડા આવક	૦.૦૦	૧.૮૦	૮.૯૦	૬.૦૦	૪.૬૪	૫.૦૦	૮.૦૦	૫.૦૦	૮.૦૦	૫.૦૦	૮.૦૦
૧૯૦૧	એથ્લેટિક ગ્રાઉન્ડ ભાડું	૧૩૧૧૬	એથ્લેટિક ગ્રાઉન્ડ ભાડું	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૫૦	૫.૦૦	૦.૫૦	૫.૦૦	૦.૫૦	૫.૦૦
૧૯૦૧	ટેનિ કોર્ટ ફી	૧૩૪૧૭	ટેનિસ કોર્ટ ફી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૬.૧૩	૭.૦૦	૮.૦૦	૭.૦૦	૮.૦૦	૭.૦૦	૮.૦૦
૧૯૦૨	મેરેથોન ટ્રેક ફી	૧૩૪૧૭	મેરેથોન ટ્રેક ફી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૨૯	૦.૫૦	૧.૦૦	૦.૫૦	૧.૦૦	૦.૫૦	૧.૦૦
૧૯૦૧	મેરેથોન ફી	૧૩૪૦૩	હાફ મેરેથોન ફી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૪૨.૦૦	૫૫.૦૦	૪૨.૦૦	૫૫.૦૦	૪૨.૦૦	૫૫.૦૦
૧૯૦૨	મેરેથોન સ્પોન્સરશીપ આવક	૧૩૪૦૩	સ્પોન્સરશીપ આવક	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૭૫.૦૦	૨૦૦.૦૦	૭૫.૦૦	૨૦૦.૦૦	૭૫.૦૦	૨૦૦.૦૦
૧૯૦૨	સ્કેટીંગ ગ્રાઉન્ડ ભાડું/સભ્ય ફી	૧૩૧૧૧	સ્કેટીંગ ગ્રાઉન્ડ ભાડું/સભ્ય ફી	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧.૦૦	૦.૦૦	૧.૦૦	૦.૦૦	૧.૦૦
	એ.એન.સી.ડી.													
૧૭૧૧	એનિમલ હોસ્ટેલ ફી /રજીસ્ટ્રેશન	૧૩૩૦૫	એનિમલ હોસ્ટેલ ફી /રજીસ્ટ્રેશન	૦.૦૦	૦.૦૦	૧.૮૧	૦.૦૦	૬.૨૪	૭.૫૦	૩.૬૫	૭.૫૦	૩.૬૫	૭.૫૦	૩.૬૫
૧૭૧૧	ઢોર ડબ્બા દંડ	૧૩૩૦૬	ઢોર ડબ્બા દંડ	૨.૪૦	૯.૦૪	૧૬.૯૦	૧૨.૦૦	૧૨.૬૦	૧૪.૬૦	૬.૦૦	૧૪.૬૦	૬.૦૦	૧૪.૬૦	૬.૦૦
૧૭૧૧	ઢોરની ખોરાકી/સંચાલન ખર્ચ વસુલાત	૧૩૩૦૭	ઢોરની ખોરાકી/સંચાલન	૨.૨૭	૩.૮૪	૧૫.૨૪	૧૦.૦૦	૧૮.૮૯	૨૧.૮૦	૯.૦૦	૨૧.૮૦	૯.૦૦	૨૧.૮૦	૯.૦૦

રાજકોટ મહાનગરપાલિકા – અંદાજપત્ર વર્ષ: ૨૦૧૬–૨૦૧૭

ભાગ–૧અ મહેસૂલી આવક

(રકમ ₹ લાખમાં)

બજેટ સંજ્ઞા	બજેટ સદર	હિસાબી સંજ્ઞા	હિસાબી સદર	ખરેખર			મૂળ અંદાજ	ખરેખર	કમિશનરશ્રી એ સુચવેલ		સ્થા. સમિતિ એ મંજુર કરેલ		સામા. સભાએ મંજુર કરેલ	
				૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૩૦/૧૧/૧૫	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
	ટાઉન પ્લાનિંગ શાખા													
૩૧૦૦	ઈમ્પેકટ ફી	૮૦૩૦૮	ઈમ્પેકટ ફી	૫૧૯.૮૩	૧૦૮૭.૬૭	૧૫૭૯.૨૨	૧૦.૦૦	૪૦૫.૬૫	૪૧૦.૦૦	૦.૦૦	૪૧૦.૦૦	૦.૦૦	૪૧૦.૦૦	૦.૦૦
૩૧૦૧	એફ.એસ.આઈ	૬૦૧૦૦	એફ.એસ.આઈ	૦.૦૦	૪૧૮૫.૨૬	૫૫૬૧.૩૫	૫૦૦૦.૦૦	૩૩૫૫.૪૫	૪૫૦૦.૦૦	૫૫૦૦.૦૦	૪૫૦૦.૦૦	૫૭૦૦.૦૦	૪૫૦૦.૦૦	૫૭૦૦.૦૦
૨૪૦૧	પરવાનગી ફી (ટી.પી.)	૧૩૪૧૦	પરવાનગી ફી	૨૬૧.૨૪	૮૧.૧૪	૧.૮૪	૧.૦૦	૦.૫૫	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦	૧.૦૦
૨૪૦૧	પરચૂરણ આવક (ટી.પી.)	૧૩૪૧૭	પરચૂરણ ઉપજ	૧૫૭.૨૪	૧૭૬.૬૭	૩૫૫.૧૪	૩૦૦.૦૦	૨૦૨.૨૦	૩૦૦.૦૦	૩૦૦.૦૦	૩૦૦.૦૦	૩૦૦.૦૦	૩૦૦.૦૦	૩૦૦.૦૦
૨૪૦૧	મોબાઈલ ટાવર ફી	૧૩૪૧૬	મોબાઈલ ટાવર ફી	૦.૦૦	૧૩.૯૭	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૨૫.૦૦	૫૦.૦૦	૨૫.૦૦	૫૦.૦૦
૨૪૦૧	લીઝ ભાડું	૧૩૧૩૧	લીઝ ભાડું	૦.૦૦	૦.૮૮	૦.૫૯	૬.૪૦	૫.૩૬	૬.૪૦	૬.૪૦	૬.૪૦	૬.૪૦	૬.૪૦	૬.૪૦
૨૪૦૧	ખાલી પ્લોટ પરનો ટેકસ	૧૦૩૦૫	ખાલી પ્લોટ પરનો ટેકસ	૯૦.૨૩	૧૫૦.૫૧	૧૮૬.૮૨	૧૬૦.૦૦	૧૨૭.૦૫	૧૬૦.૦૦	૧૬૦.૦૦	૧૬૦.૦૦	૧૬૦.૦૦	૧૬૦.૦૦	૧૬૦.૦૦
			ખાસ કાયદા નિયમો કુલ	૧૧૦૦.૧૦	૫૭૭૯.૧૯	૭૮૨૪.૦૩	૫૫૮૯.૦૦	૪૨૪૪.૧૩	૫૭૧૨.૮૦	૬૪૧૬.૫૫	૫૭૩૭.૮૦	૬૭૧૬.૫૫	૫૭૩૭.૮૦	૬૭૧૬.૫૫
	કર અને દર સિવાયની મ્યુનિ. ઉપજ													
	એસ્ટાબ્લિશમેન્ટ તથા એ.ડી.એમ શાખા													
૧૨૦૧	માહિતી અધિકાર પત્રની ફી	૧૩૪૧૧	માહિતી અધિકાર પત્રની ફી	૧.૩૨	૦.૮૮	૧.૨૨	૧.૩૫	૧.૪૮	૨.૦૦	૨.૨૫	૨.૦૦	૨.૨૫	૨.૦૦	૨.૨૫
	શ્રીમતી પ્રભાદેવી જયપ્રકાશ નારાયણ પુસ્તકાલય													
૨૦૦૭	લાયબ્રેરી ફી	૧૩૪૦૩	લાયબ્રેરી ફી	૨.૯૧	૨.૭૯	૧૪.૬૧	૫.૬૦	૯.૨૦	૧૨.૨૬	૧૩.૦૦	૧૨.૨૬	૧૩.૦૦	૧૨.૨૬	૧૩.૦૦
	જગ્યારોકાણ /માર્કેટ શાખા													
૨૧૦૧	નોટિસ–વોરંટ ફી (માર્કેટ)	૧૩૪૦૯	નોટિસ ફી	૦.૦૨	૦.૦૧	૦.૦૪	૦.૫૦	૦.૪૭	૦.૫૦	૦.૫૦	૦.૫૦	૦.૫૦	૦.૫૦	૦.૫૦
૨૧૦૧	જમીન ભાડુ (માર્કેટ)	૧૩૧૦૧	જમીન ભાડુ	૧૭.૫૦	૪.૨૮	૨.૦૨	૨.૦૦	૬.૭૪	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦	૧૦.૦૦
૨૧૦૧	ઈમારત ભાડુ (માર્કેટ)	૧૩૧૦૮	માર્કેટ ભાડુ	૭.૩૯	૫.૪૬	૪.૩૮	૧૫.૦૦	૨૦.૦૪	૩૦.૦૦	૩૫.૦૦	૩૦.૦૦	૩૫.૦૦	૩૦.૦૦	૩૫.૦૦
૨૩૦૧	કોમ્યુનિટી હોલ ભાડુ	૧૩૧૦૫	કોમ્યુનિટી હોલ ભાડુ	૧૪.૩૯	૨૦.૭૮	૧૯.૭૭	૨૦.૦૦	૩૨.૦૮	૩૫.૦૦	૩૫.૦૦	૩૫.૦૦	૩૫.૦૦	૩૫.૦૦	૩૫.૦૦
૨૩૦૧	ઓડીટોરીયમ ભાડુ	૧૩૧૧૦	પેડક રોડ ઓડીટોરીયમ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૬.૬૫	૭.૦૦	૭.૦૦	૭.૦૦	૭.૦૦	૭.૦૦	૭.૦૦
૨૩૦૧	પે એન્ડ પાર્ક	૧૩૧૧૫	પાર્કિંગ ચાર્જ	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૧.૩૭	૨.૬૧	૩.૦૦	૨.૬૧	૩.૦૦	૨.૬૧	૩.૦૦
૨૩૦૧	ઈમારત ભાડુ (એસ્ટેટ)	૧૩૧૦૬	શોપિંગ સેન્ટર ભાડુ	૨૪.૮૩	૧૯.૦૮	૨૬.૨૨	૨૦.૦૦	૧૯.૧૦	૨૫.૦૦	૨૭.૦૦	૨૫.૦૦	૨૭.૦૦	૨૫.૦૦	૨૭.૦૦
૨૩૦૧	જમીન ભાડુ (હોર્ડિંગ બોર્ડ ભાડા સહીત – એસ્ટેટ)	૧૩૧૦૨	જમીન ભાડુ	૫.૯૧	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૨૩૦૧	હોર્ડિંગ બોર્ડ ભાડુ	૧૩૪૧૫	હોર્ડિંગ બોર્ડ ભાડુ	૨૩૭.૭૨	૨૪૬.૮૨	૩૦૧.૮૫	૫૦૦.૦૦	૨૪૧.૭૬	૫૦૦.૦૦	૫૦૦.૦૦	૫૦૦.૦૦	૭૦૦.૦૦	૫૦૦.૦૦	૭૦૦.૦૦
૨૩૦૧	જમીન ભાડુ /ગ્રાઉન્ડ ભાડૂં	૧૩૪૧૯	જમીન ભાડુ /ગ્રાઉન્ડ ભાડૂં	૨.૩૩	૫૯.૯૩	૭૦.૬૨	૯૦.૦૦	૬૯.૮૬	૯૫.૦૦	૯૫.૦૦	૯૫.૦૦	૧૨૫.૦૦	૯૫.૦૦	૧૨૫.૦૦

રાજકોટ મહાનગરપાલિકા – અંદાજપત્ર વર્ષઃ ૨૦૧૬-૨૦૧૭

ભાગ–૧અ મહેસૂલી આવક

(રકમ ₹ લાખમાં)

				ખરેખર			મૂળ અંદાજ	ખરેખર	કમિશનરશ્રી એ સુચવેલ		સ્થા. સમિતિ એ મંજુર કરેલ		સામા. સભાએ મંજુર કરેલ	
બજેટ સંજ્ઞા	બજેટ સદર	હિસાબી સંજ્ઞા	હિસાબી સદર	૨૦૧૨-૧૩	૨૦૧૩-૧૪	૨૦૧૪-૧૫	૨૦૧૫-૧૬	૩૦/૧૧/૧૫	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭	સુધારેલ અંદાજ ૨૦૧૫-૧૬	અંદાજ ૨૦૧૬-૧૭
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૨૩૦૧	મરચા પીઠ/પાથરણા ભાડુ	૧૩૪૨૬	મરચા પીઠ/પાથરણા ભાડુ	૫.૮૦	૭.૧૭	૩.૪૫	૫.૦૦	૦.૭૧	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૨૩૦૧	મંડપ, કમાન, છાજલી ભાડુ	૧૩૪૨૭	મંડપ, કમાન, છાજલી ભાડુ	૨૦.૨૮	૨૩.૫૦	૪૫.૮૯	૩૫.૦૦	૩૬.૨૦	૫૦.૦૦	૫૫.૦૦	૫૦.૦૦	૫૫.૦૦	૫૦.૦૦	૫૫.૦૦
૨૩૦૧	ફનવર્લ્ડ ભાડુ	૧૩૧૦૪	ફનવર્લ્ડ ભાડુ	૪.૮૪	૧૪.૫૦	૩૪.૮૯	૧૪.૫૦	૦.૦૦	૧૫.૦૦	૧૫.૦૦	૧૫.૦૦	૧૫.૦૦	૧૫.૦૦	૧૫.૦૦
૨૩૦૧	વહીવટી ચાર્જ (એસ્ટેટ)	૧૩૩૦૯	વહીવટી ચાર્જ	૬૨.૯૮	૫૩.૦૫	૫૮.૨૧	૫૦.૦૦	૫૯.૮૧	૬૫.૦૦	૭૦.૦૦	૬૫.૦૦	૭૦.૦૦	૬૫.૦૦	૭૦.૦૦
૨૩૦૧	હોકર્સ ઝોનની વસૂલાત	૧૩૩૧૦	હોકર્સ ઝોનની વસૂલાત	૫૪.૬૦	૫૦.૬૮	૭૫.૭૫	૭૫.૦૦	૧૪૯.૦૪	૧૭૫.૦૦	૧૮૦.૦૦	૧૭૫.૦૦	૧૮૦.૦૦	૧૭૫.૦૦	૧૮૦.૦૦
૨૩૦૧	અઠવાડિક બજાર	૧૩૩૧૧	અઠવાડિક બજાર	૦.૦૦	૫.૦૦	૨૦.૩૪	૫.૦૦	૯.૨૨	૧૨.૫૦	૧૩.૦૦	૧૨.૫૦	૧૩.૦૦	૧૨.૫૦	૧૩.૦૦
૨૩૦૧	૪ જી લાઈસન્સ ફી/ ટ્રાન્ચ લીઝ	૧૩૪૧૮	૪ જી લાઈસન્સ ફી/ ટ્રાન્ચ લીઝ	૦.૦૦	૨૧.૫૮	૬.૮૧	૭.૦૦	૭.૬૮	૮.૦૦	૮.૦૦	૮.૦૦	૮.૦૦	૮.૦૦	૮.૦૦
	ટ્રાન્સપોર્ટ વિભાગ													
૩૩૦૦	સિટી બસ આવક (ટિકીટભાડુ)	૧૩૪૦૦	ટિકીટભાડુ	૩૫.૫૧	૧૬૫.૪૭	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૩૩૦૦	કન્સેશન પાસ	૧૩૪૦૧	કન્સેશન પાસ	૦.૦૦	૦.૦૦	૧.૫૦	૮.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૩૩૦૦	બસ પર જાહેરાત અંદર–બહાર	૧૩૪૧૫	બસ પર જાહેરાત અંદર–બહાર	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૫૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૨૩૦૨	બસ સ્ટોપ જાહેરાત આવક	૧૩૧૦૨	જાહેરાત આવક	૩૫.૫૧	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
૩૩૦૦	સિટી બસ આવક	૧૩૧૩૩	સિટી બસ આવક	૦.૦૦	૦.૦૦	૫૧૭.૨૨	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	જાહેર બગીચા બાલ ક્રીડાંગણ શાખા													
૨૫૦૧	બગીચા ઉપજ	૧૩૪૦૫	બગીચા ઉપજ	૩.૬૩	૫.૧૩	૧૦.૧૬	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૦૦
